ભીષ્મ પ્રતિજ્ઞા

યાને

પ્રતિજ્ઞાનું પાલન

ભાગ ૧ લો




સંપાદક :

મુનિશ્રી કનકવિજયજી

જૈન શ્વેતાંબર શિરોમણિ શાસન સમ્રાટ સુરિચક્રવર્તિ શ્રી કદમ્બગિરિ
પ્રમુખાનેક તિર્થોદ્ધારક

શ્રી વિજય નેમિ સુરીશ્વરજી



આ બ્લોક એક ગૃહસ્થ તરફથી—

તેમના પ્રશિષ્ય શિષ્ય પૂજ્યપાદ ગુરૂ મહારાજ પંન્યાસજીશ્રી સોમવિજયજી
ગણિના શિષ્ય મુનિ કનકવિજયની વંદના અવધારશોજી

અમો છીએ તમારા ઋણી તે ઋણ થોડે ઘણે અંશે પણ અદા
કરવાને આ પુસ્તક તમારા ચરણકમળમાં અર્પણ કરીએ છીએ.

લી. **કનકવિજય તથા દક્ષપ્રભાવિજય**

મુનિશ્રી કનકવિજયજી સ્થાપિત જૈન સસ્તુ સાહિત્ય
નિતિવર્ધક પુસ્તક ૧ લું

સંચાલક મુનિમહારાજશ્રી કનકવિજયજી

ભીષ્મ પ્રતિજ્ઞા

યાને

પ્રતિજ્ઞાનું પાલન

જૈન ઐતિહાસિક નવલકથા

લેખક

મણિલાલ ન્યાલચંદ શાહ.

અમદાવાદ

સંવત ૨૦૦૦ — વીર સં. ૨૪૭૦

આવૃત્તિ પહેલી — પ્રત-૧૦૦૦

પ્રકાશક

જૈન સસ્તુ સાહિત્ય

કિંમત ૦-૮-૦

મુદ્રક : મણિલાલ કલ્યાણદાસ પટેલ, ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ,
પાંચકુવા દરવાજા બહાર—અમદાવાદ.

આભાર

અમારી સંસ્થા તરફથી બહાર પડેલું પહેલું પુસ્તક 'ભીષ્મ પ્રતિજ્ઞા' નામનું તે પુસ્તક પ્રગટ કરવામાં શેઠ નેમચંદ કચરાભાઇના ફંડમાંથી લગભગ ચારસો જેવી રકમ આપીને જૈનસાહિત્યની જે અમૂલ્ય સેવા બજાવી છે તે બદલ શેઠ નેમચંદ કચરાભાઈના ટ્રસ્ટીઓ શેઠ જેસંગભાઇ કાલીદાસ વ્હોરા, તથા શા. બલાખીદાસ લાલચંદ તેમજ ચંપાબેન અને બબાભાઇનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ !!!

અમે આશા રાખીએ છીએ શ્રીમંત ધર્મપ્રેમીઓ તેમના પગલે ચાલીને અમારા સાહિત્યને ઉત્તેજન આપે એ જ વિનંતિ !!!

પ્રકાશક
જૈન સસ્તુ સાહિત્ય
અમદાવાદ

નિવેદન

આજના પ્રચંડ જડવાદના પ્રવાહમાં ઘસડાઇ રહેલા સમાજને ધર્મ તરફ આકર્ષવાની ખૂબ જરૂર છે. અમારાં બાળકો, યુવાનો અને યુવતીઓને વિષયો તરફ ખેંચનારૂં સાહિત્ય તો ઘણુંય ખડકાઈ રહ્યું છે. એક તો વિષયો તરફનો જીવનો અનાદિકાલનો અભ્યાસ અને એમાં પ્રેરનારૂં આજનું સાહિત્ય—(નવલકથા) આનું પરિણામ જીવનની બરબાદી સિવાય બીજું શું હોઈ શકે?

એ શૃંગારિક અને બિભત્સ નવલિકાઓને બદલે જીવનને ઉચ્ચ ધ્યેય તરફ લઇ જાય, ધર્મ માર્ગ તરફ આકર્ષણ કરી નિતિ અને ન્યાયના માર્ગે દોરી જાય એવા સાહિત્યને શુદ્ધ ગુજરાતી ભાષામાં નવલકથાના સ્વરૂપે પ્રગટ કરે એવી આદર્શ સંસ્થાની આજે જરૂર નથી શું?

આજના યુવક યુવતીઓને ધર્મને માર્ગે દોરી એમનામાં સારા સારા સંસ્કારોનાં બીજ રોપવાં, વિષયોની અનિત્યતા, ભયંકરતા સમજાવી એમના ચિત્તને ત્યાંથી ધર્મની દિશા તરફ વાળવું એ જ આ ગ્રંથમાળાનો ઉદ્દેશ સદા કાયમ રહેશે.

ગ્રંથમાળાના આ સાહસને સમાજ જરૂર સહાય કરશે. તન, મન અને ધનથી મદદ કરી જો એને ઉત્તેજન આપશે તો આ ગ્રંથ-માળા જરૂર એક પછી એક આદર્શ અને ઐતિહાસિક પુસ્તકો પ્રગટ કરી સમાજને નિતિને માર્ગે દોરી જવાની ખૂબ સેવા કરશે.

સાહિત્ય અને તેમાંય જૈન ઐતિહાસિક સાહિત્ય હજી સુધી જે ખૂબ અંધારામાં છુપાયેલું છે. સમાજના ઉપકાર માટે તેને પ્રકાશમાં લાવવાની આજે ખૂબ જરૂર છે. એ ઉદ્દેશ પાર પાડવા માટે આ નુતન ગ્રંથમાલાએ નવીન યુગની — સૈકાની શરૂઆતથી પોતાનાં પનોતાં પગલાં ભરવાની શરૂઆત કરી છે. સમાજને ખૂબ ઉપકાર કરનારી આ આદર્શ સંસ્થા બને, એ અભિલાષા પૂર્ણ કરવા માટે અમે તમારો (સમાજનો) સહકાર માગીયે; તો યથાશક્તિ મદદ કરી આ ગ્રંથમાળાને ઉત્તેજન આપશો એજ અભિલાષા ! ! !

સં. ૨૦૦૦ ના ફાગણ સુદી ૧
મુ. **અમદાવાદ**

પ્રકાશક
જૈન સસ્તુ સાહિત્ય
અમદાવાદ

સ્વર્ગસ્થ શેઠ નેમચંદભાઈ કચરાભાઈ



જન્મ તા. ૮-૩-૧૮૭૯ : સ્વર્ગવાસ તા. ૧૩-૧૦-૪૩

શેઠ નેમચંદ કચરાભાઈ

નું

રેખા ચરિત્ર

રમણીય અને સુશોભિત રાજનગર (અમદાવાદ) માં આવેલી શામળાની પોળમાં વંશપરંપરાથી નિવાસ કરતું પ્રખ્યાત વિશા-શ્રીમાલી લવાડીયા કુટુંબ, તેમાં અનુક્રમે કચરાભાઈ હકમચંદ થયા. એમના પૂર્વજોને પોતાના ધીરધાર (શરાફી) ના ધંધાને અંગે દહે-ગામ નજીક રઘજીના મુવાડામાં રહેવું પડતું હતું, જેથી કચરાભાઈ પણ મુવાડામાં રહેતા હતા એમની ધર્મપત્નીનું નામ જડાવબેન !

જડાવબેનનું પિયર સાણંદ હતું. એમના માતાપિતાના ધાર્મિક સંસ્કારો એમનામાં પણ ઉતરેલા હોવાથી જડાવબેન અને કચરાભાઈ સાધારણ સ્થિતિમાં હોવા છતાં સુખી અને સંતોષી હતાં, કચરાભાઈને એક મોટાભાઈ હતા, એમનું નામ ડાહ્યાભાઈ. ડાહ્યાભાઈને પ્રેમચંદ નામે સુપુત્ર હતો ત્યારે કચરાભાઈને ત્યાં સં. ૧૯૩૫ ના ફાગણ સુદી ૧૫ ને શનિવારના રોજ એક પુત્રનો જન્મ થયો એમનું નામ નેમચંદ !

યોગ્ય ઉમરના થતાં નેમચંદને મુંવાડામાં જ ભણવા બેસાડયા. બુદ્ધિશાળી હોવાથી મુવાડાની નિશાળમાં ૭–સાત ચોપડી ભણી ગયા એટલે તેમના શિક્ષકની નજર તેમના ઉપર ઠરવાથી મુવાડામાં જ આસિસ્ટંટ શિક્ષક તરીકે તેમને રાખ્યા. તે પછી પાલુંદ્રાની નિશા-ળમાં પણ શિક્ષક તરીકે કામ કરવા લાગ્યા. તે સમયે તેમના કુટુંબના શેઠ પુંજાભાઈ હીરાચંદની નજર તેમની ઉપર પડવાથી તેમને અમ-દાવાદમાં પોતાની ગજીયાણીની દુકાનમાં મુનિમ તરીકે રાખ્યા. ધીરે

ધીરે પેઢીના કામકાજમાં માહિતગાર, હોંશિયાર અને શેઠના વિશ્વાસપાત્ર થયા. અને તેઓ આગળ વધવા લાગ્યા. તેમની યોગ્યતા જોઈને શેઠે તેમને મુનિમપણામાંથી ભાગીદાર બનાવ્યા. એવી રીતે ધીરે ધીરે આગળ વધતાં વ્યાપારીઓમાં પણ પ્રખ્યાત, બાહોશ, કાર્યદક્ષ અને પ્રમાણિક ગણાવા લાગ્યા. તેમ જ દ્રવ્યની પ્રાપ્તિ પણ તેમને સારી રીતે થતી ગઇ. શામળાની પોળમાં દીપાલાલના ખાંચામાં કચરાભાઈ ને તેમનાં વડીલભાઇ ડાહ્યાભાઇનું મજીયારૂં ઘર રસ્તો પાડવા માટે એકવાયર થવાથી નેમચંદભાઇએ ઢાળની પોળમાં જતાં બાવલીયાનો ખાંચો જે હાલ શામળાની પોળમાં ગણાય છે ત્યાં મકાન ખરીદ કર્યું. અને બાબાભાઇ માટે પણશામળાની પોળમાં એક ઘર ખરીદ કર્યું.

ભાગીદારી સાથે તેઓ આડતનું કામકાજ પણ મોટા પાયા ઉપર કરતા હોવાથી એમને લક્ષ્મીની સારી રીતે પ્રાપ્તિ થઈ.

નેમચંદભાઈનું લગ્ન પહેલાં નાગજી ભુદરની પોળમાં થયેલું તેમનું નામ મોતીબેન, તેઓ સંવત ૧૯૫૪ના અશાડ સુદી ૧૨ના રોજ એક દિકરીનો જન્મ આપ્યા પછી થોડા વરસમાં ગુજરી ગયાં. એ દિકરીનું નામ ચંપાબેન ?

ત્યાર પછી એમનાં બીજી વાર વઢવાણ મુકામે લગ્ન થયાં તે પણ થોડા કાળમાં ગુજરી જવાથી તેમનાં ત્રીજીવારનાં લગ્ન શેઠ કુટુંબના નારણજીભાઈને ઘેર સાણંદ મુકામે થયેલાં સં. ૧૯૬૧ના ફાગણ સુદી ૧ એ એમનાં ત્રીજી વારનાં ધર્મ પત્નીનું નામ કેવલબેન ! તેમને એક દિકરી થઈ એમનું નામ કાંતાબેન ?

ચંપાબેનનું લગ્ન પણ ઉમેદ જાદવજીવાલા પ્રખ્યાત કુટુંબમાં શા. ચંદુલાલ પ્રેમચંદ સાથે ઘણી જ ધામધૂમ પૂર્વક સં. ૧૯૬૮ના

માહા સુદી ૧૦ ના રોજે થયું હતું. તે પછી બીજેજ વર્ષે સંવત ૧૯૬૯ના ચઈતર સુદી ૧૦ના રોજ કચરભાઈ પરલોકે સિધાવી ગયા.

નેમચંદભાઈ પેઢીના ભાગીદાર છતાં હવે તો સંપૂર્ણ વહીવટ પોતેજ કરતા હોવાથી તેમજ પુંજાભાઈ વૃદ્ધ થઈ ગયેલા હોવાથી નેમચંદને કુલ વહીવટ સુપરત કરી પોતે પેઢીથી છુટા થઇ ગયા. સ્વતંત્ર રીતે પેઢીનો વહીવટ કરતાં પણ નેમચંદભાઈ વ્યાપારી વર્ગમાં ખુબ નામાંકિત થયા. તેમ જ એમની પ્રમાણિકતા ને કામ કરવાની ચોકસાઇથી તેમજ શેઠ પુન્નભાઈની લાગવગથી તેમને ગુજરાત પ્રાંતિક સમિતિના કોષાધ્યક્ષ નિમવામાં આવ્યા.

તેમના બીજી દિકરી કાંતા બેનનાં લગ્ન પણ શાંતિનાથના પોળમાં શા. અમૃતલાલ મણીલાલ સાથે ઘણીજ ધામધુમથી થયાં હતાં તેમાં એમણે ખર્ચ ખુબ કર્યો હતો.

નેમચંદભાઈના કાકા ડાહ્યાભાઈ તેમના પુત્ર પ્રેમચંદભાઈ ગુજરી જવાથી તેમણે તેમના બાળક પુત્ર બબાભાઈને ભણાવી ગણાવી પાલણ પોષણકરી તેમની મિલ્કતની પણ વ્યવસ્થા કરવા લાગ્યા, યોગ્ય ઉમરના થતાં બબાભાઇને પરણાવી ધંધે વળગાડી તેમની મિલકત તેમને હવાલે કરી દીધી. નેમચંદભાઈને પણ પોતાને પુત્ર ન હોવાથી શેઠ અમૃતલાલના પ્રથમ પત્નીના પુત્ર વિમળ (પોતાના ભાણેજ) કે જે કાંતાબેનના લગ્ન પ્રસંગે બે વર્ષનો હતો તેમને પોતાને ત્યાં રાખી ભણાવી ગણાવી મોટો કર્યો; યોગ્ય ઉમરનો થતાં એને પરણાવી ધંધે વળગાડી દીધોને પોતાના ઘરનો કુલ વહીવટ તેને સુપરત કર્યો. પોતે ખુબ સાદા અને કરકસરથી રહેતા હતા. એમના પરિચયમાં આવનારા પણ એમની પાસેથી સાદાઈ અને કરકસર શીખી લેતા હતા.

ગુજરાત પ્રાંતિક સમિતિનો વહીવટ ખુબ કાળજીથી અને પ્રમાણિકતાથી કરતા હતા. કેટલાક વર્ષ સુધી એ કામ કર્યું તે દરમિયાન એક પ્રસંગે પોતાની દિકરીના ઓપરેશન માટે બહાર ગામ જવાનું

થવાથી એમની ગેર હાજરીમાં અમુક રકમની ગલતી થઈ તેની ખબર પડતાં તેઓએ એકદમ તપાસ કરી તો માંહે માંહેના માણસની ભૂલ હોવાથી તેમણે તે રકમ પોતાની પાસેથી ભરી દીધી. પણ ન્યાય મેળવવા ખાતર એમને કાયદેસર પગલાં ભરવાં પડ્યાં હતાં. તેનો તેમના હૃદયમાં સખ્ત આઘાત લાગવાથી સમિતિના કાર્ય-વાહકોની ના મરજી છતાં પોતે ટ્રેઝરર તરીકેનું રાજીનામુ આપી રાજી ખુશીથી છુટા થયા હતા. તે પછી નેમચંદભાઈ ધર્મ કાર્યમાં એટલે મુનિ મહારાજને વંદન કરવા, તેમની ભક્તિ કરવી. વ્યાખ્યાન સાંભળવાં એવી રીતે સમયનો સદ્ ઉપયોગ કરવા લાગ્યા-

એવી રીતે નેમચંદભાઈની ઉમર પણ હવે તો વૃદ્ધ થતી ગઇ સંવત ૧૯૮૯ના વૈશાખ માસમાં કેવલબેન પણ પરલોક સિધાવી ગયાં ને નેમચંદભાઈનું મન પણ હવે સંસાર ઉપરથી ઉઠી ગયું. તેમણે પોતે પણ પોતાનો વ્યાપાર રોજગાર સંકેલી લીધો ને નિવૃ-ત્તિમય જીવન ગુજારવા લાગ્યા જીવદયાનાં કામ કરવા લાગ્યા તેમજ ગરીબ શ્રાવકભાઇઓને ગુપ્ત મદદ કરી પોતાના ધનનો સદ્‌વ્યય કરતા તેમને બીજાની માફક કીર્ત્તિની ભૂખ નહોતી, જેથી તેઓ જાહેર સખાવતો કરતાં ગુપ્ત સખાવતો સારીરીતે કરતા હતા.

અધુરામાં પુરાં તેમનાં ડોશીમા જડાવબા પણ સંવત ૧૯૯૨ના શ્રાવણ વદી ૧ના રોજે મરણ પામવાથી તેમણે પોતાનું જીવન ખુબ નિવૃત્તિમય બનાવી દીધું એ શાંતિમય જીવનમાં તેઓ પોતાનો કિમતી સમય અનેક સંસ્થાઓને આપતા હતા. જો કે તેમને હમણાં હમણાં દમનો વ્યાધિ લાગુ પડયો હતો છતાં પણ તેઓએ પોતાના ગચ્છના (પાયચંદ ગચ્છના) સાધુઓને ચોમાસું બદલાવી પોતાની લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો હતો તેમજ પોળના મહાવીર સ્વામીના દેરાસરના વહીવટમાં મદદ કરીને સુધારો

કર્યો હતો, તેમજ વળી શ્રાવિકાશાળા બંધ હતી તેને મદદ કરીને ચાલુ કરી હતી. એટલુંજ નહિ પણ શાળાના મંત્રી તરીકે કામ કરી તેને સારી સ્થિતિમાં મુકી હતી આજે પણ તે શાળા ચાલે છે.

સંવત ૧૯૯૭ની સાલથી તેમને પક્ષઘાત (લકવાની) બિમારી શરૂ થઈ. તેમાંય વળી અધુરામાં પુરૂ હોય તેમ તેમનાં મોટાં દિકરી ચંપાબેન તા. ૧-૮-૧૯૪૨ના રોજ વિધવા થયાં એ અસહ્ય ઘાની વેદના સહન કરતા ને સંસારની લીલી સુકીના અનુભવથી રીઢા થયેલા નેમચંદભાઇ પાંસઠ વર્ષની ઉમરે સંવત ૧૯૯૯ના આસો સુદી ૧૫ના રોજ આ ફાની દુનિયા તજીને પરલોકે સિધાવી ગયા.

એમના કુટુંબમાં ચંપાબેન, કાન્તાબેનને વિમળભાઈ આજે હયાત છે તે વડિલોને પગલે ચાલી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરે? એજ અભિલાષા ???

"નર જન્મ પાકર લોકમેં, કુચ્છ કામ કરના ચાહિયે,
અપના નહિ તો પૂર્વજોકા નામ કરના ચાહિયે:"

લેખક

મણીલાલ ન્યાલચંદ શાહ
અમદાવાદ.

અનુક્રમણિકા

ॐ ह्रीँ श्रीँ પાર્શ્વનાથાય નમઃ

ભીષ્મ પ્રતિજ્ઞા

યાને

પ્રતિજ્ઞાનું પાલન

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું

ગંગાકુમારી

" लक्ष्मी-कीर्ति-धृति-बुद्धि,-ऋद्धि सिद्धि विधायकः ।
जीयात् संखेश्वरः पार्श्व-नाथो विश्वोपकारकः ॥ १ ॥

ભાવાર્થ:—લક્ષ્મી, કીર્તિ, ધીરજ, બુદ્ધિ, ઋદ્ધિ, અને સકલ મનોરથની સિદ્ધિને કરનારા એવા બધા વિશ્વનો ઉપકાર કરનારા પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાન જગતમાં જય પામો । ૧ ।

" આશા, અભિલાષા, ઉર્મિ ને મહેચ્છા એ લાગણીઓમાં નવીન યૌવનની સુવાસ પ્રસરે ત્યારે હૃદયની સ્થિતિમાં કેટલો બધો અચાનક ફેરફાર થઈ જાય છે. એક દિવસ વૈરાગ્ય અને ત્યાગને માર્ગે આકર્ષાતું હૃદય યૌવનની લાગણીને વશ થઈ સંસારની હવા તરફ આકર્ષાય છે. સુસંસ્કાર સુવિદ્યા, ધર્મ અને નીતિના મર્મને જાણનારૂં મારૂં હૃદય

પણ આજે આટલું બધું લાગણીવશ બની જાય એય નવાઇજને ?" નવીન યુવાનીના રણકારને ઝીલનારી એક વિદ્યાધર રાજબાલાના એ વિચારો હતા. પોતાના હૃદયને જાણે ઉપાલંભ આપી રહી હોય તેમ હૈયામાં ઉત્પન્ન થતી અનેક પ્રકારની ઉર્મિઓને (લાગણી) તે દબાવી દેતી હતી. એકાંતમાં અનેક પ્રકારના વિચારો કરી હૃદયને સમજાવી રહી હતી. મોટા વૈભવ અને ઐશ્વર્યમાં વૃદ્ધિ પામેલી, માતાપિતાના લાડકોડમાં ઉચ્છરેલી એ રાજબાલાના સુખમાં જરાય ખામી નહોતી. છતાંય એ બાળા દયાધર્મમાં પ્રીતિવાળી, ગુણવતી ને નીતિશાસ્ત્રને જાણનારી વિદુષી હતી. હમણાં હમણાં એ બાળા હૃદયમાં ઉત્પન્ન થતી અનેક પ્રકારની લાગણીથી ખુબ ગંભીર બની ધ્યાનમગ્ન યોગીની માફક એકચિત્ત થઈ જતી હતી—અકળાઈ જતી હતી.

"એકાંતમાં કોનું ધ્યાન કરો છો, બેન ?" વિચારના વમળમાં ગુંચવાયલી બાલાના વિચારમાં સખીઓએ ભંગાણ પાડયું.

"ભગવાનનું વળી ? શું ધ્યાન કરવાનો હક્ક પુરૂષોનો જ હોય છે! સ્ત્રીઓ અરે! આપણા જેવી બાલાઓ પણ ભગવાનનું ધ્યાન તો કરી શકે ?" મૃદુ રીતે પોતાના નવપલ્લવ અધરોષ્ઠને હાસ્યથી વિશેષ શોભાયમાન બનાવતી વિદ્યાધર બાલા બોલી.

"આપણા જેવી બાલાઓ ! ને વળી ધ્યાન ! બેન ! જરી સુધારીને બોલો ? આપણા જેવી બાલાઓ તો ભગવાન નહિ બલ્કે કોઈ ભાગ્યવાનનું ધ્યાન કરે ?" મનોરમા

વાતની દિશાને ફેરવતી બોલી.

"તારી વાત સત્ય છે મનોરમા? બેન, હમણાં હમણાં એવું ધ્યાન કરતાં ખુબ શીખી ગયાં છે. પહેલાં તો હસતાં, રમતાં ને આપણી સાથે કેટલું બધું તોફાન મસ્તી કરતાં ત્યારે અત્યારે?"

"અત્યારે તો ખુબ ગંભિર, વિચારશીલ, બની ગયાં છે." સખીની અધુરી વાર્તાને આગળ લંબાવતી મનોરમા રાજબાલાનું મુખારવિંદ નિરખતી બોલી.

"અરે? તમે બધીયે આજે શું નિશ્ચય કર્યો છે? વાતને ક્યાંની ક્યાં ખેંચી જાવ છો?" ગંગાકુમારી કૃત્રિમ-રોષ દર્શાવતી બોલી.

"વાહ! એક તો ચોરી, ઉપરથી સરજોરી? આપણા જેવી નવોઢા બાલાઓ કાંઈ ભગવાનને ઓળખવા નવરી નથી. પણ ભાગ્યવાન્‌ને તો?"

"પણ એવા કયા ભાગ્યવાન્‌ના ભાગ્યે જોર કર્યું છે કહો નો ખરા બેન? મનમાં ને મનમાં વાતને દબાવી રાખશો તો અકળાઈ જશો હો?"

"હાથણીએ કોની ઉપર કળશ ઢોળ્યો છે? બળવાન છે કે રૂપવાન કે મોટો ઐશ્વર્યવાન્?" વચમાં વળી એક સખી બોલી.

"નારે ના? બેન વિદ્વાન છે, ધર્મશાસ્ત્રના જાણકાર છે જેથી એમના ભગવાન્ અરે ભાગ્યવાન્ કોઈ ધર્મશાસ્ત્રના જાણકાર પંડિત હશે. કેમ નહિ બેન? આપણા

વિદ્યાધર રાજકુલોમાં અનેક સ્વભાવના રાજકુમારો છે."

"તથાપિ બેન ને યોગ્ય એમાં મને તો કોઈ દેખાતો નથી, બેનના સૌંદર્ય, ડહાપણ, શાણપણ ને ધર્મનિષ્ઠપણા આગળ એ ઐશ્વર્ય અને બળના ઉન્માદથી ઉન્મત્ત થયેલા રાજકુમારોમાં કોણ પસંદ કરવા યોગ્ય છે : કહો તો ખરા ?",

"ત્યારે શું બેન કુમારિકા વ્રત ગ્રહણ કરશે કે દીક્ષા ગ્રહણ કરશે ?" મનોરમા બોલી.

"દીક્ષા ?" વાર્તાનો અંત લાવતી ગંગાકુમારી બોલી. એ રાજબાલાનું નામ ગંગાકુમારી હતું.

"પરણવું, એ પણ એક જાતની દીક્ષા જ છે ને? પેલી ત્યાગ દીક્ષા તો આ સ્નેહ દીક્ષા ? પેલી ગુરૂના હાથે દીક્ષા તો આ ?" સખી એક બીજીને જોતી હસી પડી. "હાં બેન ? કહેતાં ખરાં ? એ ભાગ્યવાન નરને ઓળખાવો તો ખરાં ? કોણ છે એ ?"

"અરે ? તમને બધાંને આજે થયું છે શું ? હું સત્ય કહું છું કે એ તમારી વાતમાં હું કંઈય જાણતી નથી. એ વિચાર તો માતાપિતાને કરવાનો છે. આપણો વિચાર એમાં શું કામનો ?" રાજબાલાએ કહ્યું. છતાંય એક વાત છે ?" બોલતાં શું બોલાઈ ગયું પણ બાલા કાંઈક ગંભિર બની ગઈ—મૌન થઈ ગઈ.

"અને એ વાત ?" રાજબાલાની વાતને પકડતી સખીઓ બોલી ઉઠી. સખીઓના આગ્રહથી બાલાને ખુલાસો

કર્યા વગર હવે ચાલે એમ નહોતું, અકળાતી બાલા બોલી.

"તમે જે વાત કરી તે બધી જોકે સત્ય છે. બળવાન, ઐશ્વર્યવાન, ગુણવાન, અને વિદ્વાન એવો પતિ સર્વાંશે યોગ્ય છે છતાં હું એ વાતને ગૌણ માની જે મારી આજ્ઞા માને એવા પતિને પસંદ કરવા માગું છું" રાજબાલાની વાત સાંભળી સખીઓ એકબીજીને જોતી વિચારમાં પડી ગઈ.

"એ ઘટના શી રીતે બને ! નેવાંના પાણી કાંઈ મોભે ચડે ? સૂર્ય કદિ પશ્ચિમમાં ઉદય પામે ખરો ? સ્ત્રીઓને આધિન તે પુરૂષો શું રહી શકે ? અને તેમાં ય આતો ઐશ્વર્ય અને સત્તાના બળથી ઉદ્ધત થયેલા અભિમાની રાજકુમારો ?" શંકા દર્શાવતી મનોરમા બોલી.

"બનો કે ન બનો ? ગમે તે થાવ ? મારી તો એ પ્રતિજ્ઞા છે." ગંગાકુમારીએ વાતવાતમાં પોતાનો નિશ્ચય–પ્રતિજ્ઞા જાહેર કરી દીધી. એની મુખમુદ્રાએ ગંભિરતા ધારણ કરી.

"હાં ? હાં ? બેન ? આ તમે શું કર્યું ? તમારા જેવાં ડાહ્યાંને આ તે શોભે ? આવી ગાંડી પ્રતિજ્ઞા ? પ્રતિજ્ઞા પણ જે સિદ્ધ થઈ શકે તેવી હોવી જોઇએ. આતો અશક્ય ?"

"અશકય કે શકય ? પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા ? પ્રતિજ્ઞા સિદ્ધ નહી થાય તો આજીવન પર્યંત કુમારીવ્રત ગ્રહણ કરીશ. અથવા તો દીક્ષા ગ્રહણ કરીશ." ગંગાકુમારીએ પોતાનો નિશ્ચય ગંભિર ભાવે સંભળાવી દીધો—જાહેર કરી દીધો.

એ દરમિયાન વિદ્યાધરરાજ જન્હુરાજાની સ્વારી આવી પહોંચવાથી સખીઓની વાતમાં ભંગાણ પડયું. રત્નમહેલમાં પધારેલા જન્હુરાજ ગંગાકુમારીના નિવાસસ્થાનમાં આવવાથી સખીઓ એક પછી એક ખસી ગઈ—છટકી ગઈ.

વિદ્યાધરોના અપૂર્વ વૈભવ અને ઐશ્વર્યના પ્રભાવને પ્રગટ કરનારી રત્નોથી નિર્માયલી એ નગરીનું નામ રત્નપુરી. ઐશ્વર્ય, વૈભવ, ઠકુરાઈ અને પરાક્રમની પરાકાષ્ઠાએ પહોંચેલો એ નગરીનો રાજા તે આ જન્હુરાજ! વિદ્યાધરોની નગરી, ઐશ્વર્ય, ઋદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ તેમજ શક્તિ, એ બધુંય અપૂર્વ કલ્પનાતિત !

દેવતાઓ જેમ મનથી પોતાનાં કાર્ય સિદ્ધ કરનારા હોય છે. માનવીઓ—રાજા મહારાજાઓ વચનથી કાર્ય કરનારા હોય છે, ત્યારે વિદ્યાધરો પોતાની વિદ્યાશક્તિથી સઘળા મનોરથો—કાર્યો સિદ્ધ કરે છે.

બાળાના સત્કાર અને પ્રણામને સ્વીકારતો જન્હુરાજ સર્વાંગસુંદર ને યૌવનના પમરાટથી વિકસ્વર થતી પોતાની બાલાને જોઈ વિચારમાં પડયો. “ અરે ! આ ભાગ્યવતી ને વિદુષી બાલાનો પતિ કોણ થશે ? ” રાજાએ મનમાં એક પછી એક દરેક રાજકુમારોની તુલના કરવા માંડી. સાથે સાથે પુત્રીની અભિલાષા જાણવાનો પણ પ્રયત્ન કર્યો.

“ વત્સે ! જરાપણ સંકોચ રાખ્યા વગર કહે ! જે બાબત તારા જીવન સાથે સર્વાંશે સંબંધ ધરાવતી હોય, એવી કેટલીક બાબતોમાં તારી મનોવૃત્તિ શું છે તે પણ જાણવાની મારે આવશ્યકતા છે, તો કહે ! તારા લગ્ન

સંબંધમાં તારી શું અભિલાષા છે ?" પિતાના અણુધાર્યાં આવા શબ્દો સાંભળી બાળા શરમાઈ ગઈ. ગંભિર બની ગઈ. છતાંય એ સંકોચને દૂર કરવા પ્રયત્ન કરી પિતાજીના પ્રશ્નનો જવાબ આપવા તે આસ્તેથી તૈયાર થઈ. બાળાએ પોતાનો અભિગ્રહ—પ્રતિજ્ઞા કહી સંભળાવી.

રાજકુમારીની પ્રતિજ્ઞા સાંભળી જન્હુરાજ વિચારમાં પડયો. "બાળાની આવી પ્રતિજ્ઞા શી રીતે સિદ્ધ થશે ? હશે જેવી ભવિતવ્યતા ?"

રાજબાળાનો મનોરથ જાણ્યા પછી જન્હુરાજે ગંગાકુમારીની પ્રતિજ્ઞાની સિદ્ધિ માટે ખુબ પ્રયત્ન કર્યો. પણ કોઈ વિદ્યાધર રાજકુમારે એ શરત માન્ય કરી નહિ. રાજકુમારીના કુમારીવ્રતથી રાજા પણ ચિંતાતુર થયો. "ઓહ ! ભવિતવ્યતા શું કરે છે ? ખચિત વિધિ બળવાન છે."

કેટલાક સમયબાદ એ નગરીમાં ચારણમુનિ પધાર્યા. તેમની ધર્મદેશના સાંભળી, વંદના કરી હાથજોડી જન્હુરાજે પ્રશ્ન કર્યો. "મુનિરાજ ? કહો ? મારી પુત્રીની પ્રતિજ્ઞા પૂર્ણ થશે કે કેમ ?" ખુબ આતુરતાપૂર્વક જન્હુરાજાએ પ્રશ્ન પૂછયો.

રાજાનો પ્રશ્ન સાંભળી મુનિરાજ બોલ્યા. "ભાગ્યવાન ? ભારતવર્ષ ઉપર આજે હસ્તિનાપુર નગરીમાં મહાપ્રતાપી, તેજવંત શાંતનુ નામે રાજા રાજ્ય કરે છે. તે આ બાલાની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે." રાજાના પ્રશ્નનો જવાબ આપી તે ચારણમુનિ ત્યાંથી ચાલ્યા ગયા. શુદ્ધ ચારિત્રધારી મુનિઓ પ્રાયઃ

એક સ્થાનકે નિવાસ કરતા નથી. વિહાર કરી ધર્મોપદેશ આપી જનતાને પાપમાર્ગથી બચાવવા એજ એવા પરોપકારીઓનો ઉદ્દેશ હોય છે. મુનિરાજના જવાબથી રાજાને શાંતિ થઇ. કારણકે જ્ઞાનીઓનું વચન અમોઘ હોય છે જ્ઞાન એ આત્માના પરમસુખનું કારણ નથી શું?

પ્રકરણ ૨ જું.

મૃગયા

"મુબારક હો તમોને, તમારા એ પાપના ધંધા;
ખુમારીમાં ખુહારી છે, નથી એ સ્વાદ ચાખ્યો શું?"

"ઓહ! આ તે શું? મધ્યાન્હ સમય થવા આવ્યો છતાં હજી કોઈ શિકાર સપડાતો નથી. આજ કોના શુકન થયા હશે." શિકારી વેષથી શોભતો એક તેજસ્વી અને બળવાન્ ઘોડેસ્વાર ભયંકર જંગલમાં પોતાના અશ્વને નૃત્ય કરાવતો ને ઉપર પ્રમાણે શબ્દ બોલતો ભમી રહ્યો હતો. એ પ્રતાપી અને ભવ્ય મુખમુદ્રા, એના શરીરનો સુશોભિત અને મજબુત બાંધો એની છટા, ગૌરવ, ખાનદાની કોઇ મોટા રાજકુલને શોભાવતાં હતાં. શિકાર પાછળ ગાંડો બનેલો આ રાજપુરૂષ પોતાની શિકારી સેનાથી શિકારના શોખમાં વિખુટો પડી ગયો હતો. સર્વ ગુણ સંપન્ન, ધર્મ અને નીતિને જાણનાર આ પુરૂષ મૃગયાના શોખમાં માનવતાનેય ભૂલી ગયો હતો. રક્ષકપણાનું અભિમાન ધરાવનાર આ પ્રચંડ પુરૂષ નિર્દોષ, અનાથ અને

તૃણભક્ષણ કરનારા પશુઓની પ્રાણહરણ લીલામાં પાપ-પુણ્યના ભેદને પણ વિસરી ગયો હતો અરે! સ્વાર્થમાં અંધ બનેલા માનવીને બીજાના દુઃખનું ભાન હોય શું?

આ ભયંકર અને શિકારી માનવીને દૂરથી જોતાં એક હરણનું જોડકુ ચમકયું એના રંગમાં ભંગ કરનારા આ નિર્દય શિકારીની નજર પણ ગેલ કરતા એ જોડકા પર પડી. એણે પોતાના અશ્વને એ હરણયુગલ તરફ પ્રેર્યો ને પોતે ધનુષ્યની તૈયારી કરી પણ તે પહેલાં તો એ પ્રાણ હરનાર ઘાતકી પુરૂષને જોતાંજ હરિણી ચારેપગે નાઠી તેની પાછળ હરણ પણ કુદકા ભરતો ધસ્યો કારણ કે આ જગતમાં પ્રાણ કોને વ્હાલા નથી હોતા?

મૃત્યુના ભયને જાણી ગયેલાં એ હરિણો જીવવાની આશાએ પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરી જંગલની ઝાડીમાં એકદમ અદ્રશ્ય[1] થઈ ગયાં. એમની પાછળ ધસેલો આ રાજા હરિણયુગલને તો જોઈ શકયો નહિ કિંતુ ખુબ પરિશ્રમિત[2] થયેલો તે એક મનોહર વાટિકાવાલા આશ્રમ નજીક આવી પહોંચ્યો. જીનેશ્વર શ્રી રૂષભદેવના ચૈત્ય (મંદિર)થી શોભાયમાન આ ઉદ્યાનની શોભા નિરખી રાજા થંભી ગયો. "વાહ! આવા ઘોર જંગલમાં દેવતાઓને ક્રીડા કરવા યોગ્ય આવું સુંદર ઉદ્યાન એ તો નવાઈ?"

મૃગયા રમવામાં પ્રીતિવાળો એ પ્રચંડકાય પુરૂષ એ રત્નથી નિર્મિત ચૈત્યમાં પ્રવેશ કરવાની ઉત્કંઠાવાળો સુંદર

૧ સંતાઈ. ૨ થાકેલો.

ઉદ્યાનમાં દાખલ થયો, વંશપરંપરાએ પ્રાપ્ત થયેલા જીનેશ્વરના ધર્મમાં પ્રીતિવાળો તે તેજસ્વી રાજપુરૂષ રાજચિન્હનો ત્યાગ કરી જીનચૈત્યમાં દાખલ થયો. રમણિય અને આલ્હાદજનક[1] આદિનાથની પ્રાભાવિક[2] પ્રતિમાને નમન, વંદન કરી તેમની સ્તુતિ કરવા લાગ્યો, શિકારી છતાં જીનેશ્વરમાં પ્રીતિવાળો તે સુંદર પુરૂષ ભગવાનને નમી બહાર આવી એ સુંદર વાટિકાની શોભાને નિરખવા લાગ્યો. એક તરફ ગંગા નદીનો પ્રવાહ ને બીજી તરફ એનાજ કિનારા ઉપર આ ઉપવનની અપૂર્વ શોભા જોતાં અચાનક એ પુરૂષની નજર એક સુંદર રૂપરાશિ પર પડતાં ત્યાંજ સ્થંભી[3] ગઈ. "ઓહ! આ તે કોઈ દેવકન્યા કે નાગકન્યા?"

પોતાની દૃષ્ટિને[4] એ રૂપરાશિ તરફ સ્થિર કરતો તે પ્રભાવિક પુરૂષ મંત્રથી આકર્ષાયેલા[5] નાગની માફક ધીરે કદમે એ સુંદર બાલાની પાસે આવ્યો. "બાલા? આવા ભયંકર જંગલમાં તમે કોણ અને કયાંથી આવ્યાં?"

"આ નવજવાન અને પુરૂષશ્રેષ્ઠ રત્નને જોતાં બાળાના હૃદય ઉપર જાદુઈ અસર થઈ. અથવા તો પૂર્વભવના જેવા શુભાશુભ સંસ્કાર લખાયેલા હોય તે કારણ પામી તરતજ ઉદય આવે છે. બાલા પણ રાજાના સૌંદર્યને જોતી રાજાના પ્રશ્નનો જવાબ આપવાનું ભાન ભૂલી ગઈ.

સમયવર્ત્તીને એ બાલાની દાસી — સખી મનોરમા

---

૧ આનંદ આપનાર. ૨ મોટા પ્રભાવવાળી. ૩ અટકી. ૪ નજર. ૫ ખેંચાયેલા,

તરત જ એ પ્રતાપી પુરૂષના પ્રશ્નનો ઉત્તર આપવા લાગી. "રાજેંદ્ર ! આ બાલા તે કાંઈ સામાન્ય તપસ્વિની નહિ, કિંતુ વૈતાઢ્ય પર્વત ઉપર આવેલી રત્નમય રત્નપુરી નગરીના વિદ્યાધરપતિ જન્હુરાજાની ગંગા નામે દુહિતા[1] છે. વિદ્યાવિલાસી એ વિદ્યાધરરાજે આ બાલાને નાનપણથી ધર્મ અને નીતિવિદ્યાનું શિક્ષણ આપી વિદ્યાવિલાસિની બનાવી છે. યોગ્ય ઉમરે આવતાં આ બાલાએ જ્યારે તારૂણ્યના મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે પિતાએ એના લગ્ન માટે એની સંમતિ પૂછી ત્યારે પિતાની આગળ એણે પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી. મનોરમા જરા થોભી.

"પ્રતિજ્ઞા ? આણે શું પ્રતિજ્ઞા કરી છે ?" રાજાએ પૂછ્યું

"જે પુરૂષ એની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે નહિ, એ પુરૂષ જ એનો પતિ થશે." એવી એની આકરી પ્રતિજ્ઞાથી એના માતપિતા પણ આશ્ચર્ય પામ્યા.

"રાજબાળાની એ પ્રતિજ્ઞા સિદ્ધ ન થવાથી હજી પણ તે કુમારિકા ધર્મ પાળે છે તો ભાગ્યશાળી ! તમે આ બાળાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી એનું પાણિગ્રહણ કરો ?" મનોરમાએ ટુંકમાં હકીકત સમજાવી વાતને પૂર્ણ કરી "અને તેથી જ વિદ્યાધરરાજ જન્હુરાજે ગંગા નદીના કિનારે આ ઉપવનની રચના બનાવી ગંગાકુમારીને અહીયાં રાખી છે. બાલાપણ પ્રાણીઓના મનોરથોને પૂર્ણ કરવામાં ચિંતામણિ સમાન શ્રી રૂષભદેવના ચરણકમલની પૂજા

---

૧. પુત્રી.

કરતી અહીંયાં જ પોતાનો સમય વ્યતિત કરે છે." મનોં-રમાની વાત સાંભળીને તે પુરૂષ મનમાં અતિહર્ષને ધારણ કરતો બોલ્યો.

"વાહ ! મારે તો આજે કલ્પવૃક્ષ ફળ્યાંઃ હરિણ-યુગલની પછવાડે ધસ્યાનો મારો પરિશ્રમ સફળ થયો. પરભવનાં પુણ્યકર્મ આજે મારા ઉદયમાં આવ્યાં. અથવા તો ભાગ્યવંતને જંગલમાં પણ મંગલ શું નથી થતું ? બાલે ! તારી પ્રતિજ્ઞા હું પૂર્ણ કરીશ."

રાજાની વાત સાંભળી ગંગકુમારી પણ રાજી થઈ. રાજાનો આદર સત્કાર કરી તેના ખાનપાન માટે વ્યવસ્થા કરી. એ દરમિયાન રાજાની શિકારીસેના રાજાને શોધતી એ ઉપવનમાં આવી પહોંચી. પોતાના સ્વામીને જોતાં જય-ઘોષણા કરી. " હસ્તિનાપુર પતિ શાંતનુ મહારાજનો જય થાઓ ! વિજય થાઓ ! "

શિકારીના વેષમાં સુસજ્જિત ઘોડેશ્વાર એ મહારાજા શાંતનું હતો. પોતાના અશ્વની પ્રેરણાથી ભાગ્યવશાત્ તે નરપતિ આ ઊપવનમાં આવી ચડ્યો હતો. મૃગયાની રમતમાં [1]આસક્ત થયેલો એ નરરાજ પાપકાર્યમાં પ્રીતિવાળો છતાં પણ ભવાંતરના [2]સુકૃતના ફલ મેળવી રહ્યો હતો કારણ કે ગયાભવમાં કરેલું સુકૃત ગમે તેવી સ્થિતિમાં પણ પ્રાણીને ફલદાયક નથી થતું શું ?

વિદ્યાધરરાજ જન્હુરાજ પણ પોતાના પરિવાર સાથે

---

૧. પ્રીતીવાળો. ૨. પુણ્ય

આવી પહોંચ્યો. તે પછીના એક શુભ દિવસે વિદ્યાધરરાજે પોતાની દુહિતા ગંગાકુમારીને મહારાજા શાંતનુ સાથે ધામધુમપૂર્વક પરણાવી દીધી. ગંગાકુમારી હવે રાજપત્ની મહારાણી બની.

પોતાની સમૃદ્ધિને શોભે તેવો કરિયાવર કરી જન્હુરાજ પોતાની નગરી તરફ ચાલ્યો ગયો ને ગંગાકુમારી પણ મહારાજા શાંતનુ સાથે હસ્તિનાપુરનગરે આવી. રાજાએ નગરની શોભામાં વૃદ્ધિ કરી. મોટી ધામધુમપૂર્વક મહારાણી ગંગાદેવીનું સ્વાગત કર્યું. ઉદ્યાનોમાં, ક્રીડાગૃહોમાં ગંગાદેવી સાથેના સુખી વિનોદોમાં જતા એવા કાલને પણ તે જાણતો નહિ.

પ્રકરણ ૩ જું.

પરિચય.

યુગલિક ધર્મનું નિવારણ કરનાર રૂષભદેવ વિનિતાનગરીના પહેલા રાજા થયા. ઘણા વર્ષ પર્યંત રાજધર્મનું પાલન કર્યા પછી જ્યારે એમનો દીક્ષા સમય નજીક આવ્યો ત્યારે એમના સો પુત્રોને જુદા જુદા દેશના અધિપતિ બનાવી એ દેશો સુપરત કર્યા. તેમાં કુરૂ નામે એક પરાક્રમી પુત્ર હતો જેના નામથી કુરૂવંશ પ્રખ્યાતિ પામ્યો. એ કુરૂ રાજાને દાનવીર ને પરાક્રમી હસ્તિ નામે પુત્ર થયો, એ રાજાએ પોતાના નામની એક નગરી વસાવી. એનું નામ હસ્તિનાપુર રાખ્યું. અનેક ગગનચુંબિત મહેલાતોથી દુનિયાના

અનેક રમણીય નગરો સાથે સ્પર્ધા કરતી એ સુશોભિત નગરી પાછળથી દીલ્હીને નામે પ્રસિદ્ધિ પામી.

નગરની ચારે તરફ ફરતો આકાશ સાથે વાતો કરતો એક મજબુત કીલ્લો દૂર રહ્યાં થકાં પણ શત્રુના ગર્વને ડારી રહ્યો હતો. એ કીલ્લા ફરતી નિર્મળ જળથી ભરેલી સમુદ્ર સમાન મોટી ખાઇ આવેલી હતી. એ નિર્મળજળમાં પોતાના સૌંદર્યને જોતો કીલ્લો જાણે ગર્વને ધારણ કરતો હોય શું ?

આ આર્યાવર્ત્ત ઉપર આવેલી એ હસ્તિનાપુરની રાજગાદી પર — મયુરાસનપર અનેક આર્ય ને અનાર્ય રાજાઓ થઈ ગયા. તે પછી અનુક્રમે એ હસ્તી રાજાના વંશમાં વિશ્વવીર્ય નામે રાજા થયો. એની વંશપરંપરાએ સનતકુમાર, શાંતિ, કુંથુ અને અર એ ચાર ચક્રવર્ત્તી થયા. જેમાં પછીના ત્રણ મહાપુરૂષોએ ચક્રવર્ત્તીની સમૃદ્ધિ ભોગવી, દીક્ષા ગ્રહણ કરી, તીર્થંકરની સંપદાપણ પ્રાપ્ત કરી. એથી મહાન્ પદવી જગતમાં બીજી છે શું ?

એ અરનાથ તીર્થંકરની વંશપરંપરામાં ઇંદ્રકેતુ નામે રાજા થયો. જે શત્રુ રાજાઓના મદને મર્દન કરનારો થયો. તેનો શુભવીર્ય અને પછી સુવીર્ય. તેનો પુત્ર અનંતવીર્ય નામે પરાક્રમી રાજા થયો.

તે સમયે અગ્નિક નામે માતપિતા વગરનો એક બ્રાહ્મણપુત્ર વસંતપુર નગરમાં રહેતો હતો. તે જીવનનિર્વાહ માટે ગામેગામ ભટકતો ને ભીક્ષા માગી આજીવિકા ચલાવતો હતો. અનુક્રમે તે તાપસના આશ્રમમાં આવ્યો. તાપસોના

અધિપતિએ તેને પુત્ર તરીકે રાખ્યો. અગ્નિક તાપસી દીક્ષાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી મોટો તાપસ થયો અનેક પ્રકારની તપસ્યા કરતો ને ક્રોધરૂપી અગ્નિને નવપલ્લવિત કરતો તે ઘણી શકિતવાળો થયો. જગતમાં જમદગ્નિ તાપસના નામે પ્રસિદ્ધ થયો.

એ તાપસનો ભકત કોઇ ધન્વંતરિ નામે મૃથ્યામતિને ધારણ કરનારો દેવ હતો. તેને જૈન એવા વૈશ્વાનર દેવ સાથે મિત્રતા થઇ. ધર્મનો વાદ કરતાં બન્ને એક દિવસે શુદ્ધ ધર્મની પરીક્ષા કરવાને તૈયાર થયેલા તેમની નજરમિથિલા-નગરીના પદ્મરથરાજા પર પડી. દીક્ષા ગ્રહણ કરવાને જતા એ રાજાની એ બન્ને દેવોએ અનેક પ્રકારની કસોટી કરી, પણ રાજા હિંસા કરવાને કે દીક્ષાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવાને તૈયાર થયો નહિ. વીર પુરૂષો કરેલી પ્રતિજ્ઞાથી ચલાયમાન થાય ખરા ?

તે પછી બન્ને દેવતાઓ રાજાની પ્રશંસા કરતા જમદગ્નિ તાપસ પાસે આવ્યા. ક્રોધરૂપી અગ્નિવડે [1]દારૂણ એવા એ તાપસની પરીક્ષા કરતાં, એ તાપસને પ્રતિજ્ઞા ભ્રષ્ટ થતાં વાર લાગી નહિ. " અરે ઋષિ ! વ્યર્થ તપ કરી કાયાને શા માટે દમો છો ? શ્રુતિમાં તમે નથી સાંભળ્યું કે ' અપુત્રસ્ય ગતિ નાસ્તિ ' શ્રુતિને માનનારા જમદગ્નિ તો આ વાણી સાંભળી વિચારમાં પડી ગયા. " અરે ! સ્ત્રી અને પુત્ર વિના મારૂં તપ શું વ્યર્થ ગયું ત્યારે ! "

જમદગ્નિ તાપસને પ્રતિજ્ઞાભ્રષ્ટ થયેલો જાણી બન્ને

---

૧ ભયંકર

દેવતાઓ તરત જ અદૃશ્ય થઈ ગયા. તાપસ ભકત ધન્વંતરિ દેવ મનમાં પશ્ચાતાપ કરતો મિથ્યાધર્મનો ત્યાગ કરી, શુદ્ધ (જૈન] ધર્મને ધારણ કરનારો થયો. કારણ કે પરીક્ષા કર્યા પછી એવો કોણ મૂર્ખ હોય કે શુદ્ધ ધર્મને ધારણ ન કરે ?

પુત્ર પ્રાપ્તિ માટે વિચાર કરતો જમદગ્નિ તાપસ જીતશત્રુ રાજાના નગરમાં આવ્યો. એ રાજાની કન્યા રેણુકાને વિધિપૂર્વક ગ્રહણ કરી પોતાના આશ્રમમાં લાવ્યો. અનુક્રમે કામદેવને ક્રીડા કરવાને મનોહર મંડપસમાન યૌવનવયને પામેલી રેણુકા સાથે ભોગ ભોગવતાં જમદગ્નિને એક પુત્ર થયો. પરાક્રમી એવા તે પુત્રનું નામ રામ રાખ્યું. તે સમયે રેણુકાની એક મોટીબેન હસ્તીનાપુરના રાજા અનંતવીર્યની પત્ની થતી હતી તેને પણ પરાક્રમી એવો કૃતવીર્યનામે પુત્ર થયો.

જમદગ્નિનો પુત્ર રામ અનુક્રમે મોટો થયો. તે સમયે એક વખત [1]અતિસારના રોગની પીડાવાળો કોઈક વિદ્યાધર ત્યાં આવ્યો, રામે ઔષધ, ખાનાપાનાદિ ભકિત વડે એ વિદ્યાધરની ખુબ સેવા ભકિત કરી એને રોગરહિત કર્યો. રામની ભકિતથી પ્રસન્ન થયેલા એ વિદ્યાધરે રામને પરશુ નામની વિદ્યા આપી. વિદ્યાધરના ગયા પછી રામે એ પરશુવિદ્યા શરકટ નામના વનમાં જઈને સિદ્ધ કરી પરશુવિદ્યાની અધિષ્ઠાયિકા દેવીના વરદાનથી પરાક્રમી થયેલા રામ પરશુરામના નામથી પ્રખ્યાત થયા.

---

૧ ઝાડા.

જમદગ્નિ તાપસના પુત્ર પરશુરામના તેજથી રાજા અનંતવીર્ય સાથે એને વેર ઉત્પન્ન થયું. જેથી અનંતવીર્ય રાજાએ જમદગ્નિ તાપસના આશ્રમને ભાગી નાખ્યો. તેથી પરાક્રમી એવા પરશુરામે પોતાની પરશુથી અનંતવીર્યને મારી નાખ્યો. અનંતવીર્ય પછી એના પુત્ર કૃતવીર્યને રાજ-પ્રધાનોએ ગાદી ઉપર બેસાડયો કારણકે પિતાની સંપત્તિનો માલિક પિતા પછી પુત્ર જ થાય છે, એ નીતિ છે.

કૃતવીર્યને તારાદેવી નામે પટ્ટરાણી હતી. પિતાના વેરને યાદ કરી અનુક્રમે કૃતવીર્ય જમદગ્નિના આશ્રમ ઉપર ચઢી આવ્યો રાજાએ આશ્રમનો નાશ કરી જમદગ્નિને મારી નાખ્યો.

રાજા કૃતવીર્યની પાછળ પોતાની પરશુને જાજ્વલ્યમાન કરતો પરશુરામ હસ્તીનાપુર ધસી આવ્યો, એણે કૃતવીર્ય સાથે યુદ્ધ કરી એનું મસ્તક છેદી નાખ્યું. ને હસ્તીનાપુરની ગાદી ઉપર એ રૂપાળા મયુરાસન ઉપર ચઢી બેઠો. કેમકે પરાક્રમીને શું અસાધ્ય છે?

પરશુરામના દુસ્સહ તેજથી ભય પામેલી કૃતવીર્યની પટ્ટરાણી તારાદેવી જે ગર્ભવંતા હતાં તે એકદમ ત્યાંથી નાશી ગયાં. તારાદેવી કોઇક તાપસના આશ્રમમાં આવી ત્યારે ત્યાંના કુલપતિએ રાણીને પરશુરામના ભયથી ભોંય-રામાં સંતાડી દીધી. સમયને અનુસરીને ચાલવું એ શું ન્યાય નથી?

મોટા સામ્રાજ્યનો અધિપતિ થયેલો ને ક્ષત્રિયો ઉપર

રોષે ભરાયેલો પરશુરામ પૃથ્વીને નિઃક્ષત્રિય કરવાને ચાલ્યો. અનુક્રમે ક્ષત્રિયનો નાશ કરી નામશેષ કરી નાખ્યું, એવી રીતે પરશુરામે સાતવાર નક્ષત્રિયા પૃથ્વી કરી, નિષ્કંટકપણે રાજસંપદા ભોગવવા લાગ્યો. પુણ્ય જાગૃત હોય ત્યારે માનવીના ઉંધા દાવ પણ શું સીધા નથી પડતા ?

તાપસોના આશ્રમમાં રહેલી તારાદેવીએ ચોદ સ્વપ્નથી સુચિત પુત્રરત્નનો જન્મ આપ્યો, મહા પરાક્રમી ને શત્રુના ગર્વને તોડનારો એ પુત્ર અનુક્રમે યૌવન વયને પામ્યો માતા પાસેથી પોતાની સર્વ હકીકત સાંભળતાં ધિરજને નહિ સહન કરનારો તેમજ બીજાના પરાક્રમને નહિ જાણનારો તે તુરતજ હસ્તીનાપુર ધસી આવ્યો. પોતાના પરાક્રમ અને પુણ્ય તેજથી એણે પરશુરામની પરશુ નામની વિદ્યાને [1]નિરર્થક કરી મારી નાખ્યો, ને પિતાના વેરની પ્રતિજ્ઞા એણે પૂર્ણ કરી. તે પછી ચક્રરત્નને ધારણ કરનારો તે આઠમા સુભૂમ ચક્રવર્તી તરીકે વિખ્યાત થયો.

એ ચક્રવર્ત્તીના વંશમાં પણ અનેક નરપતિઓ થયા. અનુક્રમે આ શાંતનું રાજા થયો હતો. આ રાજા શાંત વૃત્તિવાળો, તેજ, ગૌરવ અને પ્રતાપથી શોભતો જ્યારથી હસ્તીનાપુરના મયુરાસન ઉપર આરૂઢ થયો ત્યારથી ભારત વર્ષની આર્યપ્રજાને સુખ અને શાંતિ હતાં. ન્યાયના ઉચ્ચ અને પવિત્ર માર્ગે ચાલનારો એ રાજા અન્યાયનું નામ માત્ર પણ સહન કરી શકતો નહિ. ગુણસંપન્ન અને પ્રજા વત્સલ છતાં ચંદ્રમામાં કલંકની માફક તેને મૃગયા રમવાનું ભારે

૧ નકામી.

દુર્વ્યસન હતું એ પાપમાં પ્રીતિવાળો હોવાથી એના બીજા ગુણો આચ્છાદિત—ઢંકાઈ જતા હતા. ગુલાબના મનોહર પુષ્પને પણ શું કાંટા નથી હોતા!

પ્રકરણ ૪ થું

ગાંગેય

"જનની જણે તો ભક્ત જન, કાં દાતા કાં શૂર,
નહીતો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર;"

એ શાંતનુ રાજાએ ભાગ્યયોગે પ્રાપ્ત થયેલી વિદ્યાધર બાલા ગંગાકુમારીને આશ્રમ વાસિનીને બદલે રાજમહેલ વાસિની બનાવી. ગંગાકુમારીએ પણ પોતાની પ્રતિજ્ઞા સિદ્ધ કરવા વિદ્યાધરોનાં સુખોનો ત્યાગ કરી જંગલમાં આશ્રમ-નિવાસ કરી તપસ્વિની બનવાનો માર્ગ સ્વિકાર્યો. ત્યાં એ વીરબાળા પોતાની પ્રતિજ્ઞા પાળવાને કુમારિકા વ્રતને ધારણ કરતી રૂષભદેવની પૂજા કરવા લાગી. કિંતુ પોતાના મનને પ્રતિજ્ઞાથી જરાય શિથિલ થવા દીધું નહિ. વિધિ બળવાન છે. તેથી માનવી જો પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહે છે એનું મન પ્રતિજ્ઞાથી ચલાયમાન થતું નથી તો આખરે પ્રતિજ્ઞા સિદ્ધ થાય એવું વાતાવરણ અને સંજોગો ઉભા થાય છે. ને એનાં રૂડાં ફલને ય મેળવે છે.

ગંગાકુમારી પણ એ કરેલી પ્રતિજ્ઞાનું રૂડુ ફલ શાંતનુ જેવા ભરથારને પામીને ભોગવી રહી હતી. એક બીજાના હૃદયના ઉંડાણમાં ઉતરી ગયેલાં બન્ને પરમસુખથી દિવસો

વ્યતિત કરતાં હતાં. રાજા પણ આ વિદ્યાધર બાલાના સુખી સહવાસમાં પોતાના ભાગ્યની પ્રશંસા કરી રહ્યો હતો. એવા સુખી દિવસોને જતાંય કાંઇ વાર લાગે છે? સમય તો પોતાનું કાર્ય કરી રહ્યો છે. પણ સુખલુબ્ધ[1] માનવીજ પોતાની ફરજ સમજતો નથી. સમય આવે વાતને ફેરવ-વાને પણ તે ચુકતો નથી. કેમકે જગતમાં ગરજવાનને અક્કલ હોતી નથી.

રાજવૈભવનાં અપૂર્વ સુખ અને ગંગાદેવીના મીઠા સહવાસમાં પણ રાજા શાંતનુ મૃગયા રમવાનું વ્યસન છોડી શકયો નહિ. અવસર પ્રાપ્ત થતાં તે મૃગયાની તકનો પણ લાભ જવા દેતો નહિ. ભારે દુર્દશા કરનારૂં માનવીનું વ્યસન મનુષ્ય પ્રકૃતિની જેમ શી રીતે છુટી શકે?

ગંગાદેવીની વારંવાર નમ્રતાપૂર્વક કરાયેલી પ્રાર્થનાથી માનો કે રાજા કદાચ શિકારે જતાં અટકી જતો પણ એનો સર્વથા ત્યાગ એનાથી થઈ શકયો નહિ. સમર્થ અને શક્તિ-વાન ગણાતો માનવી પણ જ્યારે કુટેવો અથવા તો કોઇ બુરી આદતોને વશ થઈ જાય છે ત્યારે તે ખુબ પામર બની જાય છે. ઉપરથી સારૂ જણાતું એનું [2]આંતરિક જીવન પછી તો ધીરે ધીરે ખુબ ખરાબ થતું જાય છે છતાંય માનવી નાનીશી આદતનો પણ ત્યાગ કરવાને સમર્થ થતો નથી. કેમકે પામર બનેલો માનવી એ આદતો—કુટેવોથી ખુબ ટેવાઈ ગયેલો હોય છે કે જેથી એ કુટેવો નથી તો છોડવી ગમતી, નથી તો ત્યાગવાની વાત સાંભળવી ગમતી!

---

૧ લંપટ. ૨ ખાનગી.

રાજા પણ આખરે તો માનવી હતો. બળ, ઐશ્વર્ય, વૈભવ, ઠકુરાઈ, યૌવન અને અવિવેકતા એ બધામાં મસ્ત બનેલો ને મૃગયાના શોખમાં ઉન્મત્ત થયેલા એને એના ત્યાગની વાત શી રીતે ગમે !

દેવતાની માફક પાંચે પ્રકારની ઈંદ્રિયોનાં વિષયસુખ ભોગવતાં એ સુખી દંપતિનો કેટલોક સમય સુખમાં પસાર થઈ ગયો તે દરમિયાન ગંગાદેવી સગર્ભા થઈ, ગર્ભના ઉત્તમ પ્રભાવથી બળવાન અને ગુણવાન પુત્રને સૂચવનારા દેવીને રૂડા મનોરથ થવા લાગ્યા; રાજાએ દેવીના મનોરથ પૂર્ણ કર્યા. કારણ કે ગર્ભવંતી સ્ત્રીઓના મનોરથો પણ ગર્ભના પ્રભાવને અનુસરીને જ હોય છે. દેવી પણ સારી રીતે ગર્ભને પોષવા લાગ્યાં. ગર્ભના પ્રભાવથી દેવી અધિક તેજવાળાં થયાં, સૂર્યથકી પણ અધિક રીતે પ્રકાશવા લાગ્યાં. મેરૂ પર્વત તેમને દંડ જેવો લાગ્યો ને સમુદ્ર ગાયના પગલા સમાન જણાયો એ બધો ગર્ભનો જ પ્રભાવ !

એ રીતે ગર્ભનું પાલન કરતાં દેવીએ પૂર્ણ માસે એક તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો શુભ સ્વપ્નથી સૂચિત એ પુત્ર અધિકપણે પ્રકાશવા લાગ્યો. રાજસભામાં એક દાસીએ આવીને મહારાજ શાંતનુ રાજાને વધામણિ આપી. "મહારાજા ? ગંગાદેવીએ મહાન તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો છે." વધામણિ આપનાર દાસીની પાસેથી આનંદજનક સમાચાર સાંભળી સભા સહિત રાજા ખુબ હર્ષવાન થયો. રાજાએ તરતજ બંધીવાનોને છોડી મુકવાનો હુકમ કર્યો. દાસીનું દારિદ્ર દૂર કર્યું. ને અનેક પ્રકારે માંગલિક

વાજીંત્ર વાગવા લાગ્યાં. રાજકુમારના જન્મની વધામણિથી નગરમાં આનંદઆનંદ વર્તાઈ રહ્યો. નરપતિએ પુત્રજન્મનો મોટો જન્મ મહોત્સવ કર્યો. રાજદરબારમાં અનેક પ્રકારે વધામણાં થયાં. નગરમાં ઘેરઘેર મંગલગીતો ગવાયાં, નાટક પ્રેક્ષણક જોવા વડે લોકો આનંદ સાગરમાં ક્ષણભર પોતાના દુઃખને પણ વિસરી ગયા. ને ગંગાદેવીના આનંદની મર્યાદા તો કાંઈ પાર વગરની હતી.

રાજાએ અંતઃપુરમાં આવી પુત્રનું મુખદર્શન કર્યું. પોતાની મૂર્તિસમાન તેજસ્વી એ બાલપુત્રને જોઈ રાજા ખુબ પ્રસન્ન થયો અશૌચ—અપવિત્રા નિવૃત્ત થયા પછી રાજાએ પુત્રનો નામસંસ્કાર કર્યો. ગંગાદેવીના નામ ઉપરથી પુત્રનું નામ રાખ્યું ગાંગેય !

ગંગાદેવીના ઉત્સંગમાં ક્રીડા કરતો ને ધાવમાતાઓથી લાલનપાલન કરાતો એ બાળક અનુક્રમે બીજના ચંદ્રમાની માફક વૃદ્ધિ પામવા લાગ્યો. બાલ ચાપલ્યને ઉચિત ક્રીડા કરતા એ બાળકને જોતાં માતાપિતાના આનંદનો તે કાંઇ પાર ! અથવા તો રાજતેજને શોભાવનારા એવા ભાગ્યવાન પુત્રને જોઈ કયાં માતાપિતા હર્ષ ન પામે ?

દુર્ગુણી હો કે ગુણવાન હો પરન્તુ માણસનું પૂર્વ-ભવનું પુણ્ય જાગૃત હોય તો આ ભવમાં પણ એના શુભ અંકુરો પ્રગટ થાય છે. ને પુણ્યના ફલરૂપ એક પછી એક એની અભિલાષાઓ પણ પૂર્ણ થાય છે. અનેક પ્રકારે સુખ સાહેબી મળે છે. પુત્ર, કલત્ર,[1] (ઐશ્વર્ય,) સૌભાગ્ય,

---

૧ સ્ત્રી.

વૈભવ સર્વે કંઈ શું પુણ્યવાન નરને નથી મલતું ? એવું પુણ્ય શુદ્ધ ધર્મકરણી કરવાથી જ એકઠું થઈ શકે છે. માટે હે જીવ ? હે માનવી ? આ સંસારમાં સુખી થવું હોય તો પાપનાં કાર્ય છોડી ધર્મ કરવાનો ઉદ્યમ કર ?

બાલચાપલ્યની ક્રીડાથી માતાપિતા વગેરેને આનંદ પમાડતો ગાંગેય માંડ માંડ ચાલતાં શિખવાનો ઉદ્યમ કરવા લાગ્યો ને કાલાકાલા શબ્દ બોલા બધાંના મનને આકર્ષી લેતો હતો. બાલક છતાં દાસીઓ પણ એની દોડાદોડને પકડી શકતી નહિ. એવી બાલચાપલ્યની ક્રીડાને જોતાં એની માતાના આનંદનું તો પૂચ્છવું જ શું ?

પ્રિયા અને પુત્રનો સુખી સહવાસ હોવા છતાં તેમજ મનને બીજી દિશા તરફ ખેંચી જવાની અનેક પ્રકારની અનુકૂલતા છતાં નવાઈ તો એ છે કે રાજા મૃગયા રમવાના દુર્વ્યસનને છોડી શક્યો નહિ. પ્રિયાની શરતની [1]અવગણના કરતો રાજા કોઈ કોઈ વાર મૃગયા રમવાનું ભૂલતો નહિ. કારણ કે દુર્વ્યસનમાં ફસેલા માનવીઓ જલદીથી ક્યારે પણ વ્યસનથી છુટયા છે ખરા ?

રાજાના આવા વર્ત્તનથી પવિત્ર હૃદયવાળી ગંગાદેવીનું મન ખુબ કચવાતું હતું. નમ્રભાવે તે વારંવાર પતિને વિનવતી હતી છતાં રાજાને એની કાંઈપણ અસર થતી નહિ. પાપકર્મનો ઉદય હોય ત્યાં સુધી આત્મા સાથે વજ્રલેપની માફક ચોંટેલાં દુર્વ્યસનો ત્યાગવાનું મન થતું નથી. કારણકે ભવિષ્યમાં જેવી ગતિ થવાની હોય છે તેવી જ મનુષ્યની

---

૧ ભંગ કરતો.

મતિ થાય છે સંયોગો પણ તેવાજ પ્રાપ્ત થાય છે એમાં ઉપદેશ કે શિખામણ તે બિચારી શું અસર કરે ?

પ્રકરણ ૫ મું.

વિયોગ

" જે મતિ પીછે નિપજે, તે મતિ આગે હોય;
કાજન બીગડે આપણો, દુર્જન હસે ન કોય. "

" રાજા તો દીન, દુઃખી અને અનાથ જીવોનું પાલન કરે. દુર્જનોને શિક્ષા કરી સજ્જનનું રક્ષણ કરે. પોતાની આજ્ઞામાં વર્ત્તતી પ્રજાનું ન્યાયથી પોષણ કરે, એ રાજધર્મને તો બરાબર જાણો છોને મહારાજ ? " એક દિવસે શિકાર માટે સજ્જ થયેલા રાજાને જોઈ ગંગાદેવીએ સમજાવવાનો પ્રયત્ન કર્યો. અનેક પ્રાણીઓની હિંસામાં તત્પર થયેલા રાજાની આતુરતાથી દેવીના હૃદયમાં ધ્રાસકો પડયો.

" તે તમારૂં કથન વ્યાજબી છે. પ્રજાને હું ન્યાયથીજ પાળું છું. કોણ એવો બે માથાનો માનવી છે કે મારી ગરીબ પ્રજાને રંજાડી શકે. " એ શિકારનો શોખીન રાજા બોલ્યો.

" રાજા જેવી રીતે મનુષ્યનું રક્ષણ કરે તેવી રીતે એના રાજ્યમાં રહેલા પશુ પક્ષીઓનું પણ શું રક્ષણ ન કરી શકે? મહારાજ ! " દેવીએ વાતની દિશા સમજાવવા માંડી.

" જરૂર કરી શકે ! " રાજાએ કહ્યું.

"તો અત્યારે આપ કોનું રક્ષણ કરવા જાવ છો? અથવા શું આપે કોઇ બીજે કામે જવાની તૈયારી કરી છે દેવ?" દેવીનો પ્રશ્ન સાંભળી રાજા વિચારમાં પડયો—ચમકયો.

"દેવી? વિચાર થયો કે જરી શિકારનો શોખ કરી આવું. મૃગયા રમીને હમણાંજ પાછો આવું." નફ્ફટાઈ ભરેલો રાજાનો જવાબ સાંભળી દેવી આશ્ચર્ય પામતાં હોય તેમ બોલ્યાં.

"મૃગયા રમવા! સ્વામિન્! આ શું? એ તો મહાન પાપ છે તે શું આપ જાણતા નથી?"

"જાણું તો છું! પણ શું કરૂં? એ મહાન્ પાપમાં હું ફસાઇ ગયો છું. એનો ત્યાગ કરવાને તેથી જ હું આજે અસમર્થ થયો છું." નિરાશ થતો રાજા બોલ્યો.

"સ્વામિન્? આપ મોટા રાજા તેમજ પરાક્રમી જેવા પણ આવું નિર્માલ્ય બોલે તે આપને શોભે છે વારૂ? શા માટે મૃગયાનો ત્યાગ કરતા નથી? મૃગયાના પાપથી માનવી મરીને દુર્ગતિએ જાય છે એ શું આપ જાણતા નથી કે?"

"છતાંય નિરૂપાય છું. એ વ્યસન ત્યાગ કરવાને જરાય શક્તિવાન્ નથી."

"ઓહ!!! દેવ! આ શું બોલો છો, ભારતવર્ષમાં અત્યારે આપના જેવો કોઈ નરપતિ નથી એવા અનેક ગુણોથી ભરપુર ચંદ્રમામાં કલંકની માફક આપનામાં પણ આ મોટું કલંક નથી શું?"

"જરૂર એ મહાન કલંક છે ને છેવટે તે, મને બરબાદ કરશે એ જાણવા છતાંય મારાથી આ કલંક તજી શકાતું નથી એ ઓછા દુઃખની વાત છે દેવી?" પશ્ચાત્તાપ કરતો રાજા બોલ્યો.

"રાજા તરીકેની ફરજ કરતાંય ધર્મ સાથેના સંબંધથી પણ એની ઓછી અગત્ય છે શું? અહિંસા એ સકલ ધર્મનું મૂળ છે દરેક શાસ્ત્ર અહિંસાને તો માન્ય રાખે છે ને જૈનશાસ્ત્ર તો ખુબ ઝીણી દૃષ્ટિથી અહિંસાની અગત્ય સ્વિકારે છે. તો એ શાસ્ત્રની ઉપરવટ થઈ વ્યવહાર વિરૂદ્ધ આચરણ કરવું એનો કાંઈ અર્થ?"

"એમાં વ્યવહાર કે ધર્મ સંબંધીનો કાંઈ સ્વાલજ નથી. પૂર્વના પાપના ઉદયથી મન મારૂં એમાંજ લાગી ગયું છે ત્યાં થાય પણ શું?" વાતને ટુંકાવતો રાજા બોલ્યો.

ધર્મના કાયદાઓને તો તમારે પણ માન આપવું જોઈએ. ધર્મ આજ્ઞા મુજબ શું રાજાએ નહિ વર્ત્તવું? એ કાયદો રંક કે રાય દરેકને માટે સરખો છે એ તમારે ભુલવું જોઈએ નહિ. માટે મનને નિયમમાં રાખી આ મૃગયાનું વ્યસન હે સ્વામિ! તમે તજી દ્યો!" દેવીએ આગ્રહ ચાલુ રાખ્યો.

"અરે! આવી નજીવી બાબતમાં આટલો બધો આગ્રહ શું? જો કે આ કાર્ય મારે માટે દુઃસાધ્ય છે છતાંય આજે તો જરી મૃગયાનો શોખ કરી આવું? તમારી વાતનો વિચાર કોઈ બીજી વખતે કરશું!"

"અત્યારે ય ન જાઓ તો શું થાય? નહિ જાઓ તો તમને પુણ્ય થશે, અનેક જીવોના અભયદાનનો તમને લાભ મળશે. તમારી શિકારી સેના પાપ કરતી અટકશે." દેવીએ દયાથી થતો લાભ જણાવ્યો.

"એ તે શી રીતે બની શકે? સંસાર છોડી સાધુ થવું સારૂં, પણ આ તો ઘણું કષ્ટ સાધ્ય કહેવાય એ મારાથી તો બની શકે જ નહિ દેવી!" રાજાએ દલીલ ચાલુ રાખી.

"અરે સ્વામિ! નિરપરાધી અને ઘાસ ખાઈને જીવનારા એવા ગરીબ પશુઓને મારવામાં શું આપનું રાજતેજ શોભે છે? આ મહાન્ પાપમાંથી તમે કયારે અને કેવી રીતે છુટશો ત્યારે? માટે હજી પણ હું વિનવું છું કે આપ આ પાપી શોખને તજી દો!"

"દેવી! એવી ખોટી જીદ ન કરશો મને અત્યારે તો જવા દો? એ શોખ પુરો કરવા હું તો અવશ્ય જવાનો જ!" રાજાએ પોતાનો કક્કો ખરો કર્યો.

"શું આપ આપનું વચન ભૂલી ગયા? લગ્ન પ્રસંગે આપે મારી શરત માન્ય કરેલી તે વચન યાદ કરો. એ વચન તમારાથી તોડાશે નહિ. મૃગયા રમવા હવે જવાશે નહિ!" ગંગાદેવીના વચનથી રાજા વિચારમાં પડ્યો દેવીની જીદથી રાજાને કંટાળો આવ્યો દેવીના વચનને નહી ગણકારતો રાજા જવાને ઉત્સુક થયો.

"ત્યારે શું તમે વચન ભંગ થશો? તમારા જેવા પુરૂષો જ્યારે વચનભંગ થશે ત્યારે કંઈક નવાજુની થઈ

જશે ને મારા હૃદયને ખુબ દુઃખ થશે સજ્જનો તો કદિ વચનભંગ થતા નથી."

"શું કરૂં? તમારી સમક્ષ કરેલી પ્રતિજ્ઞા મને યાદ છે પણ દુર્વ્યસન એ મહા પાપ છે તેજ તારી પ્રતિજ્ઞા તોડાવે છે તેથી નિરૂપાય છું દેવી!" રાજાની નફ્ટાઈ અને વચનભંગથી દેવી ખુબ નારાજ થઈ ખુબ વિચારમાં પડી ગઈ. "ઓહ! શું આટલો બધો રાજાને વ્યસનનો છંદ લાગ્યો છે કે એની આગળ પત્ની અને પુત્રને પણ ભૂલી જાય છે અમારો સ્નેહ પણ આડો આવતો નથી વાહ વિધાતા! વાહ!"

રાજા તો દેવીને વિચાર કરતી મુકીને રાજકુમાર ગાંગેયને માથે હાથ ફેરવતો ને મૃદુ હાસ્યથી એનો સત્કાર કરતો પોતાનો શોખ પુરો કરવાને ચાલ્યો ગયો સમજાવટ છતાંય અવગણુના કરવાથી ગંગાદેવી ખુબ રીશે ભરાણી પોતાના માનનું મર્દન થવાથી એ માનિની ગંગાદેવી ગાંગેયપુત્રને લઈને તરતજ પોતાના પિતાને ઘેર ચાલી ગઈ.

મૃગયાની રમત પૂરી કરી રાજા પ્રિયાપુત્રથીરહિત એ રાજમહેલમાં પધાર્યા. એ શૂન્ય રાજમહેલમાં ગંગાદેવી અને ગાંગેયને નહિ જોવાથી ગભરાયેલા રાજાએ વ્યાકુળતાથી તપાસ કરી. દાસીએ બીતાં બીતાં પટ્ટદેવીની વાત કહી દીધી. "મહારાજ! આપે એમના વચનની અવગણુના[1] કરવાથી દેવી પુત્રને લઇ પિતાને ઘેર ચાલ્યાં ગયાં."

---

૧ ઉલ્લંઘન-ભંગ.

હૃદયને ક્ષોભ[1] કરનારાં એ વચન સાંભળી શોકથી આકુળ વ્યાકુળ થયેલો રાજા એકદમ મુર્છિત થઈ ગયો. "ઓહ ! દેવી ! આ તે શું કર્યું ?"

પરિવાર બધો ભેગો થઈ ગયો અનેક ઉપચાર કરવાથી રાજાની મુચ્છી વળી, રાજા સાવધ થયો. ને વિલાપ કરવા લાગ્યો. "આહ ? મારી સાધ્વી સ્ત્રી અને પુત્ર કયાં ગયા ? અરે ? હું તમારૂં મુખ હવે કયારે જોઈશ ? તમારા વિના હું શી રીતે જીવીશ ? અરે ? મારૂં શું થશે ? તારા જેવી સ્ત્રીરત્નનું વચન ન માનવાનું ફલ મને અહીયાં જ મળ્યું. હા ? દુર્વ્યસનને વશ થઈ તારૂં વચન ન માન્યું તે મેં કંઇ ઠીક કર્યું નહિ. બલ્કે વચન ભંગ થવાથી મેં મારા શુદ્ધ જીવનને દુષણ લગાડયું. જેથી હવે મારે હમેશ પસ્તાવાનું રહ્યું રે ? વિધાતા ! તેં મારા સુખી જીવનની ખાનાખરાબી કાં કરી ?"

શોકમાં મુંઝાયલો રાજા કેટલોક સમય તો મૃગયાને પણ ભૂલી ગયો મંત્રીઓના ઉપદેશથી અને સમયના જવા સાથે ધીરે ધીરે એ સ્મશાન વૈરાગ્ય ઓછો થયો તેમ એની વૃત્તિ પાછી મૃગયા રમવા તરફ આકર્ષાણી[2] કારણ કે જેનો જેવો સ્વભાવ પડેલો હોય છે તે મરતાં લગી પ્રાયઃ એવોજ રહે છે.

રાજા શાંતનુ ધીરે ધીરે મૃગયાના વ્યસનમાં એ પ્રાણાધિક પ્રિયા અને પુત્રને પણ ભૂલી ગયો. વાહ કુદરત તારી બલિહારી !

---

૧ દુઃખ કરનારાં. ૨ ગઈ.

પ્રકરણ ૬ ઠું.

પિતાને ઘેર

દયા ધર્મકા મૂલ હય, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છોડીયે, જબ લગે ઘટમાં પ્રાણ.

"આહ! વ્યસનના વશ પડેલો માનવી જગતમાં કયુ અકાર્ય નથી કરતો? રાજાએ દુર્વ્યસનને આધિન થઈને અરે? મારી તો શું પણ પુત્રનીય દરકાર ન કરી. એમણે પોતાના વચનનીય પરવા ન કરી, રાજા થઈ પોતાના વચનનો ભંગ કરવો, પ્રતિજ્ઞા ભ્રષ્ટ થવું એ શું એમને યોગ્ય હતું? એવા પાપાસકતને[1] વચન ભંગ કરનારા પતિથી શું? આ ભવસાગરમાં એમની સાથે મારે પણ શું ત્યારે આ મનુષ્યભવ હારી જવો? આ સંસારમાં પતિ કરતાંય મનુષ્ય જીવન માટે એક શ્રેષ્ઠ વસ્તુ છે અને તે શુદ્ધ ધર્મ!" પિતાને ઘેર રહેલી મનસ્વિની ગંગાદેવી એ પ્રમાણે વિચારો કરતી પોતાનો સમય ધર્મકાર્ય કરવા વડે વ્યતિત કરવા લાગી. વચન ભંગ કરનારા પતિનો ત્યાગ કરી પુત્ર સહિત આવેલી આ પોતાની પુત્રીનો જન્હુ રાજાએ માન સન્માનથી સત્કાર કરી ખુબ મીઠા શબ્દોથી એના હૃદયના શોકને દૂર કર્યો. "પુત્રી? અમારા સારે ભાગ્યે આજે તારાં દર્શન થયાં, તું અહીંયાં રહીને ધર્મ સાધન કરી તારા આત્માને પાપરહિત કર. તારા આ ભાગ્યશાળી પુત્રને મોટો કર! આ પરાક્રમી ભાણેજ તારા મનોરથ પુર્ણ કરશે, એના

---

૧ પાપમાં પ્રીતિવાળા.

પિતાનું અભિમાન જરૂર ઉતારશે."

માતાપિતાનો આદર સત્કાર પામેલી ગંગાદેવી ધર્મકાર્યમાં સમય વ્યતિત કરતી પુત્રને મોટો કરવા લાગી. દુઃખમાં પણ એ તેજસ્વી પુત્રને જોઈ એની શોકની લાગણીને પણ ભૂલી જતી. અત્યારે તો પુત્રજ એનું સર્વસ્વ હતો. જીવનની કોઈપણ આશા આ પુત્રજ હતો. જેથી ધર્મકાર્ય કરતી એણે પોતાના પુત્ર ગાંગેયની કેલવણી તરફ પણ ધ્યાન આપવા માંડયું.

સમય જેમ જેમ [1]વ્યતિત થયો તેમ ગાંગેય પણ વૃદ્ધિ પામવા લાગ્યો મોશાળમાં વૃદ્ધિ પામતો ગાંગેય પોતાના સમોવડીયાઓ સાથે રમવાને મસ્તીતોફાન કરવા લાગ્યો. એના મામા પવનવેગ તેમજ બીજા અનેક વિદ્યાધરોના ઉત્સંગમાં રમવા લાગ્યો. મોશાળમાં પાંચ વર્ષ તો એ પ્રમાણે ગાંગેયને બાલક્રીડા કરવામાં વહી ગયાં.

યોગ્ય ઉમરનો થતાં પવનવેગે એના અભ્યાસ તરફ ધ્યાન આપ્યું. શસ્ત્ર અને શાસ્ત્રનો અભ્યાસ કરવા માટે ગાંગેયને ગુરૂની પાસે મુકયો. ગુરૂ પાસે અભ્યાસ કરતાં ગાંગેય ધીરે ધીરે શાસ્ત્રનો [2]પારંગામી થયો ને શસ્ત્રવિદ્યામાં પણ ખુબ કુશળ થયો, બુદ્ધિશાળીને પૂર્વભવનો ક્ષયોપશમ સારો હોવાથી અભ્યાસ કરતાં ગાંગેયને વાર લાગી નહિ. જેમ જેમ વયથી તે મોટો થતો ગયો તેમ અભ્યાસમાં પણ તે કુશળ થયો, શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યામાં ગાંગેય ખુબ નિપુણ[3] થયો.

---

૧ પસાર. ૨ જાણનારો. ૩ હુશીયાર.

તે જમાનામાં સર્વશ્રેષ્ઠ વખણાતી જે ધનુર્વિંદ્યા, એ ધનુર્વિંદ્યા તો એવી સરસ એણે સિદ્ધ કરી કે એની આગળ સર્વે વિદ્યાધરો તૃણ સમાન ગણાવા લાગ્યા. એની નિશાન તોડવાની શક્તિ, એની ધનુર્વિંદ્યા જોઈ એના ગુરૂ અને મામો આશ્ચર્ય પામી જતા હતા. એનું બાહુબળ, એની ધનુર્વિંદ્યા અને બીજી અનેક પ્રકારની શસ્ત્રવિદ્યાથી ગાંગેય ખુબ શોભવા લાગ્યો, અનુક્રમે તે નવીન તારૂણ્ય વડે મૂર્તિંમાન કામદેવ હોય તેવો રમણીજનને વલ્લભ થયો.

વિજયાદશમીના વિજય ઉત્સવમાં એ શ્રેણિના વિદ્યાધર કુમારોની ધનુર્વિંદ્યાની એક મોટી પરીક્ષા થઇ. નિશાન વડે લક્ષ્યબિંદુ સાધવાની એ હરીફાઇમાં સર્વ વિદ્યાધરોની મધ્યમાં ગાંગેય વિજયી નિવડયો. બાહુબળની પરીક્ષામાં પણ ગાંગેય અજેય ગણાયો. એ રીતે મોશાળપક્ષમાં વૃદ્ધિ પામતાં ગાંગેયને ચોવીશ વર્ષ વહી ગયાં. બળવાન, વીર્યવાન, અને મહાન્ શક્તિશાળી હોવાથી યુદ્ધ માટે એની ભુજાઓ ફરકવા લાગી. બાહુના યુદ્ધમાં, વાણીના યુદ્ધમાં, અને ધનુર્વિદ્યાના યુદ્ધમાં તે ગમેતેવાની સાથે હરીફાઈમાં ઉતરીને તેને હરાવી દેતો હતો. તેથી બાળક છતાં નામાંકિત વીરોમાં એની ગણના થવા લાગી, સમસ્ત વિદ્યાધરની શ્રેણિમાં એના પરાક્રમની યશગાથા ગવાવા લાગી. કિન્નરીઓ, ગાંધર્વી અને વિદ્યાધર બાલાઓ એના પરાક્રમનાં ગીત ગાવા લાગી કોઇ એના પરાક્રમના રાસડા લેવા લાગી. એ રીતે ગાંગેયનું પરાક્રમ સર્વ ઠેકાણે વખણાવા લાગ્યું.

તે જમાનામાં ધનુર્ધારીયોમાં શ્રેષ્ઠ અને બલવાન,

મહારથી ગાંગેયના પરાક્રમથી શત્રુઓ ક્ષોભ પામવા લાગ્યા. જેથી એની માતા ગંગાદેવીએ જાણ્યું કે "રખેને પુત્રના પરાક્રમથી હારેલો શત્રુ એને મહેણું મારે કે આ કોનો છોકરો છે." એમ સમજી માતાપિતા અને બંધુજનની અનુજ્ઞા[૧] મેળવી તે ગંગાના રમણીય કિનારા ઉપર આવી પૂર્વના આશ્રમમાં નિવાસ કરવા લાગી. સાદુ જીવન બનાવી શ્રી આદિનાથની પૂજા કરતી મનને વૈરાગ્યવંત બનાવવા લાગી. માતાને ભક્તિમાન્ ગાંગેય પણ માતાની સાથે રહેતો જીનેશ્વરની પૂજા કરતો હતો, કારણ કે જગતમાં પુત્રને માતાના ઉપકાર સર્વથી અધિક હોય છે.

એ ભદ્રિક પ્રકૃતિવાળો ને સારા સંસ્કારવાળો હોવાથી ગાંગેયને નિરર્થક હિંસા કરવાનું કે કોઈ જીવને ત્રાસ આપવાનું ગમતું નહિ. ધનુષ્યને ધારણ કરનારો હોવા છતાં તે કોઈપણ પ્રાણીની હિંસા કરતો નહિ. કિંતુ બલવાનથી નબળા પ્રાણીની રક્ષા કરવાની લાગણી એના કોમળ હૃદયમાં સ્થાન મેળવતી હતી, કેમકે પ્રાણીને સારા યા ખોટા પરભવના સંસ્કારો જ અંતઃકરણની[૨] પ્રવૃત્તિમાં[૩] કારણભૂત હોય છે.

પૂર્વે કુમારિકાપણામાં ગંગાદેવીએ જે ઠેકાણે નિવાસ કરેલો તેજ આ પવિત્ર સ્થાનક હોવાથી એ પવિત્ર ભૂમિ ઉપર ગંગાદેવીએ ફરીને પણ શુદ્ધ વાતાવરણ[૫] ઉભું કર્યું હતું: સતીયોમાં [૬]શિરોમણિ ને આર્ય અબળાઓમાં મુખ્ય ગંગાદેવીનું મન સંસાર પરથી હવે ઉઠી ગયું હતું.

૧ આજ્ઞા. ૨ હૃદયની- ૩ લાગણી. ૪ હવા. ૫ ઉત્તમ.

મહાસતી સીતાજીની માફક એના હૃદયમાં પણ દીક્ષા લેવાની ભાવના જન્મી હતી. એ જાણતી હતી કે આત્માના ઉદ્ધારનો માર્ગ [1]ત્યાગની પ્રતિજ્ઞા વગર ન જ બની શકે. મોહ માયા અને સંસારનાં બંધનોથી [2]મુક્ત થયેલો આત્માજ શિવસુખને પ્રાપ્ત કરી શકે.

ઉચ્ચ અને [3]સાત્વિક અભિલાષાવાળી ગંગાદેવીને આશા હતી કે કોઇક દિવસે પણ ગાંગેયને એના પિતા સાથે મેલાપ થશે કારણ કે વિધિ હમેશાં વિચિત્ર હોય છે. માનવીને માટે જે કાર્ય દુઃસાધ્ય હોય તે વિધાતાની મરજીથી સહેજે સહેજે બની શકે છે.

માતાને ભક્તિવાન ગાંગેય પણ કુદરતની રમણિય લીલાને જોઇ આનંદ પામતો પોતાના દિવસો સામાન્યપણે પસાર કરતો હતો એણે આ સુંદર વાટિકાની આસપાસ અઠ્ઠાવીશ ગાઉ ફરતું [4]માંડલું બનાવ્યું જેમાં અનેક પ્રકારના જીવો—પશુપંખીઓ નિર્ભયપણે [5]વિચરવા લાગ્યા. એ માંડલાની અંદર કોઈ શિકારી પણ આવીને શિકાર કરવાની [6]અભિલાષા રાખતો નહિ. અથવા તો એના પરાક્રમથી શિકારી પણ એ મંડલમાં પ્રવેશ કરવાની હિંમત કરતો નહિ.

પ્રકરણ ૭ મું.

ગુરૂ સમાગમ

બડા બડાઇ ના કરે, બડાન બોલે બોલ.
હીરા મુખસેં ના કહે, લાખ હમારા મોલ;

૧ દીક્ષા. ૨ છુટો પડેલો. ૩ સારી. ૪ મેદાન. ૫ ફરવા. ૬ ઇચ્છા

ગાંગેયની સાથે ગંગાદેવીને નિવાસ કરતાં થોડોક સમય પસાર થયો, ત્યારે [1]સ્વેચ્છાએ વિચરનારા, ને આકાશ ગમન કરનારા ચારણમુનિઓ (સાધુઓ) તીર્થોને વંદન કરતા કરતા ગંગાના કિનારા ઉપર રહેલા શ્રી રૂષભદેવના ચૈત્યમાં આવ્યા. જીનેશ્વરને નમી—વંદન કરી. સ્તુતિ કર્યા બાદ જીનમંદિરની બહાર નિકળી થોડીવાર એક પવિત્ર સ્થાનક ઉપર બેઠા. એ અરસામાં ગંગાદેવી પુત્ર ગાંગેય સાથે ત્યાં આવી એ મુનિઓને વંદન કરવા લાગી. ને આહારપાણી વડે તેમની સેવાભક્તિ કરી. કારણ કે જેઓ સંસારના મોહબંધનોથી વિરક્ત થઇ આગમાર્ગમાં આગળ વધી [2]સાત્વિકજીવન જીવનારા હોય છે તેવાઓની સેવાભક્તિ પણ ખુબ લાભ કરનારી થાય છે.

ચારણમુનિઓ પણ પ્રભાવશાળી ગાંગેયને ધનુર્ધારી તેમજ રાજતેજથી શોભતો જોઇ [3]અહિંસાવ્રતનો ઉપદેશ કરવાનો વિચાર કરી તેને કહેવા લાગ્યા. " મહાનુભાવ ? આ સંસારમાં શૂરવીર એજ કહેવાય કે જે ખાસ કારણ સિવાય બીજા જીવને દુઃખી કરતો નથી. દુઃખ જેમ પોતાને પ્રિય નથી તો બીજા જીવોને તે કેમ ગમતું હશે ?

સર્વે જીવો પર કરૂણા રાખવી, નિરપરાધી કોઇપણ પ્રાણીને તારે મારવો નહિ. કારણ કે જે પ્રાણીઓ આપણી દયા ઉપર જીવતા હોય, તૃણનું ભક્ષણ કરી નિર્દોષ આનંદથી પોતાનું જીવન વ્યતિત કરતા હોય. એવા જીવોની હિંસા મહાપાપને કરનારી છે નિરપરાધી જીવોની હિંસા

૧ મરજી મુજબ. ૨ ઉંચું. ૩ જીવદયા.

કરી પ્રાણીઓ મરણ પછી પરભવમાં ઘોર નરકની અંદર પરમાધામી વડે છેદનભેદનનાં દુઃખને સહન કરે છે એ છેદનભેદનની [1]કારમી વેદનાથી ભયંકર ચીસો [2]હિંસા કરનારા જીવને પાડવી પડે છે ત્યાં એનું રક્ષણ કરવાને કોઈ શક્તિવાન થતું નથી. દીર્ઘ કાળપર્યંત હિંસક પ્રાણીને એવાં નરકનાં દુઃખો સહન કરવાં પડે છે.

ધર્મનું મૂળ તો દયા—અહિંસા છે. અહિંસા એ આત્માને ઉચ્ચ માર્ગે લઈ જનારી ઉચ્ચ વસ્તુ છે. અહિંસાની પ્રતિજ્ઞામાં દૃઢ રહેનાર માનવી મન, વચન અને કાયાથી શૂરવીર બને છે. જ્યારે હિંસા એ જીવનને અધોગતિ[3] લઈ જનારી નરી ભયંકર કૃત્યા છે. એવી હિંસાનાં માઠાં ફલ જાણી હે વત્સ ? તારે હિંસાનો ત્યાગ કરવો. બલ્કે સર્વ ધર્મ સંમત જે દયા—અહિંસા તેને જ તારે જીવનની સહચરી બનાવવી. પૂર્વે પણ જીવ હિંસામાં આસક્ત[4] સુભૂમ ચક્રવર્તી જેવા પરાક્રમી પણ સાતમી નરક પૃથ્વીમાં પહોંચી ગયા. એવી પ્રાણીઓની હિંસાથી તારે નિવર્ત્તવું.

મહાનુભાવ ? રાજતેજથી શોભતો તું અહિંસાના વ્રતથી આ પૃથ્વી ઉપર મહાન પુરૂષોમાં પણ ખૂબ નામાંકિત થઇશ. આ લોકમાં એ વ્રતથી તું સુખી થઇશ ને પરલોકમાં પણ તારે માટે પરમસુખનો[5] માર્ગ મોકળો થશે. તારૂં ભાગ્ય અદ્‌ભૂત[6] છે કોઈ મોટા સામ્રાજ્યને

---

૧ આકરી. ૨ પાપ કરનારા. ૩ દુર્ગતિ. ૪ પ્રીતિવાળા. ૫ મોક્ષનો. ૬ સારૂ.

શોભાવનારૂં તારૂં અદ્‌ભૂત પરાક્રમ તેજ તેને શોભાવજે પણ બળ અને ઐશ્વર્યના મેદમાં તું હિંસાનાં માઠાં ફલને ભૂલીશ નહિ.

રાજમદ, બલમદ, ઐશ્વર્યમદથી, [1]ગર્વિષ્ઠ થયેલો જીવ જગતમાં કયુ અકાર્ય નથી કરતો? પરલોકને ભૂલી જઈ આ લોકના સુખમાં જ [2]ઉન્મત્ત થયેલો તે જીવહિંસા—પાપના કાર્યમાં ખુબ [3]રાચેલો રહે છે. જગતને ઉપકાર કરનારી ને પૂર્વના પુણ્યથી પ્રાપ્ત થયેલી એ શક્તિનો [4]દુરૂપયોગ કરી માનવભવ હારી જાય છે. માટે હે વીર? તું આ જગતમાં એવા પાપમાર્ગનો ત્યાગ કરી નીતિને માર્ગે જજે. વિના કારણે કોઇને ત્રાસ આપીશ નહિ. નિરપરાધીને સ્વપ્નમાં પણ દુઃખી કરીશ નહિ. દુર્જનોને શિક્ષા કરી સજ્જનોનું રક્ષણ કરજે પોતાના જીવનના નજીવા સ્વાર્થ માટે અન્યાય કરીશ નહિ. ધર્મ અને નીતિનો માર્ગ ગ્રહણ કરવાથી તું મોટી ઉન્નતિને પામીશ. ”

ચારણમુનિનો સમયને અનુસરી આત્માને હિત કરનારો ઉપદેશ સાંભળી ગાંગેય ગુરૂમહારાજને નમ્યો. એમની સ્તુતિ કરતો પોતાના આત્માનાં પાપમલ ધોવા લાગ્યો. કારણ કે મોટા ભાગ્યયોગે જ આવા પરમ ઉપકારી ગુરૂનો સમાગમ થાય છે. અને એમનો ઉપદેશ હૃદયમાં ઉતરવો એ તો એથી ય મહાન છે. “ મારા સારા ભાગ્યે આજે મને આપનાં દર્શન થયાં, ભગવાન? આત્માને ધર્મ અને

---

૧ અભિમાની. ૨ ગાંડો. ૩ પ્રીતિવાળો. ૪ ખરાબ કામમાં વાપરવી.

ન્યાયના ઉચ્ચ માર્ગે લઈ જનારી આ રૂડી હિત શિક્ષાને કોણ અભાગી ન ગ્રહણ કરે ? એકાંતે હિત કરનાર આપના ઉપદેશથી હું બનતા લગી પાપના કાર્યમાં પ્રવૃત્તિ કરીશ નહિ. ”

“ તો તું કંઈક પ્રતિજ્ઞા ગ્રહણ કર ? તારાથી બની શકે. પાળી શકાય એવી પ્રતિજ્ઞા—વ્રતને ગ્રહણ કર કે જેના પાલનથી જગતમાં તારી ખ્યાતિ—પ્રસિદ્ધિ થાય તું મહાન થાય. ”

ગુરૂદેવનું વચન સાંભળી ગાંગેય વિચારમાં પડયો. “ શું વ્રત લઉં ? ” પોતાના પરાક્રમને શોભે—શોભાવે તેવું વ્રત—પ્રતિજ્ઞા પણ હોવી જોઈએ. ”

“ ભગવન્ ? નિરપરાધી જીવને મારે મારવો નહિ. તેમજ યુદ્ધ નહિ કરતા એવા પુરૂષ ઉપર પણ યુદ્ધમાં મારે ઘા કરવો નહિ. અથવા તો સ્ત્રી—નપુંશક ઉપરે હું મારૂં શસ્ત્ર ચલાવીશ નહિ, એની સાથે યુદ્ધ કરીશ નહિ.” એ પ્રમાણેની મને પ્રતિજ્ઞા કરાવો.

ગાંગેયના અભિપ્રાય પ્રમાણે ચારણમુનિએ એને વ્રત ઉચ્ચરાવ્યું. એ પ્રતિજ્ઞા પાલન કરવા માટે એને દૃષ્ટાંતપૂર્વક સારી રીતે સમજાવ્યું “ ભાઈ ? તેં લીધેલી પ્રતિજ્ઞાનું ગમે તેવી મુશીબતોમાં પણ તું પાલન કરજે. કારણ કે પ્રતિજ્ઞા લેવી સહજ[1] છે પણ એનું પાલન જગતમાં અતિ [2]દુષ્કર છે. માટે શૂરવીર થઈને પાળજે. અહિંસાના પાલનથી—એમાં દૃઢ રહેવાથી તું મહાન્ વીરોનો પણ વીર થઈશ જગતમાં અદ્વિતીય વિજયી બલ્કે વિશ્વવિજયી થઈશ. ”

ચારણમુનિ ગાંગેયને પ્રતિજ્ઞા પાલનનો ઉપદેશ કરી ચાલ્યા ગયા. ગુરૂ સમાગમથી પોતાના આત્માને ધન્ય માનતો ગાંગેય જીવોની દયા પાલવામાં અધિક ઉત્સાહવાળો થયો. એની માતાએ પણ એની સારી પ્રશંસા કરી. " દિકરા ? તેં બહુ જ સારૂં કર્યું ! તારી પ્રતિજ્ઞાથી—વ્રતથી હું રાજી થઈ છું. એ પ્રતિજ્ઞાને પાલવામાં તું મહાન્ પરાક્રમી થજે. " ગંગાદેવીએ આશિર્વાદ આપ્યો.

માતાના વચનને અંગીકાર કરતો ગાંગેય વ્રતને પાલવામાં અધિક પ્રીતિવાળો થઈને પોતાના અઠ્ઠાવીસ ગાઉના મંડલમાં જીવોનું પ્રતિપાલન કરવા લાગ્યો, એની દયાના અધ્યવસાયની તિવ્રતાની અસર શિકારીને હિંસક જનાવર ઉપર પણ થવા લાગી. કે જેથી સિંહ અને વાઘ જેવા ક્રૂર[3] પ્રાણીઓ પણ નિર્બળ પ્રાણીને મારી શકતાં નહિ.

પુત્ર અને માતા પોતાનો સમય એ પ્રમાણે શાંતિમાં પસાર કરતાં હતાં. આવા ભયંકર જંગલમાં પણ પરાક્રમી પુત્રની [4]હુંફથી ગંગાદેવી નિર્ભય હતાં. કારણકે નભોમંડલમાં વિહાર કરતો ચંદ્રમા એકજ હોય છે છતાં તે સમસ્ત અંધકારનો નાશકરે છે સિંહણ પોતાના ફક્ત એકજ બાલકથી નિર્ભય થઈ જાય છે કેમકે કુલને લજવનાર અનેક પુત્રો કરતાં કુલદિપક એક જ પુત્ર હોય એ શ્રેષ્ઠ નથી શું ?

---

૧ સહેલી. ૨ ખુબ કઠણ. ૩ ભયંકર. ૪ સોબતથી.

પ્રકરણ ૮ મું.

પિતા અને પુત્ર

તુલશી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુએ ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય.

પ્રાણ અને પ્રકૃતિની જેમ મનુષ્યના જીવનમાં ઓત-પ્રોત[1] થયેલ વ્યસનની શરૂઆતમાં તો એ આનંદની ખાતર ગણકારતો નથી. શરૂઆતમાં જો એનાથી છુટી જાય તો તો ઠીક, નહીતર ધીરે ધીરે અભ્યાસરૂપે થયેલું વ્યસન જીવન સાથે એટલું બધું સંબંધવાળું થઈ જાય છે કે પછી એ દુર્વ્યસન સેવ્યા વગર એને જરીય ચાલતું નથી. ગમે તેટલી સમજાવટ, ઉપદેશ કે શિક્ષા છતાં તે વ્યસનને છોડવાને માનવી સમર્થ થતો નથી.

રાજા શાંતનુ ધનુર્ધારીયોમાં પોતાને શ્રેષ્ઠ માનતો પોતાની શિકારી સેના સાથે દૈવયોગે એકદા ગાંગેયવાળા નંદનવનમાં આવી ચડયો, શિકાર કરવાને યોગ્ય અનેક પ્રકારના પશુઓ જોઈ એના હૃદયમાં ખુબ ઉત્સાહ આવ્યો. જલવાળા અને પાશવાલા શિકારીઓથી આખાય વનને ઘેરી લીધું. ચારેકોર પાશ નંખાવી પશુઓને આંતરી લીધાં. એક બાજુ ધનુર્ધારીઓને ધનુષ્યનો ટંકાર કરવાનો હુકમ કર્યો. બીજી બાજુ વનમૃગલાઓ તરફ શિકારનું શિક્ષણ પામેલા શિકારી કુતરાઓ છોડી મુકયા, જેથી વનનાં બધાંય પશુઓ ખળભળી ઉઠયાં. ચારેબાજુએ નાશભાગ થવા લાગી,

---

૧ વળગેલું.

પણ નાશીને જાયે ક્યાં?

ગરીબ, અનાથ પશુઓનો રક્ષણ કરનાર પૃથ્વીપતિ અત્યારે તેમનો ભક્ષક[1] બન્યો હતો જેથી પ્રાણ બચાવવાની આશાએ નાશભાગ કરતાં આખરે પેલા પાશમાં પડવા લાગ્યાં, મોટા ફલંગો ભરતાં સસલાં અને મૃગલાં પણ નાશભાગ કરતાં પાશના ફાંસલામાં સપડાઇ જતાં હતાં. વાઘ, સિંહ, પાડા, અને વનહસ્તિઓની સ્થિતિ જ્યાં દયાજનક થઈ ગઈ હતી ત્યાં બિચારા ગરીબ, અનાથ પશુઓની તે વાત જ શી?

પુણ્યપાપના ફલને નહિ જાણનાર રાજા શાંતનુ મૃગયામાં એક રૌદ્ર[2] રસવાળો થઈ ઘોર કત્તલેઆમ[3] ચલાવવાની તૈયારી કરી રહ્યો હતો. કોઈના ભયને નહિ જાણનારો તે આ ભયંકર પાપકાર્ય કરવાને તત્પર થઈ રહ્યો હતો. ત્યાં વનના મધ્ય ભાગમાંથી તેના કાન ઉપર એક પ્રચંડ શબ્દ આવ્યો. “ખબરદાર? રાજન? સબુર?” કોઈ દિવસે નહિ સાંભળેલો [4]પ્રત્યાઘાતી શબ્દ સાંભળી રાજા વિચારમાં પડ્યો—ચકિત થયો. “કોણ એ?”

ચારે તરફ નજર ફેરવતાં રાજાની નજર કામદેવ જેવા સ્વરૂપવાન, અને કવચધારી[5] એવા એક ધનુર્ધારી નવજવાન ઉપર પડી. એ રૂપાળા તરૂણને જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. “શું આ કુમળ બાળક સિંહ તરફ ફાળ ભરવા તૈયાર થયો છે?”

---

૧ નાશ કરનાર. ૨ ભયંકર પ્રીતિવાળો ૩ નાશ. ૪ ભયંકર. ૫ બખ્તર પહેરેલા..

"રાજેન્દ્ર ? ભયંકર કૃત્યા સમાન આ પશુ હિંસા કરવી તમને યોગ્ય નથી. રાજાનો ધર્મ તો અનાથ, ગરીબ અને મુંગા પ્રાણીઓનું રક્ષણ કરવાનો છે, તે ભુલી ગયા શું ?"

"રક્ષણ કરવાનો છે કે ભક્ષણ કરવાનો, તે તારા કરતાં હું વિશેષ જાણું છું તું મને શું સમજાવવા આવ્યો છું ? આ વનનો હું માલિક છું—રાજા છું. ચાહે સો કરવાને શક્તિવાન છું." રાજાએ અભિમાનપૂર્વક જવાબ આપ્યો.

રાજાનો અભિમાની જવાબ સાંભળવા છતાં એ નવજવાન તરૂણે વિનયથી કહ્યું. "તમે રાજા હો તેથી શું થયું ? રાજા પશુઓનું ભક્ષણ કરે—શિકાર કરે એ કયાંનો ન્યાય છે. રાજન્ ? આપણને જેમ આપણો જીવ પ્રિય છે તેમ સર્વે પ્રાણીઓને પોતાનું જીવન વ્હાલું હોય છે. એટલુંય તમે શું જાણતા નથી ?"

"શિકાર કરવો, મૃગયાની રમત રમવી એ રાજનીતિ છે શું એ નીતિશાસ્ત્ર તું શીખ્યો નથી. અરે જવાન ? શિકારી થઈ મૃગયાની રસભરી રમતને પણ તું જાણતો નથી શું ?"

"બીજાના પ્રાણોનો નાશ કરી આનંદરસ મેળવવો એ તમારી નીતિ, ધર્મ ખરૂં કે ? લ્યાનત હો એ તમારી રાજનીતિને ! જીવોની હિંસામાં જ આનંદ માનનારા તમારા જેવા રાજા શું રાજા થવાને યોગ્ય છે વારૂં ? હજીપણ કહું છું કે આ પાપથી પાછા હઠો ?"

"અરે તરૂણ ? તને કોઈએ ભમાવ્યો છે. તું શાસ્ત્રનું સ્વરૂપ જાણતો નથી, અસ્ત્ર અને શસ્ત્ર વાપરવાની કળામાં

તું હજી પાવરધો નથી મૃગયા[1] એ તો અસ્ત્ર અને શસ્ત્ર વિદ્યાનો અભ્યાસ કરવાનું સ્થાનક છે, નિશાનો તાકતાં શિખવાનું આ ઉત્તમ સ્થળ છે, એમાં હિંસા શાની? જેમ આપણે સ્થાવર[2] પદાર્થ ઉપર નિશાન તાકીયે તેવી રીતે જંગમ[3] વસ્તુ ઉપર પણ નિશાન તાકી આપણી ધનુર્વિદ્યાને ખિલવીયે એમાં પાપ શાનું?"

રાજાનાં અયોગ્ય વચન સાંભળી એ તરૂણના હૃદયમાં રાજા માટે તિરસ્કાર ઉત્પન્ન થયો. "રાજન્! તમને ધનુર્વિદ્યાનું મિથ્યા અભિમાન છે. ગરીબ પશુઓ તરફ નિશાન તાકવાથી કાંઇ કળા ખિલતી નથી. એ તો નામર્દાઈ—બાયલાપણું છે પોતે પોતાને જબરો માનવા છતાં નબળાનો શિકાર કરવો એ કાંઇ પુરૂષાર્થ કે ન્યાય નથી."

"કેમ પુરૂષાર્થ નહિ. સિંહ, વાઘ, હાથી જેવાનો શિકાર શું શકિત કે ચતુરાઈ વગર થઈ શકે? બાલક! તું મારી મૃગયાની ચતુરાઈને તો જો? તને પણ એમાં મઝા પડશે." રાજાએ નફટાઇથી જવાબ આપ્યો.

બિચારા ગરીબ પ્રાણીઓને પાશ વડે યુકિતથી ઘેરી લઈ તેમનો નાશ કરવો એ કાંઈ ચતુરાઇ કે મૃગયા રમણ કહેવાય નહિ, છતાંય તમારે તમારૂં ચાતુર્ય પ્રગટ કરવું હોય તો આ સ્થળનો ત્યાગ કરી બીજે ઠેકાણે જાવ, અહીંયાં તો તમારાથી શિકાર કરી શકાશે નહિ."

તરૂણનો [5]નિષેધ હોવા છતાં રાજાએ તે માન્ય[6]

---

૧ શિકાર. ૨ સ્થિર. ૩ હાલતા ચાલતા. ૪ પાપ. ૫ ના પાડવા. ૬ કબુલ કરવું.

કર્યો નહિ. ને પોતાનું પાપકાર્ય ચાલુ કરવાની માણસોને આજ્ઞા આપી. તેથી નવજવાન અધિક કોપાયમાન થયો હૃદયમાં રહેલા ક્રોધાગ્નિને નેત્રો[1] વડે પ્રગટ કરતો આક્ષેપ[2] પૂર્વક બોલ્યો "અરે રક્ષક થઈ ભક્ષકનું કામ કરનારા? પહેલાં મારી સામે આવ! તારૂં ધનુ વિદ્યાનું ચાતુર્ય મારી આગળ પ્રગટ કર! તારી જેટલી શક્તિ હોય તેટલી પ્રગટ કર?" એ તરૂણે ધનુષ્ય ઉપર બાણ ચડાવી તુરત જ છોડી દીધું ને રાજાના રથની ધજા છેદાઈ ગઈ. કારણ કે દયાળુ પુરૂષો સીધો ઘા ન કરતાં ફક્ત પરાક્રમને જ બતાવનારા હોય છે.

યુવકનું આ કૃત્ય જોતાં રાજાની આંખ પણ ક્રોધથી રાતી થઈ ગઈ. પોતાની શિકારી સેનાને એ યુવકનો નાશ કરવાની આજ્ઞા થતાં બધા એની ઉપર તુટી પડયા, રાજાએ દૃશ્યને[3] જોઈ રહ્યો.

હાથીઓના ટોળામાં કેશરી બેદરકાર પણે જેમ મ્હાલે છે તેમ એ તરૂણે તીક્ષ્ણ બાણોના પ્રહારથી એમને ભગ્ન[4] કરી દીધા, કેશરીને જોઈને વનગજો નાશભાગ કરે તેમ મૃગલાઓ સરખા એ પુરૂષો તીવ્રબાણ પ્રહારથી નાશભાગ કરવા લાગ્યા.

કાનને ભયંકર એ તરૂણના ધનુષ્યનો ટંકાર અને [5]સિંહનાદ સાંભળીને એ બિચારા ક્યાં સુધી શકે! સૂર્યની સામે જોવાને પણ કોણ સમર્થ થઈ શકે? કેશરીને જોતાં એની રણહાક સાંભળતાં હાથીઓ પલાયન થઈ જાય

---

૧ આંખ. ૨ તિરસ્કાર. ૩ તમાશાને. ૪ નસાડી. ૫ ભયંકર શબ્દ.

ત્યાં મૃગલાં બિચારાં ક્યાં સુધી ટકી શકે !

પોતાના માણુસોનો નાશ થતો જોઈ પ્રેક્ષક [1]થઇને જોઈ રહેલો રણપ્રિય શાંતનુ રાજા તરત જ તેની સામે દોડી આવ્યો, ને તરૂણુને પોતાની સામે યુદ્ધ કરવાને બોલાવ્યો. મહા બળવાન અને મહારથી એવા તેઓ બન્ને ત્રણ જગતને ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. પરસ્પર એક બીજાના ઘાને ચુકવતા અને એક બીજાના બાણોનો નાશ કરતા એક બીજાના પ્રાણુનો નાશ કરવાને યત્ન કરવા લાગ્યા.

યુદ્ધને લંબાતુ જાણી તરૂણે એક બાણુ ધનુષ્ય ઉપર ચડાવી મોહમંત્રનો પ્રયોગ કરી સારથી ઉપર છોડયું ને તરત જ સારથી મુર્ચ્છા ખાઈ જમીન ઉપર પડયો. તરૂણના આવા પરાક્રમથી પોતાનો પરાજય થતો જાણી શાંતનુ રાજાએ ક્રોધથી તેની ઉપર ખુબ અને તીવ્ર બાણોની વૃષ્ટિ કરવા માંડી, રાજાનાં બાણોને એ વીર તરૂણે પવન જેમ વૃક્ષોને ઉખેડી નાખે તેમ છેદવા માંડયાં એ પ્રમાણે એક બીજાને નહિ જાણુનારા તેઓ ભયંકર યુદ્ધ કરવા લાગ્યા.

રાજાને યુદ્ધ કરતો જોઈ નાશભાગ કરતા એના માણુસો પણ એકઠા થઈ ને આ તરૂણુ સામે ધસી આવ્યા. જે જે શકિત પોતાની પાસે હતી તે તે શકિત વડે તે બધા આ તરૂણુ સાથે યુદ્ધ કરવા લાગ્યા. આ અધર્મ યુદ્ધ જોઈ તે તરૂણે હાથ ચાલાકીથી મંત્રના પ્રયોગવાળાં તીક્ષ્ણ બાણો છોડી એવું તો અદ્‌ભૂત પરાક્રમ કર્યું

૧ ગુપચુપ.

કે પોતાને યોદ્ધા માનનારા તેઓ ઘાયલ થઈ જમીન ઉપર પડવા લાગ્યા.

તરૂણનું આવું અપૂર્વ સાહસ અને પરાક્રમ જોઈ રાજા શાંતનુ અધિક ક્રોધવાળો થયો છતો એ તરૂણનો સંહાર કરનારૂં એક ભયંકર અને દિવ્ય બાણ તેણે ધનુષ્ય ઉપર ચડાવ્યું, પણ ત્યાં તો આશ્ચર્ય ! એ લક્ષવેધી વીર તરૂણે પોતાના એક જ બાણથી રાજાના ધનુષ્યની દોરી કાપી નાખી. એ વીરના અદ્ભૂત સાહસથી—પરાક્રમથી ગજેંદ્ર જેમ આકુળ વ્યાકુળ થાય તેમ રાજા પોતાના પરાભવથી ગ્લાનિ[1] પામી ગયો. "ઓહ ! આ શું ?"

પોતાના પરાભવને નહિ જાણનારો રાજા રણનો[2] ઉત્સાહ લાવી એ તુટેલા ધનુષ્યને ફેંકી દેતો રથમાંથી મોટી દીવ્ય શક્તિવાળી શાંગને ગ્રહણ કરી તેણે આકાશમાં ભમાવીને એ તરૂણનો વધ કરવાને મુકી.

પ્રકરણ ૯ મું.

હર્ષ અને શોક.

અવળી ગતિ છે દૈવની, રખે પતિ જો કોય;
આદર્યાં અધવચ રહે, અવર અચિંત્યાં હોય;

આ જગતમાં વ્યસનને વશ પડેલો માનવી કીયું અકાર્ય કરવાને તૈયાર થતો નથી ? એને શિખામણની

---

૧ ખેદ. ૨ યુદ્ધ.

વાત પણ ગમતી નથી, પણ એના વ્યસનને સહાય કરનારા પોષનારા એને બહુ ગમે છે. નાનુસરખુ વ્યસન પણ માણસને ખાનાખરાબ કરી નાંખે છે તો પછી મૃગયારસ જેવું ભયંકર દુર્વ્યસન આત્માની ભયંકર દુર્દશા કરી નાખે એમાં કાંઈ નવાઇ ? શિખામણ આપનાર કે દુર્વ્યસનનો ત્યાગ કરવાનું કહેનાર એને કાળ જેવો લાગે છે ને વ્યસનની પાછળ તે એટલો બધો દિવાનો બની જાય છે કે તેને પછી હિતાહિતનું ભાન રહેતું નથી. ફના થઈ જાય એ ભલે પણ એ વ્યસનનો ત્યાગ કરવા તે સમર્થ થતો નથી. મૃગયા રસમાં આસકત થયેલો રાજા શાંતનુ મૃગયા ત્યાગની શિખામણનો સ્વિકાર કરવાને બદલે અત્યારે શિખામણ આપનારા તરૂણ સાથે ભયંકર યુદ્ધમાં ઉતરેલો છે. પોતાનો પરાભવ થવા છતાં પણ એનો નાશ કરવાને તે ખુબ પ્રયત્ન કરી રહ્યા નથી શું ?

બન્ને મહારથીઓ નિકટના સંબંધી છતાં એક બીજાને ઓળખતા નથી. જેથી એક બીજાને ભયંકર યુદ્ધ આપી રહ્યા છે, રાજાએ મોટી શાંગ (શકિત) કુમારનો સંહાર કરવાને મુકી હતી, અત્યારે એને પોતાના જીવનની પણ દરકાર નથી કારણ કે વિજય લક્ષ્મીના અભિલાષી વીર પુરૂષોને જીવનની અભિલાષા હોય પણ નહિ !

રાજાની દિવ્ય શાંગ અંગાર વર્ષાવતી પોતાના સામે ધસી આવતી જાણી કુમારે મંત્રીત કરેલું અમોઘ અને દેવતાઈ બાણ ધનુષ્ય ઉપર ચડાવી છોડી દીધું વિજળીની માફક ચમકતું એ અમોઘ બાણ અગ્નિની ઝળહળતી જ્યોત

સરખી ધસી આવતી એ દિવ્ય શાંગ (શકિત) સાથે અથડાયું. એક બીજાની શકિતનો નાશ કરનારૂં એમનું દીવ્ય યુદ્ધ ચાલ્યું. એક બીજાના પરાક્રમને નહિ સહન કરનારા બન્ને મહારથીઓ એના પરિણામની રાહ જોવા લાગ્યા ત્યાં તો આશ્ચર્ય !

બન્નેના યુદ્ધને તટસ્થપણે જોનારી ગંગાદેવીની ધિરજ હવે ન રહેવાથી તે સહસા[1] રણમાં દોડી આવી. પોતાના પુત્રના પરાક્રમથી ખુશ થયેલી માતા કુમારને કહેવા લાગી. "વત્સ ? શાંત થા ? જેની સાથે તું યુદ્ધ કરી રહ્યો છે તે તારા પિતા હસ્તિનાપુર પતિ શાંતનુ રાજા છે. પરાક્રમી પુત્રે પણ પિતાનો પરાભવ ન કરવો એ નીતિ ભૂલી ગયો શું ?"

રણ સંગ્રામમાં પોતાની માતાને જોઈ તેમજ એનાં વચન સાંભળી એ તરૂણ ચમકયો. માતા ? આ મારા પિતા શી રીતે ? આપણે તો સામાન્ય વનવાસી તપસ્વી છીએ ને આતો કોઈ રાજા છે. આ ભેદ શું છે. ?"

કુમારનાં વચન સાંભળી માતા ગંગાદેવી ખેદ પામતી પૂર્વનો ઇતિહાસ ટુંકમાં સંભળાવતી બોલી. "આ બધુ એમના શિકાર રૂપ દુર્વ્યસનનું જ પરિણામ છે. એ એમની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયા, મારી સમજાવટ છતાં એમણે દુર્વ્યસન છોડયું નહિ. ને હું એમનો ત્યાગ કરી તને લઈ પિતાને ઘેર આવી આપણા વિજોગથી મેં માન્યું કે રાજા વ્યસન તજી દેશે પણ તું જુએ છે તેમ વ્યસનમાં એ

---

૧ એકદમ.

કેટલા બધા આસક્ત [1]થઈ ગયા છે તારી સાથે ભયંકર યુદ્ધ કરવાને પણ તૈયાર થયા છે.”

“માતાજી! જે માણસ રાજધર્મ સમજતો નથી. અને અયોગ્ય કાર્ય કરવાથી જે કુકર્મી છે એને શું પિતા કહેવો? જે પ્રાણીઓની હું નિરંતર રક્ષા કરી રહ્યો છું તેનો નાશ કરવાને એ તૈયાર થયા છે. તો ભલે એ રાજા હોય કે ગમે તે હોય પણ અવશ્ય હું એમને શિક્ષા કરીશ. પિતા હોય તોય શું? ધર્મ એ પિતાથી પણ [2]શ્રેષ્ઠ નથી શું?”

કુમારની ક્રોધસહિત વાણી સાંભળી ગંગાદેવી ઝટ રાજાની પાસે દોડી આવી. આકાશમાં વિજળી ઝબકે તેમ અકસ્માત્ ગંગાદેવીને જોઈ રાજા ચમકયો. “ઓહ! હું આ શું જોઉં છું? ગંગાદેવી? તમે અહીયાં?” રાજા ગંગાદેવીને પ્રત્યક્ષ જોતાં રણવાર્ત્તાનેય ભૂલી ગયો.

“હા! દેવ? તમે આવું ઘોર યુદ્ધ કોની સાથે કરો છો? તે તમે જાણો છો?” ગંગાદેવી નમ્રતાથી બે હાથ-જોડી બોલી.

“જો તો ખરી? આ કોઈ પરાક્રમી હજી તો હવે ઉગે છે છતાં એનું પરાક્રમ કાંઈ?” રાજા પાછો દૃષ્ટિને રોષાતુર કરતો બોલ્યો ને રથ ઉપરથી નીચે કુદી પડયો. “જોની આ મારા ધનુષ્યની દોરીનેય છેદી નાખી, શું લક્ષ-વેધી છે?” રાજા પોતાના ધનુષ્યને બતાવી નીચે નાખી દેતો બોલ્યો.

---

૧ આગળ વધી ગયા છે. ૨ ઉત્તમ.

" પણ એ આપનો પુત્ર ગાંગેય છે. માટે એની ઉપર એટલા બધા નિર્દય થશો નહિ, પરાક્રમથી શોભતા એ બાળકનો અપરાધ થયો હોય તો માફ કરજો." ગંગાદેવી પુત્રનાં વખાણ કરતી ને એના અપરાધને ખમાવતી બોલી પુત્રના પરાક્રમને વર્ણવતાં કઇ માતાને હર્ષ ન થાય!

રાજા પોતાના પુત્રને જાણી એને બધી પૂર્વની વાત યાદ આવી. એકદમ શૂન્ય થઈ ગયો. " વાહ! શું પુત્ર પરાક્રમી છે? મારા કરતાં પણ એ ખુબ પરાક્રમી છે, દેવી?"

" હોયજને! સિંહના બાલક હમેશ સિંહજ જન્મે છે. ધનુર્વિદ્યામાં તો અમારા વિદ્યાધરની શ્રેણિમાં એનો બરોબરીયો કોઇ નથી ને યુદ્ધમાં પણ એનો પરાભવ કરનાર કોઈ નથી એવો એ યુદ્ધ વિદ્યામાં પણ કુશળ છે તે સાથે ધર્મનો જાણ અને દયાનો પ્રતિપાળ છે મહારાજ!"

દેવીના વચનથી ને આવા પરાક્રમી પુત્રથી ખુશી થયેલા રાજાએ દીવ્ય શકિતથી યુદ્ધ કરતી પોતાની મોટી શાંગ (શકિત) ને મંત્રશકિતથી આકર્ષી લીધી—પાછી ખેંચી લીધી. ને તરૂણ કે જેનું નામ ગાંગેય હતું તેણે પણ વેગથી ધસી આવી એ શાંગની પાછળ ધસી રહેલા પોતાના અમોઘ બાણને ઝટ પકડી લીધું.

રાજાના મનોગત ભાવને જાણી ગાંગેય પણ પોતાના ધનુષ્યને નીચે નાખી દેતો પિતાના ચરણમાં નમ્યો. " પિતાજી? મારા અપરાધ ખમજો?" રાજા સ્નેહથી પુત્રનું આલિંગન કરી અતિ પ્રસન્ન થયો એના નયનમાં હર્ષનાં આંસુ આવ્યાં. " વત્સ! તારા જેવા પરાક્રમી પુત્રને જોતાં

હું ખુબ પ્રસન્ન થાઉં છું, આપણા વિશાળ સામ્રાજ્યને તું ખરેખર શોભાવીશ. હું માનું છું કે હજીપણ મારૂં ભાગ્ય કંઇક જાગૃત છે જેથી તમારા બન્નેનો મને મેલાપ થયો વાહ વિધિ તારી વિચિત્રતા ?"

પુત્ર ઉપરની પિતાની મમતાથી દેવી પણ પ્રસન્ન થઈ, રાજા મનમાં જરી ગ્લાનિ પામતો ગંગાદેવીને કહેવા લાગ્યો. "દેવી ? તમે સત્ય પ્રતિજ્ઞાવાળાં છો હું ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાળો છું. છતાં પણ હવે તમે પુત્રની સાથે આપણું રાજ્ય શોભાવો ! ને નક્કી માનજો કે આજથી હું શિકારના શોખનો ત્યાગ કરૂં છું. માટે મારા એ પૂર્વના અપરાધને મનમાં ન લાવતાં આપણા રાજ્યમાં ચાલો ?"

પશ્ચાત્તાપને ગદ્ ગદિત રાજાની વાણી સાંભળી ગંગાદેવી બોલી "દેવ ? આ પુત્રને લઈ જાઓ ? આ ઇંદ્રના જેવા પરાક્રમવાળો આપનો પુત્ર ભારત વર્ષમાં ખુબ નામાંકિત થશે, પિતા પુત્રના મેલાપની જ હું તો રાહ જોતી હતી. તે એક કામ મારૂં પૂર્ણ થયું છે. હવે સંસારથી વિરકત એવી હું તો દીક્ષા લેવાની અભિલાષા[1] રાખું છું. સંસારની ઉપાધિઓથી મુક્ત થઈ ત્યાગની જ ઉપાસના[2] કરવા માગું છું દેવ ?" ગંગાદેવીની વાત સાંભળી પિતા અને પુત્ર બન્ને ખિન્ન થયા. કંઈક અજાયબ થયા.

"ત્યાં આવ્યા પછી એ બધુ થઈ શકશે. હમણાં તો રાજ્યમાં ચાલો ? ત્યાં તમને યોગ્ય લાગે તેમ કરજો." રાજાએ ગંગાદેવીને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

---

૧ ઇચ્છા. ૨ પ્રતિજ્ઞા દીક્ષા.

" સંસારના વૈભવોથી મારે હવે સર્યું ? રાજન્ ? મને હવે વિશેષ આગ્રહ ન કરશો. રાજકુમારની સાથે તમે રાજ્યમાં જાઓ ? મને મારે રસ્તે જવા દો ? " ગંગાદેવીએ મક્કમ વિચાર દર્શાવ્યો.

" શું તમે સંસારનો ત્યાગ કરશો ? મોહ માયા છોડી અમારો ત્યાગ કરશો ! દીક્ષા લેશો ? "

" હા ? આ દુઃખમય સંસારમાં હવે હું મારા આત્માના હિતને માટે પ્રયત્ન કરીશ. દીક્ષા લઈશ. "

" દેવી ? મારા જેવા પાપીને પનારે પડી તમે સુખી ન થયાં, તે મારા અપરાધ ક્ષમા કરજો. અમારા કયા પાપે તમે અમારો ત્યાગ કરો છો કદાચ હું અપરાધી છું પણ આ પુત્ર સામે તો જુઓ ? " રાજા ગળગળો થઈ ગયો એની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં.

" માતા ? માતા ? આ શું કરો છો ? એવો મારો શું અપરાધ થયો છે કે તમે અમારો ત્યાગ કરો છો ? માતા ? તમારા વિના મારા દિવસો કેમ જશે ? " રાજકુમાર રૂદન કરતો બોલ્યો.

" વત્સ ? આવો પરાક્રમી થઈ નાના બાળકની માફક રડે છે શું ? સંયોગ તેનો વિજોગ થવાનો જ છે. સંસારના સ્વરૂપને જાણનારા તારે કાયરતા છોડી ધિરજ ધારણ કરવી જોઇએ આજસુધી જેમ માતાનો વિનય કર્યો. તેમ હવેથી તારા પિતાનો આજ્ઞાંકિત થજે. વિનયવાન થજે દિકરા ? મારૂં આટલું વચન માન્ય કર ? તારી માતાને તું

ધર્મકાર્ય કરવામાં અંતરાય ન કર ? તારા પિતાની સાથે રાજ્યમાં જઈ તેમને સહાય કર ? " ગંભિર એવી માતાએ પુત્રના શરીર ઉપર મમતાથી પોતાનો સ્નેહભીનો હાથ ફેરવતાં શિખામણ આપી.

" માતા ? માતા ? ત્યારે શું અમારો નક્કી ત્યાગ કરશો ? દીક્ષા લેશો ? " વિયોગના દુઃખને નહિ જાણનારો ગાંગેય રડી પડયો એનું સુકોમળ હૈયું ભરાઇ ગયું. માતાના વિયોગનું દુઃખ એને તીવ્રપણે ડંખવા લાગ્યું.

હિકરા ? મને શા માટે દુઃખી કરે છે ? તમારા ને મારા રસ્તા જુદા છે. મને મારે માર્ગે જવા દે; તું તારા પિતાની સાથે જા ? તારા પરાક્રમને યોગ્ય તારે હજી મહાન કાર્ય કરવાનાં છે એ મહાન કાર્યોથી ભારતવર્ષમાં તું ખુબ નામાંકિત થઈશ. વીરોનો પણ વીર થઇશ. જુગજુગ પર્યંત તારા પરાક્રમથી તું અમર થઈશ. " માતાના દિલાસાથી ગાંગેય કંઈક શાંત થયો.

" રાજન ? તમે પણ મને ભૂલી જજો ને હવે આ પુત્ર મારી માફક તમારી સેવા કરશે. અત્યારે તમારે આવા પુત્ર પ્રાપ્તિના હર્ષ સમયે શોક કરવો ઉચિત[1] નથી. પુરૂષને સ્ત્રીઓ તો અનેક મલે છે પણ પરાક્રમી અને વિનયવાન પુત્ર મલવો એ ખુબ દુર્લભ[2] છે. એવી દુર્લભ વસ્તુ મેળવવા સમયે શોક શો ? " વૈરાગ્યના ઉત્કૃષ્ટ[3] રંગે રંગાયેલી એ મહા મનસ્વિની પુત્ર અને પિતાને સમજાવી શાંત કરી દીક્ષા ગ્રહણ કરવાને માટે એમની નજર આગ-

---

૧ યોગ્ય. ૨ અશકય. ૩ ઉચ્ચ ખુબ વૈરાગ્યવાળી.

ળથી ચાલી ગઈ. ત્યાગના માર્ગે જતી એવી એ મહાસતીને ભરેલા હૈયાવાલા પિતા અને પુત્ર અશ્રુ ભરેલી આંખે જોઈ રહ્યા. તેમાંય ગાંગેયનું વીર હૃદય તો રડી ઉઠયું. હા ? ? ? મા ? ? ?

" કયા કરે ચાહને વાલેકા ભરોંસા કોઇ.
જગતમાં કીસીકા હોતા નહિ કોઈ; "

પ્રકરણ ૧૦મું

રૂપનાં જાદુ

અજબ છે રૂપનાં જાદુ, વિષમ છે ડંખ પ્રીતિના,
સારૂં, ખોટું, ભલુ ભુંડું, ગજબ એ ખેલ વિધાતાના;

યુદ્ધમાં પોતાના પરાજયને નહિ જાણનારો વીર પુરૂષ પણ રૂપની જાદુઈ અસરથી ખુબ પરવશ બની જાય છે. સૌંદર્ય માનવી ઉપર ખુબ અસર કરે છે એની જાદુઈ અસરથી માનવી પોતાને પણ ભૂલી જાય છે ને નહિ કરવા યોગ્ય કાર્ય કરવાને પણ તત્પર થાય છે. વિશેષ શું કહીએ ! એ રૂપના નીશાને આધિન બનેલો માનવી જગતમાં કયું અકાર્ય કરવાને તૈયાર થતો નથી. અરે ? એ સૌંદર્યની જવાળાઓ માનવીના હૃદયમાં અનેક પ્રકારના વિકારો ઉત્પન્ન નથી કરતી શું ?

યમુના નદી નાના મોટાં મોજાઓને ઉછાળતી અત્યારે હીલ્લોળા લઈ રહી છે એના વિશાળ હૃદય પર અનેક નાની મોટી નૌકાઓ વિહાર કરી રહી છે, ત્યારે કેટલીક સુંદર નૌકાઓ કિનારા પર નાંગરેલી પડી છે. સાંજનો સમય

યમુનાની શોભામાં ખુબ વધારો કરી રહ્યો છે. એ યમુનાના જલ તરંગોને પોતાના કોમલ હસ્તસ્પર્શથી રમાડતી એક મનોહર બાલા આ સમયે જલવિહાર કરતી પોતાની રૂપ[1] રાશિથી અન્યના ચિત્તને વિક્ષેપ[2] કરી રહી છે, જલવિહાર કરતી એ રૂપવતી બાળા અનુક્રમે કિનારા નજીક આવી પહોંચી. પોતાની ચપળ દૃષ્ટિથી ચારે કોર નજર કરતી ને મંદમંદ હાસ્ય કરતી બાલા કુદરતની શોભાથી આનંદ પામતી હતી. નવીન તારૂણ્યથી શોભતી એ કુમારિકાના હૈયામાં અત્યારે અનેક પ્રકારના સંકલ્પવિકલ્પો થતા હતા. કિનારે ફરતા અનેક નાનામોટા શોખીન પુરૂષો એના રૂપની તારીફ[3] કરતા પોતાના નેત્રો સફલ કરતા હતા.

યમુનાના કિનારે ફરવા આવેલા અનેક પુરૂષોમાં એક તેજસ્વી ઘોડેસ્વારની નજર યમુનાના જલતરંગનું અવલોકન[4] કરતાં આ સુંદર બાલા ઉપર પડી. યમુનાની સુંદરતા જોવાને બદલે આ બાળાના દીવ્ય સ્વરૂપને નિખરતાં એ પુરૂષની દૃષ્ટિ ત્યાં જ સ્થિર થઈ ગઈ. “ ઓહ ! આ તે શું વનદેવી છે કે સાક્ષાત્ યમુનાદેવી ! શું અથાગ સોંદર્ય ? ” એ તેજસ્વી પુરૂષ મનમાં બબડયો.

આ બાળાને જોતાં જ એનું હૃદય આકુળવ્યાકુળ થઈ ગયું, એના મનમાં અનેક વિચારો થવા લાગ્યા. એ રૂપના જાદુમાં આ પુરૂષ પોતાનું ભાન પણ ભુલી ગયો, રોમેરોમે વિકારની વિજળી પ્રસરી ગઈ. વ્યાકુળ થયેલો તે એના રૂપમાં ભાન ભુલી એ બાળા ઉપર આસક્ત[5] થઈ ગયો

૧ સુંદરતાથી. ૨ ડોલાયમાન. ૩ વખાણ. ૪ જોતાં. ૫ રાગી.

એ ચંચળ મનોવૃત્તિ આ બાલાને પોતાની કરવા એ સૌંદર્યનો ઉપભોગ કરવાને આતુર બની ગઈ,

એ પુરૂષ તે રાજા શાંતનુ પોતે હતો. ગંગાદેવીના દીક્ષાગ્રહણ પછી દુઃભાયલો રાજા ગાંગેય સાથે પોતાના નગરમાં આવી એ પરાક્રમી પુત્રનો મોટો પ્રવેશ મહોત્સવ કર્યો. અનુક્રમે ગાંગેય રાજકાર્યમાં પિતાને સહાયકારી થયો. પરાક્રમી છતાં વિનયી ને સમયનો જાણ હોવાથી, ધર્મીને ગુણવાન હોવાથી રાજા તેમજ પ્રજામાં ખુબ માનિતો થયો રાજા પણ ધીરે ધીરે રાજકાર્યનો ભાર ગાંગેયને ભરાવી પોતે નિવૃત્તિ લેવા લાગ્યો, એક સાંજે રાજા યમુનાના તટ પર ફરવા ગયેલો ત્યાં અચાનક આ નાવિકની બાળા ઉપર એની નજર પડી. બાળાના રૂપમાં દિવાનો બનેલો રાજા પોતાના ચિત્તને આ બાળા પાસે મુકી નગરમાં ગયો.

રાજાના મોકલેલા પ્રધાનપુરૂષો એ બાળાની તપાસ કરતા નાવિક પાસે આવી સમજાવવા લાગ્યા. "અરે નાવિક ! રાજા તારી ઉપર પ્રસન્ન થયા છે. માન કે તારૂં ભાગ્ય હવેથી ફરી ગયું છે. ફક્ત રાજાની એક માગણી તું સ્વિકાર ? તારી કન્યાને રાજા સાથે પરણાવી અમારે પણ તું માનવા યોગ્ય થા ?"

પ્રધાન પુરૂષોની વાણી સાંભળી હૃદયમાં પ્રસન્ન થયેલો નાવિક બોલ્યો. "રાજા એ જગતનો પ્રભુ કહેવાય ત્યારે હુંતો હીન જાતિવાળો છું. તો એમણે મારી પ્રાર્થના કરવી એ યોગ્ય છે શું ? સંબંધ તો સરખેસરખાની સાથે જ બની શકે ! અમારો ને એમનો તો રાત્રી અને દિવસ જેવો

સંબંધ બની શકે ?"

"અરે વાચાળ ?" આ કન્યાનું આવું સ્વરૂપ હીનજાતિમાં સંભવતું નથી. જો આ કન્યા હીનજાતિની હોય તો મહારાજ શાંતનુનું મન એના તરફ આકર્ષાય જ નહિ. માટે આમાં કંઈક ભેદ છે અને તે તું જરૂર જાણતો હોવો જોઈએ. માટે હે નાવિક ? તું રાજાની આજ્ઞા માન્ય કર ?" પ્રધાનનું કથન સાંભળી નાવિક વિચાર કરી બોલ્યો.

"રાજાની આજ્ઞા માનવી એ મારી ફરજ છે, પણ કન્યાના સુખદુઃખ સંબંધીનો વિચાર મારે શું ન કરવો જોઈએ ? ગાંગેય જેવા પરાક્રમી પુત્રવાળા રાજાને મારી કન્યા શી રીતે મલી શકે ? સાવકી માતા થવાથી એને તો ભવિષ્યમાં દુઃખ જ જોવાનું ? તેમ જ મારી કન્યાને સંતતિ થાય તેને પણ રાજ્યપદ તો નહિ જ મલવાનું ને ? કહો કયા સુખની અભિલાષાએ મારી કન્યા રાજાને આપું ?" નાવિક નિરાશ થતો દુઃખની લાગણી પ્રગટ કરતો બોલ્યો.

નાવિકના શબ્દો સાંભળી પ્રધાનો વિચારમાં પડયા. એમણે રાજા પાસે આવી નાવિકની હકીકત કહી સંભળાવી રાજા નિરાશ થઈ ગયો, પણ એના ચિત્તમાંથી એ બાલા ખસી નહિ. નાવિકનો વિચાર પણ એને વ્યાજબી જણાયો, રાજાને પરણવા છતાં એ બાલા કે એની સંતતિને રાજ્ય તો મલે તેમ નહોતું, રાજ્યની ધુરાને વહન કરનાર તો ગાંગેય જ હતો. એ પરાક્રમીનું પરાક્રમ રાજાએ તો નજરે જોયેલું હોવાથી હવે એ બાબતમાં રાજા શું કરે ?

રાતદિવસ નાવિક કન્યાના ધ્યાનથી રાજાને ખાન,

પાન કે મોજશોખના સાધનોમાં પણ ચેન પડયું નહિ. કંઇ પણ ઉપાય નહિ મલવાથી એ ન્યાયી રાજા પોતાનો સમય દુઃખમાં નિર્ગમન કરતો હતો. નાવિક બાલાને ભૂલવાનો પ્રયત્ન કરવા છતાં પણ રાજા એ બાલાને ભૂલી શકયો નહિ.

રાજાની ચિત્તવૃત્તિમાં ફેર પડેલો જોઈ પિતાની એકનિષ્ઠાથી ભક્તિ કરનારો, વિનયવાન ગાંગેય વિચારમાં પડયો. " હાલમાં પિતાની રીતભાતમાં કંઈક ફેર પડયો જણાય છે નક્કી પિતાના હૈયામાં છુપી ચિંતા રહેલી છે. ને તેને માટે કંઈ કારણ હોવું જોઈએ. એ કારણ જ્યાં સુધી જાણવામાં ન આવે ત્યાં લગી એનો ઉપાય પણ શું થઇ શકે ? " ખુબ વિચાર કરી ગાંગેયે રાજાના પ્રધાનોને ખાનગીમાં રાજા સંબંધી હકીકત પુછી રાજાની ચિંતાનું કારણ જાણી લીધું. પિતાની ચિંતા જાણી ગાંગેય વિચારમાં પડયો.

" પિતાના સુખને માટે વિનયી પુત્ર ન કરે એવું કશું નથી. પૂર્વે પણ પિતાને દુઃખમાંથી મુકત કરવા ખાતર રામચંદ્રજીએ રાજપાટનો ત્યાગ કર્યો નથી શું ? મારી પણ ફરજ છે કે મારે પિતાને ચિંતામાંથી મુક્ત કરવા. " મનમાં અમુક પ્રકારનો નિશ્ચય કરી ગાંગેય નાવિકના મકાન તરફ યમુનાના તટ ઉપર ગયો.

પ્રકરણ ૧૧ મું
ભીષ્મ પ્રતિજ્ઞા

પવન ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર;
ઉત્તમ બોલ્યા ના ફરે, પશ્ચિમ ઉગે સૂર.

નાવિક સરદાર ગાંગેયકુમારનો રથ પોતાના મકાન તરફ આવતો જોઈ ચમકયો. એ રથમાંથી ઉતરી પોતાના ઘર તરફ આવતા કુમારનો આદરસત્કાર કર્યો. એની ખુબ આગતા સ્વાગતા કરી. તેનું સન્માન સ્વિકારતાં કુમારે કહ્યું "હે ભદ્ર? તમે રાજાની માગણીનો અનાદર કર્યો તે સારૂ કર્યું નહિ. તે તમારી કન્યા તમે ન આપવાનાં કારણ વ્યાજબી બતાવ્યાં નથી."

રાજકુમારનાં વચન સાંભળી નાવિક બોલ્યો. "રાજકુમાર! વ્યવહારની ખાતરજ મારે એમ કરવું પડે છે. કેમકે જે રાજાને તમારા જેવો પરાક્રમી પુત્ર છે તેને મારી પુત્રી આપવાથી કદાચ એને સંતતિ થાય તો પણ તે રાજપદને તો મેલવી શકે નહિ. ગમે તેવી સારી અને બળવાન સંતતિ હોય તો પણ હમેશાં એમને તમારી દયા ઉપર જીવવું પડે એવા પરાધિનપણાથી એમને કયારે પણ સુખ થાય ખરૂં? કારણ કે તમે ધારો તે કરવા સમર્થ છો રાજલક્ષ્મી તમારા સિવાય બીજાની પાસે કયારે પણ જાય નહિ. વનમાં સિંહ જાગૃત હોય ત્યાં હાથીઓ કેટલીકવાર સુધી ટકી શકે? આકાશમાં રહેલા ચંદ્રના પ્રકાશમાં તારાનાં તેજ ડુબીજ જાયને?"

નાવિકની વાણી સાંભળી ગાંગેય બોલ્યો. " ભાગ્યવાન ! આ તમારા વિચાર ભુલ ભરેલા છે. કુરૂવંશના રાજાઓની બરાબરી બીજાની સાથે ન થઇ શકે. કુરૂવંશની સ્ત્રીઓ કયારે પણ દુઃખી થતી નથી અને પુત્રો પણ એકબીજાનો દ્વેષ કરનારા હોતા નથી. છતાં મારા તરફથી તને ભય થતો હોય તો જો સાંભળ ! હું પ્રતિજ્ઞા કરૂં છું કે 'તમારી પુત્રીને રાજાના સંબંધથી જો પુત્ર થાય તો રાજ્યપદવી તેનેજ મળશેને હું રાજ્ય ઉપરથી મારો હક્ક ઉઠાવી લઉં છું.' મારી આ પ્રતિજ્ઞા ઉપર તમે વિશ્વાસ રાખજો. "

ગાંગેયની આ પ્રતિજ્ઞાથી નાવિક વિસ્મય પામી ગયો ને મનમાં રાજકુમારના ગુણોની સ્તુતિ કરતો બોલ્યો. "રાજકુમાર ? તમારી એ ઉદાર વૃત્તિને ધન્યવાદ ઘટે છે, તમે તો તમારી પ્રતિજ્ઞા પ્રમાણે જરૂર વર્તો એવી મારી ખાતરી છે. પણ તમારી સંતતિ થાય એ જરૂર મારી પુત્રીના પુત્રો પાસેથી રાજ્ય આંચકી લે. કારણ કે સિંહના પુત્રો હમેશાં સિંહજ હોય છે તો એવા સિંહબાલ આગળ મારા દોહિત્રોનું શું ચાલી શકે ?" આવા અનેક વિચારોથી રાજાને મારી પુત્રી સત્યવતી આપવાનું મન થતું નથી કુમાર ?"

નાવિકનાં વચનથી રાજકુમાર ખુબ ચમકી ગયો. કંઇક નિશ્ચય કરી ઉભો થઈ આકાશ તરફ દૃષ્ટિ કરતો બોલ્યો. હે દેવતાઓ ? તમને સાક્ષી રાખીને હું પ્રતિજ્ઞા લઉં છું કે મારે આજથી બ્રહ્મચર્ય હો ! કે જે વ્રતના પાલનથી સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ચાર મહાવ્રતોમાં

પહેલું અને ચોથું સર્વોત્કૃષ્ટ છે એમાં પહેલું અહિંસાવ્રત તો પૂર્વ ચારણમુનિ પાસેથી મેં ગ્રહણ કરેલું છે જ્યારે બીજુ મહાવ્રત કારણ મલવાથી હું આજે ગ્રહણ કરૂં છું તેના તમે બધા સાક્ષી છો." રાજકુમારે આકરી પ્રતિજ્ઞા કરી.

રાજકુમારની આવી ભારે પ્રતિજ્ઞા સાંભળી આકાશમાંથી દેવતાઓએ સાધુ! સાધુ! બોલતાં તેની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. તેના અપૂર્વ સાહસથી દેવતાઇવાણી (આકાશવાણી) થઇ. "હે વીર! તારા આ સાહસને હજારો ધન્ય છે. પિતાની ભક્તિને ખાતર વિનયવાન એવા તે આવું ભીષ્મ-ભયંકર વ્રત ગ્રહણ કર્યું જેથી જગતમાં તારી ભીષ્મ એ નામે પ્રસિદ્ધિ થશે."

રાજકુમારની આ ભારે સાહસવૃત્તિથી નાવિક તો મૂઢ જેવો બની ગયો. સર્વ પ્રકારે શંકારહિત થયેલો તે પોતાની કન્યા સત્યવતીને ગાંગેયને અર્પણ કરતો બોલ્યોઃ "રાજકુમાર? પિતાની ભકિત ખાતર આવી ભીષ્મપ્રતિજ્ઞા કરનાર તમારા સિવાય બીજો કોઈ નથી. હવે મને તમારા માટે જરાય શંકા નથી આ મારી કન્યા સત્યવતીને તમે લઇ જાઓ? રાજાની સાથે એને પરણાવી મારા ને રાજાના મનોરથો સફલ કરો?"

"પૂર્વે એક દિવસ યમુનાના કિનારે હું ફરતો હતો તે સમયે આકાશમાંથી ઉતરીને એક પુરૂષ અશોક વૃક્ષની નીચે એક બાલકને મુકી અદૃશ્ય થઇ ગયો મેં ત્યાં જઈને જોયું તો તે એક તરતની જન્મેલી સુંદર બાલિકા હતી.

અનેક પ્રકારનો વિચાર કરવા પૂર્વક એ બાળાને લઈને હું મારે ઘેર ચાલ્યો. તે સમયે આકાશવાણી થઇ કે રત્નપુર નગરના રાજા રત્નાગંદની આ બાલાને કોઈ શત્રુ હરીને અહીં મુકી ગયો છે માટે હે નાવિક! આ કન્યાનું તું પાલન કરજે. આ કુમારી હસ્તિનાપુરના રાજા શાંતનુ સાથે પરણશે."

એ પ્રમાણેની આકાશવાણી સાંભળી ખુશી થયેલો હું ઘેર આવી મારા પ્રિયાને એ વૃતાંત જણાવી આ બાળા તેને સોંપી, તેનું નામ અમે સત્યવતી પાડયું. આ એના જન્મ સંબંધી હકીકત છે, માટે નીચ કુળની ધારી એની [1] અવજ્ઞા ન કરશો કેમકે અમે તો એનાં પાલક માતા-પિતા છીએ." નાવિકે એ પ્રમાણે એના જન્મ સંબંધી હકીકત કહેવાથી રાજકુમાર વગેરે પરિજન ખુશી થયા.

નાવિક પિતાએ રડતે હૈયે વદાય કરેલી સત્યવતીને રથમાં બેસાડી ગાંગેય હસ્તિનાપુરમાં આવી પહોચ્યો રાજા શાંતનુએ પુત્રના પરાક્રમની વાત સાંભળી હતી જેથી એ તો ખુબ અચંબો પામી ગયો હતો. પુત્રને જોઇ આનંદ પામતો રાજા પુત્રને ભેટી પડયો. "વત્સ? તારા જેવો પુત્ર આપણા કુરૂવંશમાં ભાગ્યેજ થયો હશે. કુરૂવંશને શોભાવનાર તુંજ એક રત્ન સમાન છે પિતાની ભકિતની ખાતર તેં શું નથી કર્યું?"

રાજા શાંતનુ વિધિપૂર્વક સત્યવતી સાથે એક શુભ મુહુર્તે લગ્નગ્રંથીથી જોડાયો કુમારની પિતૃભકિતથી રાજાની

---

૧ તિરસ્કાર.

મનોકામના પૂર્ણ થઈ. ગાંગેયની આ પિતૃભકિતની વાર્ત્તા બધા આર્યાવર્ત્તમાં (ભારતવર્ષ) પ્રસરી ગઈ. સ્ત્રીઓ એના પરાક્રમના રાસડા ગાવા લાગી. લોકો અનેક પ્રકારે એની પ્રશંસા કરવા લાગ્યા, ત્યારથી રાજકુમાર ગાંગેય, ગાંગેય નહિ પણ ભીષ્મ નામથી જગતમાં ખ્યાતિ પામ્યો.

ગરીબ ખલાસીની કન્યા સત્યવતી હવે હસ્તિનાપુરની મહારાણી બની હતી. રાજા એના સ્નેહમાં જતા સમયને પણ જાણતો નહિ. પરાક્રમી ભીષ્મ સત્યવતીને માતા કરતાં પણ અધિક સ્નેહથી ચાહતો હતો. રાજા શાંતનુ પણ પુત્રના ઉપકારનું સ્મરણ કરતો ત્યારે કોઇ વખત એ [1]ગ્લાનિ પામી જતો હતો. "બાલ્યાવસ્થા છતાં પુત્રે રાજ્ય સમૃદ્ધિ, ભોગ બધાનો ત્યાગ કર્યો. દુષ્કરમાં દુષ્કર બ્રહ્મચર્યવ્રતનો પણ એણે અંગીકાર કર્યો. જ્યારે હું વૃદ્ધ થયો છતાં ભોગોમાં લુબ્ધ[2] થઈ ગયો છું." રાજાને પોતાની જાત ઉપર તિરસ્કાર આવતો. "અરે? કર્મોની આ તે કેવી વિચિત્રતા?"

"પુત્ર મહા સત્યવાળો છે ત્યારે હું હીન સત્વવાળો છું, કુરૂવંશમાં મુગુટમણિ સમાન એનાથી હું પહેલાં પણ યુદ્ધમાં હારી ગયો હતો, અત્યારે એના આવા સત્વથી[3] એ મને જીતી ગયો છે. જ્યારે હું? હું તો એમાંનું કાંઈપણ કરવા સમર્થ નથી. ફકત પુત્રના આગમન પછી મેં મૃગયાની રમત મુકી દીધી છે, બાકી મેં બીજું શું તજ્યું છે?" રાજાને આવા ઉદાસિન વિચાર આવતા પણ

૧ ખેદ. ૨ લંપટ. ૩ પરાક્રમ.

પાછા સત્યવતીના સ્નેહ સાગરમાં ક્યાંય તણાઈ જતા. રાજા સત્યવતીના સ્નેહમાં રાજકાર્ય પણ યાદ કરતો નહિ તો પછી વૈરાગ્યભાવના તે એને શી રીતે આવે ?

પ્રકરણ ૧૨ મું.

પુત્ર પરિવાર

ધર્મ કરો તમે પ્રાણિયા, પુણ્યે પાપ પલાય;
ધર્મ થકી ધાર્યું થશે, આ ભવ પરભવ માંય.

રૂપનિધાન સત્યવતી હસ્તિનાપુરની પટ્ટરાણી થવા છતાં તેમજ ગરીબાઈમાંથી એકદમ ઐશ્વર્યમાં—ઠકુરાઈમાં આવવા છતાં ઐશ્વર્યના મદને બદલે એણે પોતાના ગુણો સાચવી રાખ્યા હતા. એણે પોતાના સ્ત્રી સ્વભાવને યોગ્ય સદ્‌ગુણોથી જેમ શાંતનુ રાજાના હૃદયને જીતી લીધું હતું તેવી રીતે ગાંગેય તરફ પણ તે સદ્‌ભાવ અને મમતાથી જોતી હતી. તેના હૃદયને દુઃખ થાય એવું કોઈપણ આચરણ સત્યવતી કરતી ન હતી. ગાંગેય પણ માતા જેવી ભક્તિ સત્યવતી ઉપર રાખતો ને પોતાની માતા ગંગાદેવી કરતાં પણ અધિક સ્નેહની નજરથી સત્યવતીને જોતો હતો. માતા-પિતાને ભક્તિવાન ગાંગેય પરાક્રમી છતાં વિનયથી પિતાને જેમ રાજી રાખતો તેમ સત્યવતીના તરફની માતા તરીકેની ફરજને પણ તે ભુલતો નહિ.

સત્યવતી મહારાણીના સુખા સહવાસમાં, એ રૂપના અદ્‌ભુત જાદુમાં મૃદુ અને મધુર વાણીમાં ને હાસ્યવિનોદમાં

રાજા શાંતનુનો કેટલોક કાલ વિષયસુખમાં ચાલ્યો ગયો. રતિગૃહોમાં, ક્રીડાગૃહોમાં, કેલીગૃહોમાં, ઉપવનમાં, ઉદ્યાનોને રસવાટિકા તેમજ જલવિહારોમાં અનેક પ્રકારની ક્રીડા કરતો રાજા પોતાના મનુષ્ય જન્મના અપૂર્વ ભોગો ભોગવી રહ્યો હતો, અપૂર્વ પુણ્યનાં ફલ ભોગવી રહ્યો હતો, સુખી માણસોને પોતાના સુખમાં જતા કાલની પણ ખબર પડી શકતી નથી. માટેજ શાસ્ત્રકારો કહે છે કે હે જીવ? જગતમાં પણ તારે અપૂર્વ સુખ ભોગવવાં હોય તો ધર્મ કર! જે ધર્મ કરણીથી માનવી વિધિને અનુકૂળ કરી સ્વર્ગ અને મોક્ષનાં સુખ મેળવે તો પછી મનુષ્યના સુખની તે વાતજ શી?

સુખમાં આ દંપતિનો કેટલોક કાલ વ્યતિત થયો ને અનુક્રમે સત્યવતી ગર્ભવંતી થઈ. કાળે કરીને ગર્ભસ્થિતિ પરિપૂર્ણ થતાં સત્યવતીએ એક પુત્રનો જન્મ આપ્યો રાજાએ એનો જન્મમહોત્સવ કરી નામ પાડવાનો વિધિ કર્યો; નગરમાં આનંદ આનંદ વર્ત્તાઈ રહ્યો. પુત્રનો જન્મ થવાથી સત્યવતીના હર્ષનો પણ પાર ન હતો એવી રીતે સર્વેના આનંદ ઉત્સવપૂર્વક પુત્રનું નામ રાખ્યું ચિત્રવીર્ય! અથવા તો ચિત્રાંગદ!

બાલ્યપણું હોવા છતાં સૂર્યની માફક ખુબ તેજસ્વી દેખાતા ચિત્રાંગદની સામે કોઈથી પણ એક નજરપૂર્વક જોઇ શકાતું નહિ. એવા તેજવાન્ બાલકને જોઈ માતાપિતાના આનંદની તે વાતજ શી? ગાંગેય પણ આ અદ્ભૂત બાલકને જોઇ રાજી થતો હતો ને નાનાભાઈને ખુબ હેતથી

રમાડતો હતો, નિભાગી જ્યારે ડગલેને પગલે સંસારમાં પરાભવ—દુ:ખ પામે છે ત્યારે ભાગ્યવાનને જગતમાં સુખ પર સુખ આપે એમાં નવાઈ શી?

ચિત્રાંગદના જન્મ પછી કેટલોક સમય વહી ગયો. ચિત્રાંગદ હજી કાલુકાલુ બોલતાં શીખે છે માંડમાંડ ચાલતાં પણ શીખે છે તે દરમિયાન એક શુભ દિવસે સત્યવતીએ વિચિત્રવીર્ય નામે બીજા પુત્રનો પણ જન્મ આપ્યો, હાથીના બચ્ચા જેવા બન્ને પુત્રોથી સત્યવતીની શોભા અને શૌભાગ્ય જગતમાં અધિક વૃદ્ધિ પામ્યાં.

ધીરે ધીરે એ બન્ને પુત્રો બીજના ચંદ્રની માફક વૃદ્ધિ પામવા લાગ્યા. કાલ કાંઈ કોઈને માટે શોભતો નથી સમય પોતાનું કામ કરતો જ રહે છે, સમયના ફરવા સાથે જગતના પદાર્થમાં પણ ફારફેર થઇ જાય છે; વસ્તુની સ્થિતિ એકસરખી સદાકાલ રહેતી નથી. વસ્તુમાં પુદ્ગલોના પર્યાયો બદલાયા જ કરે છે જેથી માનવીમાં પણ એના મનુષ્યભવમાંય અનેક રૂપાંતરો થઈ જાય છે તેવી રીતે એ બન્ને પુત્રો વૃદ્ધિ પામતા છતાં મોટા થયા. મસ્તી તોફાન કરતા ને રાજમદને બાલ્યાવસ્થામાંથી જ ધારણ કરનારા તેઓ બન્ને રામ લક્ષ્મણની માફક રાજાને વલ્લભ થયા.

રામલક્ષ્મણની માફક શોભતા એ બન્ને રાજકુમારો જો કે તોફાની વૃત્તિવાળા હતા છતાં માતાપિતાને તેઓ વિનયી હતા. રોજ પ્રાત:કાલે માતાને પગે લાગી પિતાને નમસ્કાર કરતા હતા. રાજા તેમનો સમય આનંદ અને વિનોદમાં જાય તેવી રીતે ખુબ કાળજી રાખતો હતો.

પોતાના ખોળામાં બેસાડી તેમની સાથે વિનોદ કરતો તેમને પ્રસન્ન રાખતો હતો. શિખામણની વાતો કહેતો તેમને નીતિનો–ધર્મનો બોધ થાય તેવાં દૃષ્ટાંતો કહી તેમને વાર્ત્તાના રસમાં ખેંચી જતો હતો. એવી રીતે માતાપિતાના લાડમાં બાલકો મોટા થતા કેલવણી લેવા યોગ્ય થયા.

માતાપિતાના લાડકોડમાં ઉછરતા એ બન્ને રાજકુમારો ગાંગેય સાથે પણ ખુબ વિનયથી વર્તતા હતા. વડીલ અથવા તો મોટા ભાઈ તરીકે તેઓ કયારે પણ ગાંગેયની આજ્ઞાનો ભંગ કરતા નહિ. તેમના વિનયીપણાથી ગાંગેય પણ ખુબ પ્રીતિથી તેમને ચાહતો હતો. પોતાના સહોદર[1] ભાઇ જેવા માનતો ગાંગેય આ મારા [2]સાવકા ભાઈ છે તેવો સ્વપ્નામાં પણ વિચાર લાવતો નહિ. ગાંગેયના આ પ્રમાણે નિખાલસ[3] વર્તનથી રાજા રાણી પણ મનમાં ખુબ સંતોષ પામતા હતા. ગાંગેયના સદ્વર્તનથી સત્યવતી પણ ગાંગેય તરફ ભેદભાવ[4] રાખતી નહિ ને પોતાના પુત્રની જેમ ગાંગેય તરફ પણ ખુબ [5]વાત્સલ્ય અને મમતાની નજરે જોતી હતી. કુટુંબના આવા ઐકયપણાથી[6] રાજા શાંતનુ પણ મનમાં પોતાના રૂડા ભાગ્યની પ્રશંસા કરતો હતો.

ઉમરલાયક થયેલા તે બન્ને રાજકુમારોને વિદ્યાનું શિક્ષણ મેળવવા માટે ગુરૂ પાસે મુકયા. પોતાના સારા ક્ષયોપમ તેમજ તીક્ષ્ણ બુદ્ધિથી અભ્યાસમાં તેઓ ધીરે ધીરે

---

૧ સગા. ૨ ઓરમાન. ૩ શુદ્ધ દિલથી. ૪ કપટ ૫ સ્નેહ. ૬ સંપ.

આગળ વધતા હોંશીયાર થયા. તેમના અભ્યાસ તરફ ગાંગેય પણ ખાસ ધ્યાન રાખતો હતો જોકે રાજા તેમજ તેની માતા સત્યવતી પણ બન્ને રાજકુમારોના અભ્યાસ તરફ ધ્યાન આપતાં હતાં છતાંય ગાંગેયે પણ બન્ને રાજકુમારોની શસ્ત્રવિદ્યા તરફ અને તેમાંય તેમની ધનુર્વિદ્યા તરફ ખાસ ધ્યાન આપી બન્નેને ધનુર્વિદ્યામાં ખુબ હોંશીયાર કર્યા.

બન્ને ભાઈઓ ખુબ હેતથી રહેતા હતા, સાથે ખાતા, પીતા, બેસતા વગેરે દરેક ક્રિયા સાથે જ કરતા હતા. જાણે કે ખુબ પ્રીતિવાળા મિત્રો હોયને શું? ઉદ્યાનોમાં, યમુનાને તીરે, અગર તો બહાર તેઓ ફરવા પણ સાથેજ જતા હતા. તેઓ બન્ને ભણીગણી અનુક્રમે રમણીજનને ક્રીડા કરવા યોગ્ય યૌવન વયને પામ્યા.

ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય બન્ને ભાઈઓ જોકે ખુબ હેતથી રહેતા હતા, છતાં પણ બન્નેના સ્વભાવ એક સરખા નહોતા. ચિત્રવીર્ય અભિમાની, ગર્વિષ્ઠ અને પોતાને પરાક્રમી ને બળવાન માનતો જગતને તૃણ સમાન ગણતો હતો, રાજા નહિ છતાં એનામાં રાજમદે પ્રવેશ કર્યો હતો. જેથી સ્વતંત્ર મિજાજી અને તોરી સ્વભાવનો હતો ને રાજા થવાના અનેક મનોરથો મનમાં સેવતો હતો. કંઇકંઈ પ્રકારના વિચારો કરી મનમાં નવીન સૃષ્ટિ રચતો હતો પણ ગાંગેય સંબંધી વિચાર આવતો ત્યારે એની અભિલાષા કરમાઈ જતી હતી. " અરે! પોતાના મોટા ભાઈ ગાંગેય છતાં શું હસ્તિનાપુરનું મયુરાસન પોતાને મલી શકે કે?"

મોટાભાઈની પ્રતિજ્ઞાની વાત તેણે માતા પાસેથી

સાંભળી હતી છતાં પણ એના મનમાં અનેક પ્રકારની કુશંકાઓ થતી હતી. "રખેને મોટાભાઈ ને મયુરાસનનો લોભ થાય તો ! આ હસ્તીનાપુરની સામ્રાજ્યલક્ષ્મીનો મોહ જેવો તેવો છે શું ? ભલભલા ત્યાગીને પણ આ સામ્રાજ્ય-લક્ષ્મી મોહ પમાડે તેવી નથી શું ? મને જેમ આ મયુરા-સનનો મોહ લાગ્યો છે તેમ એમને પણ મોહ નહી થતો હોય શું ?"

અનેક વિચારોથી ચિત્રવીર્યનું હૃદય ખળભળી જતું ત્યારે વિચિત્રવીર્ય એનાથી ઊમદા સ્વભાવનો હતો એને તો રાજ્ય ખટપટ જરાય ગમતી નહિ. મયુરાસન ઉપર બેસી અનેકની સાથે ઝઘડવું એને પાલવતું નહિ. એને ગમતી સુખસાહેબી ! રાજસ પ્રકૃતિવાળા એ વિચિત્રવીર્યને મોજમઝાર કરવી, ભોગવિલાસમાં મશગુલ રહેવું. સ્ત્રીઓ—અનેક સુંદર નવયૌવનાઓ સાથે હાસ્યવિનોદ, કામક્રિડા કરવી એજ એને ગમતું હતું. રાજખટપટમાં પડી મનુષ્ય જીવન બરબાદ કરવા કરતાં રૂપવતી લલનાઓના વિનોદો-માંજ એણે જીવનને શ્રેષ્ઠ માનેલું એ વિષયક્રિડામાંજ વિચિ-ત્રવીર્ય જીવનની સાર્થકતા સમજતો હતો એકજ પિતાના બન્ને રાજકુમારો (પુત્રો) છતાં પોતપોતાના પૂર્વસંસ્કારને લીધે તેમની મનોવૃત્તિઓ સંસારની જુદી જુદી દિશા તરફ આકર્ષાતી[1] હતી.

ગયા ભવમાં આત્માની જેવી કરણી હોય છે તે કર-ણીને અંગે થયેલા જે વિચારો, નિરંતરના એ વિચારોના

---

૧ ખેંચાતી.

અભ્યાસને અંગે બંધાયેલા જે સંસ્કારો, એ સંસ્કારો ચાલુ ભવ સાથે ખુબ સંબંધ ધરાવનારા હોય છે જેવા એના પુર્વના સંસ્કારો હોય છે તથા પ્રકારની એને વાસના રહે છે ને જેવી વાસના હોય છે તેવીજ એને સ્મૃતિ હોય છે એટલે નિરંતર એનુંજ એને વિશેષ સ્મરણુ રહે છે માણુસની ભિન્ન ભિન્ન વાસનાને લીધે તેની કર્તવ્યદશા ભિન્ન ભિન્ન હોય છે ને તેની સ્મૃતિ એટલે વિચારો પણ પૂર્વના સંસ્કારને અનુસરીને હોવાથી સર્વેના એક જાતના વિચારો હોઈ શકે શું ? આજે પણુ તેથી આપણે દુન્યામાં માણુસને જુદી જુદી રૂચિવાળા જોતા નથી શું ?

જ્યારે સત્ય પ્રતિજ્ઞાવાળા ગાંગેય(ભીષ્મ)ના વિચારો જુદા જ હતા. સ્વપ્ને ય તેના મનમાં રાજ્યલોભ થતો નહિ. પ્રતિજ્ઞા પાળવામાં સિંહ સરખા પરાક્રમવાળાને જગતની કોઇપણુ મોહક વસ્તુ લોભાવી શકે શું ? પ્રલયકાળનો વાયુ કે ભયંકર સમુદ્રનો ઝંઝાવાત પણુ મેરૂને ડગાવી શકે શું ?

પ્રકરણુ ૧૩મું.

શાંતનુનું પરલોકમાં પ્રયાણુ.

ભવ બાજી રમતાં કદિ, હારે ભલે રમનાર
છેલ્લી બાજી સુધારી લે, તોપણુ બેડો પાર;

આ સંસારમાં પ્રાણીઓની જેવી ગતિ થવાની હોય છે તેને અનુસારેજ મતિ હોય છે જેવી ભવિતાયતા હોય

છે તેવી જ બુદ્ધિ હોય છે. પ્રાયઃ કરીને જે નરકગામી જીવ હોય છે તે લક્ષ્મી, વૈભવ, સંપત્તિથી ભરેલો હોય છતાં તેનામાં કૃપણપણુ જોવાય છે ને દાન કરવાની વૃત્તિ તેના હૈયામાં જાગતી નથી તેમજ જેને તિર્યંચગતિમાં જવાનું હોય છે તેને વિરતિનો ઉદય થતો નથી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'બુદ્ધિ કર્માનુસારિણી?'

હસ્તીનાપુરના મયુરાસનને શોભાવનાર શાંતનુ રાજા ઐશ્વર્યમાં, સુખમાં, સમૃદ્ધિમાં, વૈભવ અને અયશઆરામમાં, પુત્ર, કલત્ર આદિ પરિવારમાં વૃદ્ધ છતાં શરીરસંપત્તિમાં પુણ્યનાં ફલ ભોગવી રહ્યો હતો. એકદા સ્વાભાવિક રીતેજ રાજાના મનની વૃત્તિઓમાં ફારફેર થયો, ઐશ્વર્યના સુખથી થાકી ગયેલા રાજાના મનમાં આવતા ભવને માટે મુંજવનારા અનેક વિચારો ઉત્પન્ન થયા. "ઓહ! મારા પૂર્વજો પાછલી વયમાં ધર્મકાર્યમાં મનને લગાડી આત્માના હિતને માટે પ્રયત્ન કરતા, દીક્ષાને ગ્રહણ કરી વંશપરંપરાની કીર્તિને અજવાળતા હતા. ને મોહના [1]બંધન તોડી સ્વર્ગ અને મોક્ષની[2] ઉપાસના[3] કરતા હતા ત્યારે હાય! મને ધિગ્ છે કે હજી હું મોહમાં લુબ્ધ છું."

રાજા પોતાના આત્માની નિંદા કરતો ને [4]ગત જીવનનાં કૃત્યોની યાદી કરતો ખુબ પસ્તાવો કરવા લાગ્યો. "અરે! આખાય જીવનમાં મેં જીવહિંસા કરવામાં શું ખામી રાખી છે? મૃગયાના શોધમાં મેં અને મારી શિકારી

---

૧ બેડી. ૨ જન્મમરણ ન થાય તેવી ગતિ. ૩ મેલવવાનો ઉપાય. ૪ ભૂતકાલ.

સેનાએ અનેક જીવોનો નાશ કરી નાખ્યો છે. કરેલી પ્રતિજ્ઞાઓ તોડવામાં પણ મેં વાર લગાડી નથી. છતાં પણ પાપમાં આસક્તિવાળા મને પુર્વભવના પુણ્યોદયથી અનેક પ્રકારે સુખની સામગ્રી મલી છે. કારણ કે પાપીઓને પણ પૂર્વે શુભ કર્મ કરેલું હોય છે તો અવશ્ય ઉદયમાં આવે છે જ્યારે પાપના ઉદયથી ધર્મીજનના મનોરથ પણ નિષ્ફળ થાય છે એ સામાન્ય નિયમ છે.

પૂર્વના પુણ્યના ઉદયથી આ ભવમાં પાપાસક્ત છતાં મને સર્વ પ્રકારે સુખ મલ્યું પણ હવે આવતા ભવ માટે મારૂં શું? એવું શું શુભકર્મ મેં કરેલું છે કે જે આવતા ભવમાં મને સુખ આપશે. જ્યારે પાપ તો ખુબજ કરેલું છે માટે હજી પણ હું સાવધ થઇ જાઉં તો સારી વાત છે. હવે તો આત્માને હિત કરનારી તીર્થયાત્રા તેમ જ અન્ય ધર્મકરણી કરી મારા પાપમલને ધોઇ નાખું ને મોહથી વિરક્ત થઇ ધર્મમાં ચિત્ત લગાડું તો કેવું સારૂં?"

જોકે હવે બાજી હાથમાંથી સરી ગઈ છે છતાં પણ હજી છેલ્લી તક છે તો સુધારી લઉં. હજી સંપૂર્ણ વૃદ્ધાવસ્થા આવી નથી ને ઇંદ્રિયોમાં થોડીઘણી શકિત છે તે દરમિયાન બને તેટલું આત્મહિત તો કરી લઉં?" પૂર્વના કોઈ શુભ સંસ્કારના ઉદયથી રાજાના હૃદયમાં રહીરહીને હવે શુભ ભાવના જાગૃત થવાથી ભૂતકાલના જીવન માટે એને ખુબ પસ્તાવો થયો.

રાજાએ એ શુભ પ્રેરણાથી શત્રુંજય, ગિરનાર આદિ મહાતીર્થોની યાત્રા કરતાં ને માર્ગમાં અનેક નાનીમોટી

યાત્રા કરતો સાધુ મુનિરાજોના ઉપદેશ સાંભળતો પોતાના આત્માને પવિત્ર કરતો પાછો હસ્તિનાપુર નગરે આવ્યો. તે પછી રાજકાર્યનો ત્યાગ કરી પોતે ધર્મધ્યાનમાંજ સમય વ્યતિત કરવા લાગ્યો.

રાજાને ધર્મકાર્યમાં પ્રીતિવાળો જાણી ગાંગેયે રાજ્યની જવાબદારી પોતાને શિરે આવેલી સમજી રાજ્યનો તમામ વહીવટ હસ્તગત કરી ચિત્રવીર્યને અમુક અમુક જવાબદારીઓ સોંપવા માંડી. ચિત્રવીર્યને પણ રાજ્યકાર્યમાં ખુબ રસ પડતો હતો. શાસન ચલાવવાનું—આધિપત્ય ભોગવવાનું એને બહુ ગમતું હતું. યુદ્ધો કરી અન્ય રાજાઓને વશ કરવાનું એને મન નજીવું કામ હતું. રાજ્યને માટે તલસી રહેલો છતાં ઉતાવળ નહી કરનારો ચિત્રાંગદ રાજમુગટ ધારણ કરવાની ખુબ રાહ જોઈ રહ્યો હતો. પણ મોટાભાઈને નારાજ કરવા તૈયાર નહોતો તેમ કરવા જતાં રખેને કંઈ ઉલટું ન વેતરાય ?

ધર્મધ્યાનમાં એકચિત્તવાળા રાજાની તબીયત એકાએક બગડી. એક તો અવસ્થા ખુબ થઈ ગઇ હતી બીજી તરફ શરીરની માંદગી છતાં રાજા પોતાનો સમય પૌષધશાળામાં જ પસાર કરતો હતો. સંસારની અસારતાને સમજનાર તેમજ પોતાની જીંદગીના છેલ્લા દિવસોને જાણનાર રાજાએ હવે સત્યવતી શું કે ગાંગેય શું ! પુત્ર આદિની મોહજાળ તેણે છોડી દીધી. રાજાને પણ સમજ પડી કે પોતે હવે થોડા સમયનો મેમાન હતો. આ સંસારના વૈભવ પુત્રકલત્ર છોડી તે જવાનો હતો. આ સંસારની પુદ્ગલિક

વસ્તુઓના મોહને જો પોતે છોડવા તૈયાર થતો નથી તો આખરે તો એક દિવસ એવો આવે કે જ્યારે મને કે કમને એને એ વસ્તુઓ છોડી પરલોક જવું પડે છે.

આખરે એ દિવસ પણ આવી પહોંચ્યો રાજાએ પોતાના પુત્રપરિવારને પોતાની પાસે બોલાવ્યો. એક વખતનો જબરજસ્ત પહેલવાન શિકારી પુરૂષ આજે પથારીમાંથી બેઠો થવાને પણ અશકત હતો. મોહના બંધનમાં બંધાયેલો ને પાપમાં આસકત એ પુરૂષ અત્યારે પાપનો પસ્તાવો કરતો સર્વેને ખમાવી રહ્યો હતો જેની વીરહાકથી હાથીઓ પણ હાલી જતા હતા તે પ્રચંડ ગર્જનાવાળો પુરૂષ બોલવાને પણ અશકત છતાં માંડમાંડ ભાગાતુટા શબ્દો વડે સર્વને સમજાવી રહ્યો હતો. પ્રધાનો, મંત્રીઓ, સરદારો વગેરે ખાસ આપ્તમંડલ[1] એની આસપાસ શોકસાગરમાં ગરક[2] થયેલું બેઠેલું હતું. અનેક નિપુણ[3] વૈદ્યો વારેવારે રાજાની નાડી તપાસતા સર્વેને ધિરજ આપી રહ્યા હતા. પણ તુટેલી આયુષ્યની દોરીને વૈદ્યો કે ધનવંતરિ પણ શું સાંધી શકે ?

" ગાંગેય ? આપણા કુરૂવંશમાં તું એકજ અલંકારરૂપ છે. હસ્તિનાપુરનું વિશાળ સામ્રાજ્ય હું તને સોંપી જાઉ છું. કુરૂવંશનું ગૌરવ વધે તેવી રીતે તું રાજ્યને દીપાવજે." રાજાએ પરાણે ને મંદમંદ તેમજ તુટક તુટક શબ્દો વડે કડી પૂર્ણ કરી. " પિતાને વિનયવાન હતો તેવો જ માતાને ભકિતવાન થજે."

---

૧ કુટુંબમંડલ. ૨ ડુબેલું. ૩ હોંશીયાર.

" પિતાજી ? આપ ચિંતા કરશો નહિ, મારો ભાઈ ચિત્રાંગદ રાજ્યને શોભાવે તેવો પરાક્રમી અને વીર છે. મારા કરતાં પણ તે રાજ્યને અધિક શોભાવશે. હસ્તિનાપુરનો રાજમુગુટ એના કરતાં વધારે બીજો કોણ શોભાવશે ?

ગાંગેયના વચનથી રાજાને શાંતિ થઈ જાણે એક પ્રકારની ટાઢક વળી હોય તેમ નિરાંત મને તે ધીમે ધીમે પોતાના બન્ને રાજકુમારોની તરફ નજર કરતો બોલ્યો.

" વત્સ ? ચિત્રાંગદ ? ડાહ્યો થજે ? કોઈ દિવસ મોટાભાઈની આજ્ઞા લોપીશ નહિ. કોઈના કહેવાથી પણ નહિ ? પિતાના જેટલોજ તું મોટાભાઈનો વિનય સાચવજે. એણે જે કર્યું છે તે કરવાની તાકાત કોઈની નથી એ તું નિરંતર યાદ રાખજે. ને વિચિત્રવીર્ય ? તું તો ડાહ્યો છે. તને હું શું સમજાવું ? "

" બાપુજી ? વડીલબંધુ પણ અમારે આપની માફક પૂજ્ય છે. "

રાજાએ સર્વેની બે હાથ જોડી ક્ષમા માગી. રાજાનો અંતકાલ જાણી એક મુનિરાજે આવી રાજાને આરાધના કરાવી, પાપની આલોચના–નિંદા કરાવી પુણ્યની અનુમોદના કરાવી, છેલ્લે નવકારમંત્રનું સ્મરણ કરતાં રાજા એક ચિત્તે જીનેશ્વરનું ધ્યાન કરતો ને ધિરજથી દુ:ખની વેદનાને સહન કરતો છેલ્લો શ્વાસ ઘુંટી રહ્યો હતો.

રાજાની અંતિમ અવસ્થા જોઈ એક બાજુ સત્યવતી વગેરે રાણીઓ ધીમુ ધીમુ રૂદન કરતી ડચરાં ખાવા લાગી.

ચિત્રાંગદ ને વિચિત્રવીર્ય પણ રડવા લાગ્યા. ગાંગેય જેવા બલવાન નરની આંખમાં પણ અશ્રુ ભરાઈ આવ્યાં, મંત્રીઓ વગેરેની તો વાત જ શી ?

એ બધાં જોતે જોતે રાજા શાંતનુનો આત્મા આ મનુષ્ય લોકની માયાનો ત્યાગ કરી પરલોકે પ્રયાણુ કરી ગયો.

"જબ તુમ આયે જગતમેં, જગત હસે તુમ રોય,
કરણી અયસી કર ચલો, તુમ હસો જગ રોય."

પ્રકરણ ૧૪ મું.

ચિત્રાંગદ

"આ તો ખ્વાબનાં નખરાં, ઉધામા છોડ કિસ્મતના;
ઉમળકા એ ફના થાશે, હજી તુજને શું રહી શંકા ?"

"વિશાળ સામ્રાજ્યના રાજમુગુટને ધારણુ કરવાનો મોહ જેવો મને થાય છે તેવો શું મોટાભાઈને નહી થતો હોય ? ભલે તેમણે પ્રતિજ્ઞા કરી હોય તેથી શું ? છેવટે તો તેય પણ એક મનુષ્ય છેને ? મનુષ્યને જગતનું કયું આકર્ષણુ લોભાવી નથી શકતું ? પિતાજી પ્રતિજ્ઞા ભ્રષ્ટ થયા તો મોટાભાઈનું શું ગજુ ?" વિચારના પ્રવાહમાં તણાયેલો એક નવજુવાન પોતાના વિશાળ રાજમહાલયના રમણીય દિવાનખાનામાં આંટા મારી રહ્યો હતો. પિતાના મૃત્યુ પછી અનેક વિચારોથી તેનું હૈયું વારંવાર અકળાતું હતું. જો કે તેના મસ્તક ઉપર રાજમુગુટ ધારણુ કરવાને હવે ઝાઝી

વાર નહોતી લગભગ બધું નક્કી થઈ ગયું હતું. શુભ મુહુર્ત્ત પણ નજીક આવતું હતું ને આવતી કાલે તે હસ્તીનાપુરનો મહારાજા થવાનો હતો. છતાંય એના શંકાશીલ હૃદયમાં અનેક પ્રકારના તરંગો ઉઠતા હતા." શું બધું બરાબર પતી જશે કે ?"

"ચિત્રાંગદ ? તું અહીં છે ?" એમ બોલતાં એના મોટાભાઈ ગાંગેયે મૃદુ હાસ્ય કરતાં પ્રવેશ કર્યો. ને એના વિચારમાં ભંગાણ પડયું એના મનમાં સંકલ્પ વિકલ્પ થયા.

"આવો મોટાભાઈ ? પધારો ? આમ એકાએક મારી પાસે ?" ચિત્રાંગદે આવકાર આપી આદર સત્કાર કર્યો. "મને સમાચાર કહાવ્યા હોત તો હું આવતને આપની પાસે ?"

"ચિત્રાંગદ ? તને મુબારકવાદી આપું છું." ગાંગેય હસ્યો ને એને પોતાની પાસે બેસાડયો.

"શેની ?" ચિત્રાંગદે ટુંકમાં પતાવ્યું.

"કાલે રાજા થવાનો છે તેની ?"

"મોટાભાઇ ? એ રાજમુગુટ તો તમારે મસ્તકે જ શોભે !"

"ના ? તારે મસ્તકે જ એ શોભશે, તું એને શોભાવીશને ?"

"તમે છતાં એ મારાથી ન લેવાય."

"હું મારે હાથેજ તને એ મુગુટ પહેરાવીશ પછી કાંઈ ?"

"પણ મોટાભાઈ? તમને એ મુગુટનો મોહ નથી થતો ?"

"ના ?" ગાંગેય મૃદુ હાસ્ય કરતાં બોલ્યો. "તું શોભાવીશને ? આપણા કુરૂવંશને અજવાળીશને ?"

"આશ્ચર્ય છે મોટાભાઈ ? તમને કેમ આવી મહાન્ સામ્રાજ્ય લક્ષ્મીનો મોહ નથી થતો ? ઐશ્વર્ય, ઠકુરાઈ, વૈભવ, આધિપત્યપણું એ બધું તમારા ચરણમાં પડયું છે તે તમને શું નથી ગમતું ?" ચિત્રાંગદે આશ્ચર્ય બતાવ્યું.

"તને તો ગમે છેને ?" ગાંગેય ચિત્રાંગદની રાજ્ય-લક્ષ્મી પરની તીવ્ર મુચ્છા જોઈ હસ્યો.

"જરૂર ? પણ ?" ચિત્રાંગદ અટકી ગયો.

"પણ બણ કાંઈ નહિ. એ ઐશ્વર્ય તુંજ ભોગવ ? એ રાજમુગુટ તુજ ધારણ કર ? તું ને હું કાંઈ જુદા નથી, તું મારો નાનો ભાઈ છેને ?"

ગાંગેયનાં વચન સાંભળી ચિત્રાંગદ વડીલ ભાઈ તરફ જોઈ રહ્યો એના હૃદયને ચકાસી રહ્યો "ભાઈ તે સત્ય કહે છે કે ઉપરનું ? હશે તે આવતી કાલે પરખાઈ જશે."

ગાંગેય રાજકાર્યમાં ગુંથાયેલો હોવાથી તરતજ ચાલ્યો ગયો ને બીજે દિવસે કોઈપણ અંતરાય વગર ચિત્રાંગદની રાજ્યારોહણની ક્રિયા ભારે ધામધૂમપૂર્વક થઈ. સત્ય પ્રતિજ્ઞ ગાંગેયે સામ્રાજ્યના મોહમાં ન ફસાતાં પોતાની પ્રતિજ્ઞા સિદ્ધ કરી બતાવી. ગાંગેયની નિર્લોભતાની કીર્તિ ભારતવર્ષ ઉપર ચારેકોર વિસ્તાર પામી.

ચિત્રાંગદ હવે ભારતવર્ષમાં હસ્તીનાપુરનો મહારાજા થયો કુરૂવંશનો શણગાર થયો. રાજ્યમદ, બળમદ, ઐશ્વર્યમદ ને યૌવનનોમદ મહારાજા ચિત્રાંગદ જીરવી શકયો નહિ. એણે અનેક વિરોધી રાજાઓ ઉપર ચડાઈ કરી જીતવા માંડયા. ચિત્રાંગદે અનેક રાજાઓને યુદ્ધમાં હરાવવાથી એને પોતાના પરાક્રમનું ખુબ અભિમાન થયું.

એને પોતાના પરાક્રમ ઉપર ભરોંસો હોવાથી તે ભીષ્મ (ગાંગેય) ની પણ સહાય લેતો નહિ. હવે તો રાજ્ય કાર્યમાંય ગાંગેયની સલાહ લેતો નહી. ને પોતાની સેના સાથે એકલો શત્રુ રાજા ઉપર ચઢાઈ કરતો. એને હરાવી ખેદાનમેદાન કરી નાખતો હતો. વિજય ઉપર વિજય મલવાથી હવે ચિત્રાંગદના અભિમાનનો પાર રહ્યો નહિ.

અભિમાન યાને અહંકાર એ એક ભયંકર વસ્તુ છે. અભિમાન પર્વત ઉપર ચડેલા કોણ પડયા નથી? પોતાને અજેય માનનાર ચિત્રાંગદ મનમાં સમજતો કે પોતાને જીતે તેવો વીરનર આ ભારતવર્ષ ઉપર કોઇ નથી. છતાંય બહુ રત્ના વસુંધરા પૃથ્વી એકએકથી અધિક રત્નોને ઉત્પન્ન કરે છે ગર્વ ઉપર ચડેલા મનુષ્યોના મદનું મર્દન કરે છે.

વિદ્યાધરોના રાજા નીલાંગદ સાથે વિરોધ ઉભો કરી ચિત્રાંગદ રાજાએ તેના ઉપર ચડાઈ કરવાની તૈયારી કરી ભીષ્મને ખબર પડતાં ભીષ્મે ચિત્રાંગદને બહુ સમજાવ્યો પણ વીર ચિત્રાંગદે ભીષ્મની સલાહ માની નહિ ને નીલાંગદના રાજ્ય ઉપર ચડી ગયો. નિલાંગદ પણ તેની સામે આવ્યો. નીલાંગદ અને ચિત્રાંગદનું ભારે યુદ્ધ થયું એ

યુદ્ધમાં અનેક જીવોનો સંહાર થયો.

ચિત્રાંગદ શૂરવીર અને પરાક્રમી છતાં સરળ હતો ત્યારે નીલાંગદ કપટપટુ ને શત્રુને દાવપેચમાં સપડાવી પરાસ્ત[1] કરનાર ધૂર્ત્ત હતો. નીલાંગદે યુદ્ધમાં પોતાના સૈન્યથી વિખુટો પાડી ચિત્રાંગદને પોતાની સામે બોલાવ્યો પછી તો એકબીજાના શસ્ત્રને મહાત્ કરતા બન્ને શૂરવીરો દેવતાઓને પણ વખાણવા યોગ્ય યુદ્ધ કરવા લાગ્યા.

નીલાંગદના સંકેતથી એના સરદારોએ ચિત્રાંગદને ચારે બાજુએથી ઘેરી લીધો. ચારેબાજુથી ઘેરાયેલા ચિત્રાંગદને પોતપોતાના આયુધો વડે શત્રુઓએ મારવા માંડયો એક છતાં અનેકરૂપે દેખાતો ચિત્રાંગદ પ્રાણની પણ પરવા કર્યા વગર નીલાંગદ ઉપર ત્રાટકયો. શત્રુના બાણોથી ઘવાયેલો છતાં ઘવાયલા સિંહની માફક તેણે નીલાંગદના હાથી ઉપર છલંગ મારી "હોંશીયાર ?"

"મરવાને આવ્યો શું ?" નીલાંગદ પણ સાવધ હતો હાથી ઉપર બન્ને બાહુયુદ્ધ કરવા લાગ્યા.

ચિત્રાંગદના સરદારો પોતાના સ્વામીને એકલો પડેલો જાણી શત્રુઓની મધ્યમાં પોતાના પરાક્રમથી માર્ગ કરતા પોતાના સ્વામી પાસે આવવા લાગ્યા. છતાં શત્રુઓએ તેમનો માર્ગ રોકી લીધો. તેમને માર્ગમાં જ અટકાવવાને ખુબ પ્રયત્ન કર્યો. પોતાના સ્વામીને વિખુટો પડેલો જાણી સરદારો નિરૂત્સાહ થયા. લશ્કર પણ ઉત્સાહથી લડવા છતાં પોતાના

---

૧ હરાવનાર.

માલેકને નહિ જોવાથી હિંમત હારી ગયા હતા. સૌનાં મન ચિંતાતુર હતાં. "આ લડાઇમાં શું થશે?"

મહાભારતના યુદ્ધના સાતમા કોઠામાં અભિમન્યુને એકલો પાડી શત્રુઓએ ભેગા થઈ જેમ કપટથી મારી નાખ્યો તેમ સિંહની માફક લડતા એ શૂરવીરને નીલાંગદના સરદારોએ ચારે બાજુએથી પ્રહારો કરી નીલાંગદનો માર્ગ સરળ કરી દીધો. દગા વડે અધર્મ યુદ્ધ કરી ચિત્રાંગદને [1]ગતપ્રાણ કરી દીધો.

મરણ પામેલા ચિત્રાંગદનું મસ્તક કાપી નાખીને નીલાંગદ યુદ્ધ જીતી પોતાના નગરમાં ચાલ્યો ગયો. સ્વામી વિનાનું ચિત્રાંગદનું લશ્કર અને એના સરદારો શોકનાં કાળાં વસ્ત્ર સજી ધીરે ધીરે હસ્તીનાપુર સમીપે આવ્યા. ત્યાં છાવણી નાખીને પડયા પણ રાજ્યમાં જવાની હિંમત થઈ નહી. એક વાચાળ દૂત માર્ફતે મહારાજ ભીષ્મને સમાચાર પહોંચાડયા. ચિત્રાંગદના મરણના સમાચારથી રાજ્યમાં હાહાકાર થઈ રહ્યો.

એની માતા સત્યવતી રૂદન કરવા લાગી. ભીષ્મ, વિચિત્રવીર્ય આદિ પરિવાર પણ શોકથી આકુળવ્યાકુળ થયો છતા ખુબ દુઃખી થયો. ભીષ્મે પોતાના લઘુ બાંધવની ઉત્તર ક્રિયા કરી રાજ્યનો મુગુટ વિચિત્રવીર્યને મસ્તકે પહેરાવવાનો વિચાર કર્યો, પણ ચિત્રાંગદને મારનાર નીલાંગદને શીક્ષા કર્યા પછી મુગટની વાત?

---

૧ મારી નાખ્યો.

પ્રકરણ ૧૫ મું.

વિચિત્રવીર્ય

"કડવા હોયે લીંબડા, શિતલ એની છાંય;
બંધવ હોયે બોલકા, પણ પોતાની બાંય."

પુત્ર મરણના શોકથી આકુલવ્યાકુલ બનેલી સત્યવતીને ખુબ આઘાત[1] લાગ્યો હતો. જો કે યુદ્ધમાં છેવટ સુધી પણ પુત્રની બહાદુરીનું વર્ણન તેણે સાંભળ્યું હતું છતાં માતાના જીવને એટલેથી શાંતિ થઇ નહી. વિચિત્રવીર્ય પણ માતાની પાસે માતાને નમવાને આવતો. તેણે પોતાની માતાને શોકાકુલ જોઇ ધિરજ આપી. "માતા? ભાઇના મરણથી મને પણ કાંઇ ઓછું દુઃખ છે? ભાઇના વેરનો બદલો લેવા માટે હું તમારી રજા માગું છું."

"તું પણ વીર પિતાનો પુત્ર છે મારી પણ એવી ઇચ્છા છે કે તું નીલાંગદને મારી તારા ભાઇનું વેર લે?" માતાએ શુભ આશિષપૂર્વક અનુમતિ આપી

"તે તમારી આજ્ઞા મારે પ્રમાણ છે દુષ્ટ નીલાંગદને મારી ભાઇના વેરનો બદલો લઉં તોજ મને તારો પુત્ર માનજે માતા?" વિચિત્રવીર્ય ગંભિરપણે માતાની આગળ બોલ્યો.

"એ દુષ્ટને મારી એનું મસ્તક મારા ચરણમાં અર્પીશ નહિ ત્યાંલગી મને કાંઇ ચેન પડશે નહિ. માટે જેમ

---

૧ શોક.

અને તેમ જલદીથી તું એની ઉપર ચડાઈ કર!"

"જરૂર! મોટા ભાઈને પૂછી તેમની અનુમતિ લઈ આવતી કાલેજ હું દુશ્મન ઉપર ફોજ લઈ ત્રાટકીશ-ચડીશ."

"કયા દુશ્મન ઉપર?" ભીષ્મ અચાનક પ્રવેશ કરતાં બોલ્યો. એનું હૈયું પણ ચિત્રાંગદના શોકથી વ્યાકુળ બનેલું હતું. નાનાભાઈના મૃત્યુનું વેર લેવાને તે પણ તૈયાર થઈ ગયો હતો.

"મોટાભાઈ? તમે આવ્યા તે ઠીક કર્યું? મને આજ્ઞા આપો તો આવતી કાલે નીલાંગદ ઉપર ચડાઈ કરી ભાઈના વેરનો બદલો લઉં?"

વિચિત્રવીર્યની વાણી સાંભળી ભીષ્મ એની સામે જોઈ રહ્યો ને પછી સત્યવતી તરફ ફરી બોલ્યો. "માતાજી? નીલાંગદ ઉપર ચડાઈ કરવાની હું છતાં એને જરૂર નથી. હુંજ ચિત્રાંગદના મસ્તકને બદલે નીલાંગદનું મસ્તક તમારા ચરણમાં હાજર કરીશ. ચિત્રાંગદના વેરનો બદલો લઈશ."

ક્રોધથી ધમધમી રહેલું ભીષ્મનું વદન લાલલાલ થઈ ગયું એનાં નેત્રો રકતતાથી રંગાઈ ગયાં એના પ્રચંડ શબ્દોથી ધરતી ધ્રુજી ઉઠી. "વિચિત્ર? તારે પ્રયાસ કરવાની કાંઇ જરૂર નથી. હું છતાં તારે એ પ્રયાસ કેવો?"

ભીષ્મની વાણીથી સત્યવતી મનમાં રાજી થઈ. "ગાંગેય? તમારા જેવા પુત્રોથીજ હું પુત્રવતી છું. તમારા જેવા પરાક્રમીને એ કાંઈ દુર્લભ નથી પણ વિચિત્રને પણ થોડુંક પરાક્રમ કરવાની તક આપો?"

" એ વાત ખરી છે માતા ? પણ નીલાંગદ ઘણો દુષ્ટ અને કપટનો ભરેલો છે જ્યારે વિચિત્રવીર્ય બાલક અને સરલ સ્વભાવી યુદ્ધકળાથી અજ્ઞાત છે માટે નીલાંગદનો નાશ કરવા તો હુંજ જઇશ."

" જેવી તમારી મરજી ? " સત્યવતીએ અનુમતિ આપી.

" નીલાંગદને મારી વિજયોત્સવ અને વિચિત્રવીર્યનો રાજ્યાભિષેક એ બન્ને મહોત્સવ સાથે ઉજવીશું."

" રાજમુગુટ તો તમેજ ધારણ કરજો ? વિચિત્રવીર્ય હજી બાલક છે તે રાજ્યકાર્યમાં શું સમજે ? "

" ના ! માતા ! રાજમુગુટ તો વિચિત્રવીર્યને માથેજ રહેશે. કેમ વિચિત્ર ? રાજમુગુટ તું પહેરીશ ને ? રાજા થવું ગમે છેને ? "

" મને તો એ ખટપટ કાંઈ નથી ગમતી મોટાભાઈ ? "

તે પછી બીજે દિવસે નીલાંગદને મારવાની પ્રતિજ્ઞા કરી ભીષ્મ નીલાંગદ ઉપર ચડયો. જુના લશ્કર અને સરદારોની સાથે તેણે પ્રયાણ શરૂ કર્યું ને નીલાંગદના રાજ્યની હદમાં આવ્યો. ચરપુરૂષ માર્ફતે ખબર પડતાં નીલાંગદ પણ પોતાના મોટા લશ્કર સાથે વિજયથી ઉન્મત્ત થયેલો ભીષ્મને હરાવી વિજયનો ડંકો વગડાવવા તૈયાર થયો છતો એકાએક ભીષ્મની સામે આવીને ઉભો રહ્યો.

ચિત્રાંગદ જેવા બળવાન હરીફને મારવાથી વિજય વડે છકી ગયેલો નીલાંગદ અભિમાનથી ઘેરાયલો હતો. ભીષ્મના પરાક્રમને નહિ જાણનારો તે નિમેષ માત્રમાં (જરાવારમાં)

ભીષ્મને જીતી લેશે એવી ધારણાથી યુદ્ધભૂમિ ઉપર આવેલા નીલાંગદે કુશલ સારથીવાલા રથ ઉપર આરૂઢ થયેલા ભીષ્મની ભીષ્મમૂર્તિને જોતાં જ ચોકયો. એના ભયંકર તેજને નહિ સહન કરનારા નીલાંગદને લાગ્યું કે પૃથ્વી બળવાન થકી પણ બળવાન નરને ઉત્પન્ન કરે છે.

બન્ને વીરોનું મહા ભયંકર યુદ્ધ શરૂ થયું બન્ને પક્ષના યોદ્ધાઓ પોતપોતાનું પરાક્રમ બતાવી વીર ગતિને પામવા લાગ્યા. પોતપોતાના માલિકને જાન આપવા ખાતર યોદ્ધાઓ વીરતાપૂર્વક લડવા લાગ્યા. "મારો ? મારો ? ને શત્રુનો નાશ કરો ?" એમ બોલતા એકબીજા ઉપર તુટી પડયા. ભીષ્મ અને તેના પરાક્રમી સૈન્યના મારાથી નીલાંગદના સૈનિકો રણમાં રોળાવા લાગ્યા. એક છતાં અનેકરૂપે દેખાતા ભીષ્મે ભયંકર રીતે શત્રુસેનાનો સંહાર[1] કરી નાખ્યો ને તે શત્રુ સૈનિકોને દૂર કરતો નીલાંગદના રથ સમીપે પોતાનો રથ લાવ્યો.

બન્ને વીરો એકબીજા ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. હવે ભીષ્મે ભયંકર ગર્જના (સિંહનાદ) પૂર્વક ધનુષ્ય ઉપર બાણ ચડાવી નીલાંગદના રથની ધજા ઉડાવી દીધી. બીજા તીક્ષ્ણ બાણથી નીલાંગદનો સારથી રથ ઉપ-રથી જમીન ઉપર તુટી પડયો. નીલાંગદે પણ પાર વિનાનાં બાણો છોડવા માંડયાં, પણ તેનાં બાણોને રણવીર ભીષ્મ વચમાંથી જ છેદી નાખતા હતા. પોતાને પરાક્રમી માન-નારો નીલાંગદ હવે એક દીવ્ય બાણ ધનુષ્ય ઉપર ચડાવી

૧ નાશ.

છોડવાની તૈયારી કરવા લાગ્યો. પણ તે દરમિયાન ભીષ્મના એક જ લક્ષવેધી બાણથી નીલાંગદના ધનુષ્યની દોરી કપાઈ ગઈ.

નીલાંગદે બીજુ ધનુષ્ય લીધુ પણ તેની દોરી કપાતાં પણ વાર લાગી નહિ. વારંવાર ધનુષ્યના છેદાવાથી ક્રોધથી ધમધમી રહેલો નીલાંગદ બેબાકળો બની ગયો—મુંઝાઇ ગયો. શત્રુનો શી રીતે નાશ કરવો એના વિચારમાં સ્તબ્ધ થઇ ગયો. ત્યાંતો એનો બીજો સારથી પણ ભીષ્મના ભયંકર બાણથી ગોથુ ખાઇ ગબડી પડયો એવાજ એક ઝેરી બાણના આઘાતથી[1] એના રથના અશ્વો ભડકયા ને ગોથું ખાઈ ગયા.

ભયંકર ભીષ્મના લક્ષ્યવેધી બાણોનો સામનો કરવાને ય અસમર્થ રાજા નીલાંગદનું મૃત્યુ એને સામે ઉભેલું જણાયું. યુદ્ધમાં પોતાને અજેય માનનારને પોતાનો કાળ હવે નજીક જણાયો. છતાં પણ જયની અભિલાષાવાળો નીલાંગદ આખરના ઉપાય તરીકે એક મોટું ચંદ્રહાસ ખડ્ગ લઇને રથમાંથી કુદી પડયો, ને ભીષ્મ તરફ તેણે દોટ મુકી.

દીવ્ય ખડ્ગ વડે ધસી આવતા નીલાંગદને જોઈ રણકુશળ ભીષ્મ પણ એક દીવ્ય પ્રભાવવાળું ખડ્ગ લઇને રથમાંથી કુદી પડયા. ખડ્ગથી યુદ્ધ કરતા બન્ને વીરોના ચરણઘાતથી પૃથ્વી કંપાયમાન થવા લાગી. રણચતુર ભીષ્મે થોડીવાર યુદ્ધમાં નીલાંગદને રમાડી એનું ચંદ્રહાસ ખડ્ગ

---

૧ વાગવાથી.

આંચકી લીધું ને એનાજ ખડ્ગથી ભીષ્મે નીલાંગદને મારી નાખ્યો. નીલાંગદનું લશ્કર પણ હાલહવાલ થઈ નાશભાગ કરવા લાગ્યું.

નીલાંગદની રાજલક્ષ્મી લુંટી ચિત્રાંગદનું મસ્તક લઇ ભીષ્મ નાના ભાઇના વેરનો બદલો લઈ પોતાના નગરમાં આવ્યો. નીલાંગદનું મસ્તક માતાના ચરણમાં મુકી સત્યવતીને હર્ષ પમાડયો. ને વીરોમાં વીર ગણાતા વિશ્વવિજયી ભીષ્મની કીર્તિ આર્યાવર્તની ચારે દિશાએ પ્રસરી ગઈ. ભીષ્મના જેવા ભાઈ કોને ના ગમે ?

એક સારા મુહુર્તે વિચિત્રવીર્યનો મહાન્ રાજ્યાભિષેક થયો ને વિચિયવીર્ય હસ્તીનાપુરનો મહારાજા થયો બળવાન વિચિત્રવીર્યે પણ શત્રુઓના મસ્તક ઉપર પોતાની આજ્ઞા ધારણ કરાવી.

પ્રકરણ ૧૬ મું.

વિનોદ

"કિતાબો તો બધી ખોળી, જડયો ના પંથ વિધાતાનો
અરિસો આ દુનિયાનો, ફરેબી ને દગાવાળો."

"ઓહ ! શું થશે ? આવતી કાલે શું થશે ? એ જાણવાની જો માનવીનામાં શક્તિ હોત તો કેવું સારૂ ?" ભાગરથીના[1] કિનારા ઉપર અનેક પ્રકારના પુષ્પોની સુગં-

---

૧ ગંગા.

ધીથી મધમધી રહેલા એક નવપલ્લવિત ઉદ્યાનની લતા-કુંજમાં ચિંતાગ્રસ્ત[1] સ્થિતિને પામેલી બાલા મનમાં બોલી.

અનુપમ[2] લાવણ્યથી શોભતી, અનેક પ્રકારના સુખ, વૈભવ ને ઐશ્વર્યમાં ઉચ્છરેલી ને સ્વતંત્ર મિજાજના વાતાવરણમાં હોવા છતાં અનેક પ્રકારના વિચારોથી ખળભળી રહેલા હૃદયને તે શાંત કરવાને અત્યારે એકલી ઉદ્યાનમાં આવેલી હતી. અત્યારે અનેક પ્રકારના પુષ્પને ઉદ્દેશીને તે તેની સાથે વાત કરતી પણ એ મુંગાં પુષ્પો એનું શું સમાધાન કરે ? એતો પોતાની ખુશબોહદાર સુગંધિના પમરાટથી[3] એના ચિંતાતુર હૃદયને જરી આરામ કરે—શાંત કરે ?

" વાહ ! વિધાતા—વાહ ? તું પણ જબરૂ તો ખરૂંજ ને ? માણુસ શું ઇચ્છે છે ત્યારે તું માનવીને કયાં ઘસડી જાય છે ? તેથી જ નથી સમજાતું કે અમારૂં ભાગ્ય કેવુંક હશે ? "

એ અનોપમ લાવણ્યવાળી રાજકુમારીના શબ્દો ધીમેથી બોલાયલા છતાં તેની પછવાડે આવેલી એની સખી ને કાને પડયા ને આરામ લેવા આવેલીના આરામમાં ભંગ થયો.

" બહુ મજાનું વળી ? " રાજકુમારીએ એ શબ્દ સાંભળ્યો. એણે આસપાસ દૃષ્ટિ કરી પણ કોઈ નજરે પડયું નહિ. " કોનો અવાજ એ ? "

---

૧ વિચારમાં. ૨ મનોહર. ૩ મહેક.

" હું વનદેવી ? કહો તમારે શું માગવું છે કાંઈ ? " કૃત્રિમ અવાજ આવ્યો.

" મારૂં ભવિષ્યમાં શું થશે ? તે કહો ? "

" તમે મનગમતા પતિને વરશો, ખુબ સુખી થશો ? "

રાજકુમારીએ શબ્દો સાંભળ્યા પણ કોઈ જોવામાં આવ્યું નહિ. થોડીવારે આમતેમ નજર કરતી ને સુગંધિત પુષ્પોની ખુશબોનો[1] સ્વાદ લેતી રાજબાળાની નજર પોતાની સામે ઉભેલી સખી ઉપર પડી. " ઓહ ! ભાનુમતી ? તું ? "

" હા ? બેન ? આજ ઉદાશ કેમ ? "

" હમણાં હમણાં હૃદય બહુ અશાંત રહે છે, ભાનુ ? "

" બેન ? શા માટે ચિંતા કરો છો ? "

" ભાવી માટે ? કાલે શું થશે તે આપણે જાણતાં નથી એ માટે ? "

" બધું સારૂં જ થશે બેન ? "

" શંકાશીલ હૈયું શી રીતે માને, ભાનુ ? "

" વિશ્વાસ રાખો બેન ? મોટાનું ભાગ્ય હમેશાં મોટું જ હોય છે એ ભુલતા રખે ? "

" છતાંય એમાં શંકાને સ્થાન છે. "

" કારણ ? "

---

૧ સુગંધ.

"કારણ વગર કાંઈ ઓછું જ કાર્ય બને છે?"

"એ બધુ ભૂલી જાઓ બેન? વનદેવીનું વરદાન એટલામાં શું ભુલી ગયાં કે?"

ભાનુમતી જરાક હસી. ભાનુમતી રાજકુમારીની વિશ્વાસુ સખી—દાસી હતી.

"ત્યારે એ બધું તારૂંજ તોફાન કે?"

"જે માનો તે ખરૂ?"

"કેમ?"

"તો દેવતાઓ વરદાન આપવા કયાં અત્યારે નવરા છે બેન?"

"અરે વાહરે તારી ચતુરાઈ!"

બન્ને એક બીજાની સામે જોતી હસી પડી. ત્યાં તો ચારેકોરથી દાસીઓ—સખીઓ ને રાજકુમારીની બીજી બે નાની બેનોએ આવીને આ બન્નેને ઘેરી લીધી. "અરે વાહરે! તમને શોધતાં તો અમારો દમ નિકળી ગયો."

"આ બહાદુર બહારવટીઆઓના ધાડાથી તો આપણે ઘેરાઈ ગયાં ભાનુ?" સખીઓના ધાડાને નિહાળતી રાજકુમારી હસીને ભાનુને ઉદ્દેશીને બોલી.

ભાગીરથી—ગંગાને કિનારે રમણીય વિશાળ અને ગગનચુંબિત મહાલયોથી સુશોભિત એ કાશીનગરી અનેક રમણીય રાજમહાલયો, વિશાળ તીર્થમંદિરો, ધર્મશાળાઓ અને મનને આનંદ આપનારાં ઉદ્યાનો એ નગરીની શોભા વધારી રહ્યાં હતાં. આ આર્યાવર્ત્તની પવિત્ર ગણાતી એ

ભૂમિ, એના રાજવીઓ પણ ગુણવાન, ઐશ્વર્યવાન્ અને પ્રજાનું ન્યાયથી પાલન કરી દુર્જનોને શિક્ષા કરી સજ્જનોનું રક્ષણ કરનારા ધર્મશીલ હતા.

કાશીનરેશ વીરસેનની એ રાજકુમારી અંબા, અંબિકા ને અંબાલિકા યૌવનના અનુપમ આંગણે તોરણ બાંધતી એ કુમારિકાઓના સૌંદર્યની સુવાસ આર્યાવર્ત્ત ઉપરના દરેક રાજવીઓમાં સારી રીતે ફેલાઇ રહી હતી. અને તેથી સુવાસથી આકર્ષાયલા ભ્રમરની માફક અનેક રાજવીઓ એ બાલાઓના રૂપની સુવાસ લેવાને તલસી રહ્યા હતા. જોવાનું માત્ર એટલું જ કે એ સુવાસનો ભોગી ભ્રમર કોણ ભાગ્યશાળી છે ?

" અહીં એકાંતમાં તમે બન્ને છાનીછાની શું વાત કરતાં'તાં, મોટીબહેન ?" અંબિકા મોટીબેન અંબાને ઉદ્દેશીને બોલી.

" તારા લાભની વળી." અંબા હસી.

" મારા લાભની ?"

" હા !"

" શી વાત ? કહો તો ખરા ત્યારે ?"

" તને સારો વર મલે તેની ? કહે ? તને કેવોક વર પસંદ છે અંબિકા ?"

" મને ?" અંબિકા વિચારમાં પડી જઈ. તમને ગમે એવો."

" એટલે ?" અંબિકા ગંભિરભાવે બોલી.

"તમે જેને પસંદ કરશો તેને હું પણ પસંદ કરીશ."

"અને હુંય?" અંબાલિકા જે નાની હતી તેણે પણ અનુમતિ આપી.

"વાહ! બહુ મજેની વાત એ તો!" અંબા હસી.

"જ્યાં તમે ત્યાં અમે? શા માટે આપણે જુદાં પડીયે! ભલે મૃત્યુ આપણને જુદાં પાડે!"

કાશીરાજની ત્રણે કન્યાઓએ એક વિચાર કરી નાખ્યો. વિધાતા કયી વખતે શું કરે છે તેની કોને ખબર પડે છે તેની જ મરજીથી આ એક અસામાન્ય ઘટના પણ અણુધારી રીતે બની ગઈ.

"મોટીબેન? પણ વરને પસંદ કરવાનું કામ તમારૂં." અંબિકા બોલી.

"સમય આવે એ પરીક્ષા પણ થઈ જશે." અંબાએ કહ્યું.

સખીઓ આ ત્રણે રાજબાળાઓની મીઠી મશ્કરીઓ કરતી ચાલી ગઈ. રાજકન્યાઓ પણ પોતાના નિવાસસ્થાનમાં (મહેલમાં) આવી માતાપિતાને પગે લાગી. ઉંમરલાયકને રૂપનિધાન પોતાની પુત્રીઓને જોઈ કાશીનરેશ વીરસેન વિચારમાં પડયો. "અરે! આ ભાગ્યનિધાન બાળાઓનો પતિ કોણ થશે?"

પ્રકરણ ૧૭ મું.

મંત્રણા

ચલનો ભલો ન કોશકો, દુહિત ભલી ન એક;
મંગનો ભલો ન બાપશું, જો વિધિ રાખે ટેક.

માનવી પોતાને મહાન બુદ્ધિશાળી સમજી અનેક પ્રકારના વિચાર કરી અનેક બુદ્ધિવાનોની સલાહ લઈ અમુક કાર્ય કરવાનો નિશ્ચય કરે છે અને પછી જે કાર્ય કરવાની એની મરજી થઈ તે કાર્ય કરવાને તે પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ કરે છે પોતાનું તન, મન, ધન અને ઐશ્વર્ય તેમજ બળ એ સર્વ શક્તિ તે કાર્ય પાછળ અજમાવે છે છતાંય વિધિની ઇચ્છા જુદી હોય તો સર્વ મહેનત માનવીની રદ—બાતલ જાય છે અને વિધાતા કંઇક જુદુજ કરી નાખે છે.

કાશીરાજની રાજસભામાં અનેકમંત્રી, સરદારો વગેરે બેઠેલા છે. અત્યારે રાજસભામાં અનેક પ્રકારનો વાર્તાવિનોદ ચાલી રહ્યો છે. મંત્રીઓ—પ્રધાનો અરસપરસ વાતચિત કરતા પોતાના મોં મકલાવી રહ્યા છે ત્યારે ગંભિર મુખમુદ્રાને ધારણ કરનાર રાજા વીરસેન અત્યારે કંઈક ગંભિર વિચારમાં હોવાથી તે પોતાના વિચારમાં જ તલ્લીન હતો.

રાજાને વિચારમાં પડેલો જાણી આખરે એક મંત્રી બોલ્યો. “ મહારાજ ! દેવ ! કેમ કાંઈ આજે ચિંતામાં ? ”

મંત્રીનાં વાક્ય સાંભળી રાજા એકદમ વિચાર તંદ્રામાંથી ચમકયો. "હા ! મંત્રીજી! આજ કંઈક એવું છે ખરૂં ! ને એમાં તમારી સલાહની જરૂર પણ છે !"

"કહો ત્યારે દેવ? એવી શી ચિંતા છે કે જેમાં અમારી સલાહની જરૂર છે?"

મહામંત્રીની વાત સાંભળી કાશીનરેશ વીરસેન બોલ્યો. "એકપણ કન્યા જે તે પિતાની ચિંતામાં વધારો કરનારી છે ત્યારે અમારે ત્રણ ત્રણ રાજકુમારીઓ અત્યારે યોગ્ય ઉંમરે આવેલી છે, કહો કેમ ચિંતા ન હોય?"

રાજકુમારી સંબધી વાત સાંભળી મંત્રીઓ પણ વિચારમાં પડયા. "મહારાજ ! એમના વિવાહ માટે હવે કંઇક નિર્ણય પર આવવું જોઇએ. કયા કયા રાજ્યો સાથે સંબંધ બાંધવાની ઇચ્છા છે દેવ?"

"આજે ભારતવર્ષ ઉપર અનેક રાજ્યો ઝળકી રહ્યાં છે. અનેક દેશના રાજકુમારો આપણને જેમના ચારિત્ર્યની સંપૂર્ણ માહિતી નથી એવા સાથે સંબંધ બાંધીને પણ શું કરીયે?" રાજાએ પોતાની શંકા કહી સંભળાવી.

રાજાની વાત સાંભળી એક ડાહ્યો મંત્રી બોલ્યો. બાપુ? સ્વયંવર રચાવો! અનેક રાજાઓને રાજકુમારો પધારશે. પોતપોતાને પસંદ પડે તેવા વરને તેઓ પોતે જ પસંદ કરી લેશે."

મંત્રીની વાણી સર્વને પસંદ પડી. "દેવ! સત્ય વાત છે મારે ગળે પણ એ વાત ઉતરે છે, સ્વયંવરમાં જ કન્યાના

ભાગ્યની ખબર પડે છે, તેમાંય રાજકન્યાઓનું ભાગ્ય તો સ્વયંવરમાં જ પરખાઈ જાય છે એ દીવા જેવું સત્ય આપણે ભુલવું ન જોઈએ.”

એકમતે એ સલાહ પસંદ પડવાથી રાજાએ પણ તે અભિપ્રાય મંજુર રાખ્યો દેશોદેશ આમંત્રણ પત્રિકાઓ મોકલી દરેક રાજાઓને આમંત્રણ કરી અમુક તિથિએ કાશી તરફ પધારવાની સૂચના કરવી એવી મંત્રીને પરવાનગી આપવાથી અને જેમ બને તેમ એકદમ જલદીથી કાર્ય કરવાનું હોવાથી મંત્રીઓએ આમંત્રણ પત્રિકાઓ તાકીદે રવાને કરવી શરૂ કરી.

રાજાની આજ્ઞાથી શિલ્પ શાસ્ત્રીઓ અને નિપુણ કારિગરોને સ્વયંવરમંડપ તૈયાર કરવાની તાકીદે સૂચના હોવાથી તેમણે સ્વયંવર મંડપની રચના શરૂ કરી. અનેક હોશીયાર કારિગરોએ છેલ્લામાં છેલ્લી પદ્ધતિ પ્રમાણે સ્વયંવરમંડપ તૈયાર કરવા માંડ્યો ને નાનામોટા રાજાઓના ઉતારા માટે તેમની યોગ્યતા પ્રમાણે મંત્રીઓએ વ્યવસ્થા કરવા માંડી. સારૂંય કાશીનગર જાગૃતમય બની ગયું.

કાશીનરેશને કંઈક યાદ આવવાથી મંત્રીને બોલાવી પૂછ્યું. “મંત્રીશ્વર! તમારી આમંત્રણ પત્રિકાઓ દરેક રાજ્યોને મોકલાઈ કે નહિ. એ વાત ધ્યાનમાં રાખજો. હસ્તીનાપુર આમંત્રણ પત્રિકા ન મોકલી હોય તો મોકલતા નહિ. સમજ્યાને?”

“કેમ બાપુ? તે આમંત્રણપત્રિકા તો તૈયાર થઈ ગઈ છે ને આજેજ તે રવાને કરવાની હતી. ત્યાં તો આપે

કંઈક અજબ ધડાકો કર્યો. નહિ મોકલવાનું કારણ મહારાજ?" મંત્રીએ પૂછ્યું.

"એમની જાતિ બરાબર નથી જણાતી. તમને ખબર નથી શું? હસ્તીનાપુરની ગાદી ઉપર અત્યારે તો પેલી નાવિક કન્યા સત્યવતીનો પુત્ર બેઠો છે તે! એકને તો પેલા નીલાંગદે મારી નાખ્યો ને બીજો એનો ભાઈ?"

બરાબર છે ત્યારે એવા કુલહીણાને આમંત્રણ મોકલી આપણા રાજ્યને શા માટે લજવીયે?" રાજાની વાત સાંભળી મંત્રીએ હામાં હા મેળવી દીધી. "આપે ચેતવણી આપી તે સારૂં કર્યું."

"બાપુ! આ કાંઈ ઠીક થતું નથી. આમંત્રણપત્રિકા મોકલવામાં શું વાંધો છે? પત્રિકા મોકલવા માત્રથી કાંઈ આપણી કન્યા એને મલી જતી નથી. અનેક રાજાઓની માફક એ પણ ભલે આવે! કન્યા તો જેના ભાગ્યમાં હશે તેનેજ મલશે. વિધિના લેખ હશે તેમજ બનશે." બીજા એક મંત્રીએ અભિપ્રાય આપ્યો.

વિદ્વાનોની સભામાં મુર્ખોની માફક સિંહના માંડલામાં એવા એ હીનજાતિ શિયાળવાનું કામ શું? મંત્રી તમે મંત્રી થયા છતાં તમારી મતિ તો ચાલતી નથી. અનેક કુળવાન રાજાઓ એવા કુળહીણાને જોઈ લજાય નહિ કે?"

રાજાનો અભિપ્રાય જાણી મંત્રી વિચારમાં પડયો. "પણ બાપુ! એથી તો વિરોધ જાગશે. કંકોત્રી ન મોકલવાથી પોતાનું અપમાન થયું સમજી તે કોઈ વખતે એનો

હિસાબ માગશે ત્યારે નાહક ક્લેશ ઉભો થશે."

"તો એ શિયાળવું શું કરશે આ વનરાજ શું જોયા કરશે. હિસાબ માગતા પહેલાં તો એ રણમાં રોળાઈ જશે. ખાનાખરાબ થઈ જશે." મગરૂરીથી કાશીરાજ ઘુરકયા.

"પણ દેવ! ભીષ્મ જેવા સાથે આપણે નાહક વેર શા માટે બાંધવું. ભારતવર્ષ ઉપર આજે એના જેવો ધનુ-ધારી બીજો કોણ છે એ ભૂલશો નહિ. બાપુ! મહા બલવાન નીલાંગદને જેણે હમણાંજ મારી નાખ્યો છે એ યાદ છે ને?" મંત્રીએ રાજાને શિખામણ આપી.

"તેથી શું? તને એની ભીતિ લાગે છે. પણ હું કાંઈ નીલાંગદ નથી સમજ્યો? એ ભલે પોતાને કેશરીસિંહ સમાન સમજે પણ અષ્ટાપદ[1] આગળ કેશરીસિંહનું ગજુ શું?"

રાજા વીરસેનની વીરરસ ભરેલી વાણી સાંભળી ડાહ્યો મંત્રી મનમાં સમસમતો મૌન થઈ ગયો. "જેવી આપની મરજી દેવ?"

સત્તા, વૈભવ અને ઐશ્વર્યના મોહમાં મુંઝાઈ ગયેલો આત્મા બીજાના અછતા દોષોને પણ ખુબ મોટા દુર્ગુણ-રૂપે જુએ છે. ને એ મોહમુગ્ધ[2] એવી તો ભુલો કરી નાખે છે કે વિધિ જ્યારે એને થાપડ લગાવે છે ત્યારે જ એવા અભિમાનીની બુદ્ધિ ઠેકાણે આવે છે અને પછી પસ્તાવો થાય તોય શું?

---

૧ આઠ પગવાળુ ભયંકર શિકારી જાનવર. ૨ અજ્ઞાની

સારાય ભારતવર્ષ ઉપર કાશીનરેશના સ્વયંવરની બીના જાહેર થઈ ગઈ. આમંત્રણપત્રિકા ન મોકલવા છતાં હસ્તીનાપુરપતિ ભીષ્મને પણ દુત માર્ફતે એ સમાચાર મલી ગયા. કાશી રાજાએ કરેલા અપમાનનું ફલ તેને પુરેપુરૂ બતાવવાને તે તૈયાર થઇ ગયા. માણસ શું ઇચ્છે છે ત્યારે વિધિ કાંઇ જુદુજ વેતરે છે એ તો જાણો છોને?

પ્રકરણ ૧૮ મું.

અપહરણ

વાંચે વિધિના લેખ, નજુમી કોણ એવો છે?
ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે?

સ્વયંવરની અલૌકિક રચનાથી તેમજ અનેક રમણીય અને સુંદર સભાગૃહો—આવાસોથી કાશી સ્વર્ગની શોભાને ધારણ કરનાર ભપકાદાર નગર બની ગયું હતું. આજે સ્વયંવરનો દિવસ હોવાથી મનોહર મંડપમાં અનેક રાજાઓ અને રાજકુમારો પોતપોતાના આસનને શોભાવી રહ્યા હતા. હીરા, માણેક, મોતી, પન્ના આદિ ઝવાહીરથી ઝગઝગાયમાન રાજવીઓ એકબીજાની સુંદરતાને જીતવાનો પ્રયત્ન કરતા મનમાં પોતપોતાને સર્વાંગ સુંદર સમજી રહ્યા હતા. પોતપોતાના રૂપને સુંદર માનતા એ ગર્વિષ્ઠ રાજવીઓએ કન્યાના મનનું આકર્ષણ કરવાને ખુબ ટાપ-ટીપ કરવામાં જરાય ખામી રહેવા દીધી નહોતી. કન્યા પોતાનેજ વરશે એવા હેતુથી તેઓ મનને આનંદમાં

તળબોળ બનાવી દેતા હતા. ને મુછ પર હાથ નાખતા રાજકુમારીના આગમનના માર્ગને નિરખી રહ્યા હતા.

રાજાઓ અને રાજકુમારોથી સ્વયંવરમંડપ ચિકાર ભરાઈ ગયો હતો. રાજા મંત્રીઓ અને રાજના મોટા માન્યવંત પુરૂષો અત્યારે પોતપોતાના સ્થાનકે ગોઠવાઈ ગયેલા હતા. કાશીરાજ વીરસેનની ત્રણે રાજબાળાઓના આવવાની જ માત્ર હવે વાર હતી. હજારો આતુર નયનો એ રૂપરાશિને જોવાને આતુર થઈ રહ્યાં છતાં આમતેમ ભમી રહ્યાં હતાં ને હૈયાં હરખી રહ્યાં હતાં કે અલ્પ સમયમાં જ હવે રાજબાળાઓ મંડપમાં આવશે.

અનેક સખીઓ—દાસીઓના પરિવારવાળી ત્રણે રાજબાળાઓ ગજગામિનીની માફક મંદમંદ ડગલાં ભરતી મનોહર વસ્ત્ર આભૂષણ અને અલંકારથી સજ્જ થયેલી મંડપમાં આવી પહોંચી. સભામંડપમાં પ્રવેશ કરતાંની સાથે મંડપમાં અપૂર્વ શાંતિ પ્રસરી. હજારોરૂપ તરસ્યા નયનો એ ત્રણે બાળાઓને નિરખી એમના સૌંદર્યનું પાન કરવા લાગ્યાં. એ સુંદર રૂપરાશિને જોતાં જ એમનાં નયન ત્યાં સ્થિર થઈ ગયાં ને અનેક પ્રકારની ચેષ્ટાઓ કરતા તેઓ મનમાં કંઈકંઈ હવાઈ કિલ્લા બાંધવા લાગ્યા.

બંસી—મોરલીના મધુરતાભર્યા અવાજથી જેમ નાગરાજ ડોલાયમાન થાય. મેઘના ગર્જારવથી જેમ હર્ષવાન થયેલા મયુરોનાં હૈયાં થનથને, અથવા તો ચંદ્રના આનંદદાયક શિતલ પ્રકાશથી ચકોર ચકોરીનું હૈયું આનંદરસથી ડોલાયમાન થાય તેવી રીતે મંડપમાં બીરાજેલા રાજવીઓના

હૃદયો એ રૂપને જોતાં જ ડોલાયમાન થવા લાગ્યાં. કારણ કે આશાને વશ પડેલા રાજવીઓની આશાને પણ કાંઈ મર્યાદા તો હતી જ નહિ?

મંદમંદ ડગલાં ભરતી અને અન્યને ક્ષોભ ઉત્પન્ન થાય એવી ચાલે ચાલતી રાજબાળાઓ સ્વયંવરના મધ્ય ભાગે આવી તેમણે પ્રથમ મંડપમાં બીરાજેલા અનેક રાજવીઓને નિરખી લીધા. ઝીણી નજરે નિહાળતી ને એમના હૈયાનું માપ કાઢતી રાજબાળા વરમાળને પોતાના નાજુક હસ્તકથી શોભાવતી ઉત્સુક હૃદયે અવલોકન[1] કરવા લાગી. "ઉપરથી ઝળહળી રહેલા અને સુંદર દેખાતા આ રાજવીઓનું ખાનગી જીવન કેવું હશે એ તો જ્ઞાની જાણે!"

અંબા રાજકુમારી સૌની આગળ હતી એની સાથે અંબિકા ને અંબાલિકા કુમારી પણ હતાં. છતાં વરને પસંદ કરવાનું કામ મોટાં રાજકુમારી અંબાકુમારીનું હતું. અંબાની વરમાળ જ્યાં ઠરે ત્યાં બીજી બન્નેની વરમાળ પણ પડવાની હતી. કોણ જાણે છે કે આ અનેક રાજવીઓમાં ત્રણે કન્યાઓને વરવાનું સૌભાગ્ય કોનું હશે? જો કે રાજબાળા એકજ વરને વરવાની છે છતાં અનેક રાજવીઓ એમને વરવાના મનોરથ સેવી રહ્યા છે અરે! વિધિનાં નખરાં પણ જગતમાં ગજબ નથી શું?

ભારતવર્ષના વર્ત્તમાન કાલના દરેક રાજવીઓના ચરિત્રને જાણનારી એક વિદુષી પંડિતા રાજકુમારી અંબાની સાથે ચાલતી હતી, તે અંબાકુમારીને દરેક રાજવીઓની

---

૧ જોવા.

ઓળખાણુ કરાવતી ગઇ. તેમતેમ અંબાકુમારીએ રાજવીનો ત્યાગ કરી આગળ ચાલતી ગઈ. જે જે રાજવીને છોડી અંબાકુમારી આગળ જતી ગઈ તે તે રાજવીઓની નિરાશાનો તે કાંઇ પાર ? ઘડીક પહેલાં આશા અને સુંદરતામાં લચી પડેલા રાજવીઓની દશા અને દીવેલીયું પીધા જેવાં એમનાં ડાચાં જોઇ કોને દયા નહિ આવે ?

ઇચ્છાઓ કરવી, અનેક પ્રકારના હવાઈ ખ્યાલો બાંધવા એ માનવીની મરજીની વાત છે એ ઇચ્છાઓને સફલ કરવા તે અનેક પ્રકારના શકય પ્રયત્ન પણુ કરી શકે છે છતાંય ઇચ્છાઓ પૂર્ણ થવી એ વાત માનવીને સ્વાધિન તો નથી એ તો વિધિને હાથ છે. અનેક પ્રકારના પ્રયત્નો છતાં ફલ નજરે જોવા છતાં પણુ માનવી જીતેલી બાજી હારી જતો નથી શું ? જ્યારે સ્વપ્ને પણુ ખ્યાલ ન હોય એવી અણુધારી બીજી વ્યક્તિને અચાનક લાભ મલી જાય છે માટે જગતમાં મનુષ્ય પ્રયત્ન કરતાં વિધિ હમેશાં બલવાન છે એ રખે કોઈ ભુલી જતા !

પંડિતા અનેક રાજવી અને રાજકુમારોના સ્વભાવ, ગુણુ, પરાક્રમ, દેશ અને રાજ્યલક્ષ્મી વગેરેનું વર્ણન કરતી ઠેઠ છેલ્લા રાજવી સુધી પસાર થઇ ગઈ ને સાથેસાથે અંબાકુમારી પણુ ! છતાંય ભાગ્યયોગે વરમાળ કોઈનાય ગળામાં પડી નહિ. જે જે રાજવી પાસે રાજબાળા આવતી ત્યારે તે રાજવી ફુલાતો, અનેક પ્રકારની આકર્ષક ચેષ્ટાઓ કરતો નમ્ર હાવભાવ કરી રાજબાળાને આંજી નાખવા પ્રયત્ન કરતો છતાં કર્મસંયોગે રાજબાળાનું હૃદય કોઇ જીતી શકયું

નહિ ને રાજબાળા એને છોડીને જ્યારે આગળ જતી ત્યારે તે પારાવાર[1] નિરાશ થતો હતો. " અરે ! નિર્દય વિધિ?"

પંડિતા પણ વર્ણન કરતાં છેલ્લા રાજવી પાસે આવી પહોંચી. છતાંય રાજકુમારીની વરમાળ એના હાથમાંજ રહી ગઈ. વરમાળ એમનેએમ એના કોમળ હસ્તમાં રહેવાથી રાજા અને રાજકુમારો પણ ઝંખવાઇ ગયા. " એક-બીજાથી અધિક શોભાયમાન છતાં આટલા બધા રાજવીમાંથી અને કોઈપણ પસંદ ન પડયો શું ?"

પંડિતા પણ વર્ણન કરતાં કરતાં કંટાળી ગઈ, હતાશ થઇ બોલી. " રાજબાળા ! આ શું ? આ બધા પરાક્રમીને મોટા ભાગ્યવાળા છે. શા માટે એમનો અનાદર કરો છો ? ગમે તે એકને વરમાળ પહેરાવો ? સ્વયંવરને સફલ—સાર્થક બનાવો ? "

અંબાકુમારીએ નિશ્વાસ નાખ્યો. " શું કરૂં ? હૃદય કાંઈ ઉત્સાહ ધરતું નથી. "

" કારણ ? "

" કારણ તો હું પણ જાણુતી નથી બેન ? "

" મનને સમજાવો ! "

" એ શી રીતે બને ? "

" બનાવવું પડશે નહિતર જાણો છો કાંઇ ? "

" શું ? "

" મંડપ રણભૂમિ બની જશે. રાજાઓ ઉત્પાત મચાવશે. "

---

૧ ખુબ.

" જેવી ભવિતવ્યતા ? " બાળાએ નિશ્વાસ નાખ્યો હતાશ થઈ.

" નિરાશ શા માટે થાઓ છો ? "

" મનને પરાણે મનાવા કરતાં હું તો દીક્ષા લઇશ. "

રાજકુમારીની વાત સાંભળી પંડિતા આશ્ચર્ય પામી રાજવીઓ પણ ઉંચાનીચા થવા લાગ્યા. એમના અધરોષ્ઠ કંઈકંઈ બોલવાને ફરકી રહ્યા. " કાશી રાજાએ અમારી લાજ લેવા ધારી છે શું ? "

આ બધી ઘટનાને જોનારો એક વીર પુરૂષ અત્યાર સુધી ગુપ્ત વેષે ત્યાં ઉભો હતો. સમય અનુકૂળ જાણી એ બળવાન નર પોતાના સ્થાનકેથી કુદ્યો ને એ ત્રણે રાજબાળાઓની પાસે હાજર થયો, એ ભવ્ય અને પ્રતાપી પુરૂષ શ્રેષ્ઠને જોઈ બાળાઓ પણ એકદમ ક્ષોભ પામી ગઈ. ને સ્તબ્ધ બનેલા અનેક રાજવીઓને જોતેજોતે એ બળવાન પુરૂષ ત્રણે રાજબાળાઓને ઉઠાવી અદૃશ્ય થઈ ગયો—ચાલતો થયો.

એક નિમેષ માત્રમાં આ બનાવ બની ગયો. રાજબાળાઓ વગરની શૂન્ય સ્વયંવર સભામાં હાહાકાર મચી રહ્યો. " પકડો ? પકડો ? "

" રહે આબાદ તું દિલબર, અને ખંજર, વફાદારી,
અરે ? પણ આમ કરવાથી, થવાનું શું હશે ભાવી ? "

—×—

ગ્રાહક થાઓ ? ? વાંચો. નામ નોંધાવો.

જડવાદના ખુબ આકર્ષણથી અત્યારે સમાજમાંથ ધર્મભાવના અને નિતિભાવના ધીરેધીરે નાશ પામતી જા છે એ ભાવનાને સમાજના જીવનમાં વૃદ્ધિ પામે ને જ્ઞા તેમજ ક્રિયા તરફ રૂચિ ઉત્પન્ન થાય તે માટે આ સંસ્થ જૈન ઐતિહાસિક તેમજ નિતિવર્ધક પુસ્તકો પ્રગટ કરે જે પુસ્તકોનો લાભ જૈન અને જૈનેતર દરેક બંધુ લ શકે તેવો ઉદ્દેશ ધ્યાનમાં રાખીનેજ આ સંસ્થા પુસ્તકે પ્રગટ કરશે.

આ પ્રથમ પુસ્તક બહાર પડયા પછી તરતજ આ સંસ્થા તરફથી બીજુ પુસ્તક 'પ્રતિજ્ઞા અને તેનું ફલ એ નામનું બહાર પડશે તેમજ 'ભીષ્મ પ્રતિજ્ઞા'નો બીજ ભાગ પણ થોડા વખતમાં છપાઈને બહાર પડશે. આ સંસ્થા કંઈપણ કમાણીની આશા રાખ્યા વગર સમાજ ઐતિહાસિક અને નિતિને લગતું વાંચન લવાજમના હિસા પુરૂ પાડશે.

સંસ્થાના વાર્ષિક ગ્રાહક થવાનું લવાજમ માત્ર રૂ. ૧ રાખવામાં આવ્યું છે ટપાલ ખર્ચ મંગાવનારને શીર રહેશે ગ્રાહક થનારને સારો લાભ રહેશે માટે તાકીદે દરે ભાઈઓ પોતાનાં નામ નોંધાવે.

લી. પ્રકાશક :

જૈન સસ્તુ સાહિત્ય

ઠે. રતનપોળ ઉજમફઇની ધર્મશા

અમદાવાદ.

છપાય છે.

ભીષ્મ પ્રતિજ્ઞાનો બીજો ભાગ જેમ બને તેમ તાકીદે બહાર પાડવાનો છે. જેમાં ભીષ્મના પરાક્રમને લગતી મહાભારત સુધીની તમામ રસદાયક હકીકત આવશે. છેવટે રણસંગ્રામમાંજ ઘાયલ ભીષ્મનો ત્યાગ અને તેમના પરીવારને ઉપદેશ, છેવટે સ્વર્ગગમન વગેરે પ્રસંગો વાચકને ખુબ વૈરાગ્ય અને ધર્મના સંસ્કારો ઉત્પન્ન કરીને સત્યનું ભાન કરાવશે આ રસદાયક નવલકથાનું એથી વિશેષ વર્ણન શું કરીએ???

વાર્ષિક રૂ. ૬ના ગ્રાહક તરીકે આપનુ શુભ નામ તાકીદે નોંધાવો. જેથી સંસ્થામાં પ્રગટ થતાં પુસ્તક લવાજમના હીસાબે આપને ઘેર બેઠાં મળશે. પોસ્ટેજ મંગાવનારને શીર રહેશે. **વહેલો તે પહેલો!!!**

જૈન સસ્તુ સાહિત્ય

ઠે. રતનપોળ ઉજમફઈની ધર્મશાળા

અમદાવાદ.

એલાયન્સ પ્રિન્ટરી, અમદાવાદ.